દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 47 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 February 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કેરળનું નામ હવે કેરલમ

## રાજ્ય સરકારની ભલામણને કેન્દ્રીય પ્રધાનમંડળે આપી મંજૂરી

**કેરળ રાજ્ય વિધાનસભાના મંતવ્યો પ્રાપ્ત થયા પછી ભારત સરકાર આગળની કાર્યવાહી કરશે**

નવી દિલ્હીઃ કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાના રાજ્ય સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. નોંધનીય છે કે કેરળમાં એપ્રિલ અને મે મહિના દરમિયાન વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. એવામાં સરકારના આ નિર્ણયને ખૂબ મહત્વનો માનવામાં આવી રહ્યો છે. કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે મંગળવારે આ જાણકારી આપી હતી.

નોંધનીય છે કે કેરળ વિધાનસભાએ ૨૪ જૂન, ૨૦૨૪ના રોજ સર્વાનુમતે એક પ્રસ્તાવ પસાર કર્યો હતો, જેમાં કેન્દ્ર સરકારને કેરળનું નામ સત્તાવાર રીતે 'કેરલમ' કરવા વિનંતી કરવામાં આવી હતી. મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળે કેરળનું નામ બદલીને કેરલમ કરવા માટે વિધાનસભા દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી પછી ભારતના રાષ્ટ્રપતિ કેરળ (અલ્ટરેશન ઓફ નેમ) બિલ, ૨૦૨૬ નામના એક બિલને ભારતના બંધારણના અનુચ્છેદ ૩ ની જોગવાઈ હેઠળ પોતાના વિચારો વ્યક્ત કરવા માટે કેરળ રાજ્ય વિધાનસભાને મોકલશે. કેરળ રાજ્ય વિધાનસભાના મંતવ્યો પ્રાપ્ત થયા પછી ભારત સરકાર આગળની કાર્યવાહી કરશે અને સંસદમાં 'કેરળ' રાજ્યનું નામ બદલીને 'કેરલમ' કરવા માટે આ બિલને રજૂ કરવા માટે

(જુઓ પાનું ૨) ▸▸

## સેવા તીર્થ હશે જનતાના સશક્તીકરણનું કેન્દ્ર

નવા પીએમઓ કોમ્પ્લેક્સસ્થિત સેવા તીર્થ ખાતે લેવામાં આવનારાં નિર્ણયો ૧૪૦ કરોડ દેશવાસીઓની સેવા તેમ જ તેમનાં હિતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે અને તેને રાષ્ટ્રનિર્માણના વ્યાપક લક્ષ્ય સાથે જોડવામાં આવશે. બંધારણીય મૂલ્યો સુચારુ વહીવટને જોડતી નૈતિક પ્રતિબદ્ધતા હશે જે દેશના પ્રત્યેક નાગરિકને ગૌરવ, સમાનતા અને ન્યાય અપાવશે એવો સેવા સંકલ્પ કેબિનેટે લીધો હતો. સેવા તીર્થ ખાતે ગઈ કાલે સૌપ્રથમ મીટિંગ યોજાઈ હતી અને નાગરિક દેવો ભવના મંત્ર સાથે પ્રધાનમંડળે એવો નિર્ધાર કર્યો હતો કે સેવા તીર્થ શક્તિપ્રદર્શનનું કેન્દ્ર નહીં હોય પણ પ્રજાના સશક્તીકરણનું કેન્દ્ર હશે. ■

## ૧૦૭૧ કરોડ રૂપિયાને ખર્ચે ગિફ્ટ સિટી - શાહપુર મેટ્રોને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)


અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય પ્રધાનમંડળની બેઠકમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના હાલના નોર્થ-સાઉથ કોરિડોરના અમદાવાદ મેટ્રોના ૧,૦૧૭ કરોડ રૂપિયાના ફેઝ ટૂ-બી પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી. આમાં ગિફ્ટ સિટીથી શાહપુર સુધી મેટ્રો રેલ લાઇનનું વિસ્તરણ કરવાની જોગવાઈ છે. આ પ્રોજેક્ટમાં અમદાવાદ મેટ્રોના ઉત્તર-દક્ષિણ કોરિડોરનું વિસ્તરણ સામેલ છે અને તેનો હેતુ અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે કનેક્ટિવિટીને વધુ

(જુઓ પાનું ૨) ▸▸

**તમે હો રણવીર સિંહ કે બીજું કોઈ...**

## એકેય સુપરસ્ટાર કાયદાથી પર તો નથી જઃ હાઈ કોર્ટ

**'કાંતારા' વિવાદ મામલે કર્ણાટક વડી અદાલતે રણવીર સિંહને બરાબરનો ખખડાવ્યો**



બેંગલુરુઃ ગોવામાં યોજાયેલા ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા (આઈએફએફઆઈ) દરમિયાન ''કાંતારા ચેપ્ટર-૧'' અંગે બોલિવૂડ અભિનેતા રણવીર સિંહના નિવેદન અને ફિલ્મમાં ઋષભ શેટ્ટીના પાત્રની નકલ કરવાથી મોટો વિવાદ થયો હતો. હવે આ મામલે સુનાવણી કરતા કર્ણાટક હાઇકોર્ટે અભિનેતા રણવીર સિંહને ઠપકો આપતા કહ્યું કે તમે રણવીર સિંહ હોય કે અન્ય કોઈ, સુપરસ્ટાર કાયદાથી ઉપર નથી. હાઇકોર્ટે સરકારને રણવીર સિંહ સામે કોઈ દંડાત્મક કાર્યવાહી ન કરવાના પણ નિર્દેશ આપ્યા હતા. જોકે અભિનેતાને તપાસમાં સહયોગ કરવાના પણ નિર્દેશ આપ્યા હતા.

એક રિપોર્ટ અનુસાર, કર્ણાટક હાઇકોર્ટે સરકાર અને પ્રતિવાદીઓને કેસમાં વાંધો દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે અને સુનાવણી બીજી માર્ચ સુધી મુલતવી રાખી હતી. જસ્ટિસ એમ. નાગપ્રસન્નાએ મંગળવારે રણવીર સિંહ સામે કડક વલણ અપનાવતા કહ્યું હતું કે સેલિબ્રિટીનો દરજ્જો કોઈને ધાર્મિક માન્યતાઓની મજાક ઉડાવવાનો અધિકાર આપતો નથી. કોર્ટે બીજી માર્ચ સુધી રણવીરની ધરપકડ પર રોક લગાવી હતી. કોર્ટે રણવીર સિંહના નિવેદનની ટીકા કરી હતી. કોર્ટે કહ્યું હતું કે તમે રણવીર સિંહ હોય કે બીજું કોઈ, તમે આટલી બેદરકારીથી

(જુઓ પાનું ૨) ▸▸

## આંતરધર્મીય લિવ-ઈન કાયદેસરઃ કોર્ટ

નવી દિલ્હીઃ અલહાબાદ હાઈ કોર્ટે એક મોટી ટિપ્પણીમાં સોમવારે કહ્યું હતું કે બે અલગ ધર્મનું દંપતી બે વયસ્ક વ્યક્તિનું બનેલું છે અને એ સાથે રહેવાનું નક્કી કરે છે તો ઉત્તર પ્રદેશ ધર્માંતરવિરોધી કાયદો તેમને એમ કરવા પર પ્રતિબંધ કે તેમના આંતરધર્મ લગ્ન પર બંદી મૂકી શકતો નથી. અલગ ધર્મવાળા દંપતી લિવ ઈન રિલેશનશિપ પરની અનેક પિટિશિનને સાંભળતા જસ્ટિસ વિવેક કુમાર સિંહે કહ્યું હતું કે કોઈ વ્યક્તિ સાથે રહેવાની પસંદગી કરવા એ તેમના ધર્મને ધ્યાનમાં લીધા વગરનો બંધારણીય અધિકાર છે. જસ્ટિસ વિવેક કુમાર સિંહે કહ્યું હતું કે પોતાની પસંદગીની વ્યક્તિ સાથે રહેવું એ તેને જે ધર્મ અંગીકાર કર્યો હોય એને ધ્યાનમાં લીધા વગરનો જીવન જીવવાનો અને વ્યક્તિગત સ્વતંત્રતાની અન્તર્ગતનો અધિકાર છે. વ્યક્તિગત સંબંધોમાં દરમિયાનગીરી એ બે વ્યક્તિની પસંદગીની સ્વતંત્રતાના અધિકાર પરના અતિક્રમણ જેવી છે. જસ્ટિસ સિંહે વધુમાં ટિપ્પણી કરી હતી કે આંતર ધર્મીય મેરેજમાં અદાલતો તેને હિન્દુ કે મુસ્લિમ તરીકે જોતી નથી. અદાલતો આને બે વયસ્કો તેમની મુક્ત ઈચ્છા અને પસંદગીના આધારે વર્તી રહ્યા છે એમ જુએ છે. જો સજાતીય લોકોને સાથે રહેવાનો કાયદો પરવાનગી આપતો હોય તો વિજાતીય લોકોના સાથે રહેવા પર કોઈ વ્યક્તિ, કુટુંબ કે સરકાર વાંધો ન ઉઠાવી શકે. કોર્ટે બાર અરજદારોને રાહત આપી હતી. ■



**રમતું કાશ્મીરઃ** આતંકવાદના ઓછાયામાં બુલેટ અને બોમ્બ સાથે સતત ખેલ કરતા કાશ્મીરમાં ૩૭૦મી કલમને અલવિદા કરાયા બાદ હવે ખરા અર્થમાં ખેલકૂદ થાય છે. આનો પુરાવો છે અત્યારે બારામુલ્લા જિલ્લાના ગુલમર્ગમાં ચાલી રહેલી બીજી ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સ ૨૦૨૬. કેન્દ્રીય યુવા બાબતો અને ખેલકૂદ મંત્રાલય દ્વારા યોજાતી આ સ્પર્ધામાં ૧૨૦૦થી વધુ એથ્લીટો આ વખતે ભાગ લઈ રહ્યા છે. (એજન્સી)

## સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો કડાકો

### માર્કેટ કેપિટલાઈઝેશનમાં ૩.૫૫ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એઆઇને કારણે થતાં વિક્ષેપ અને વૈશ્વિક વેપાર સંદર્ભની અનિશ્ચિતતાને કારણે નબળા પડેલા ગ્લોબલ ઇક્વિટી માર્કેટ સાથે ખાસ કરીને આઇટી શૅરોમાં થયેલા જોરદાર ધોવાણ પાછળ મંગળવારે સ્થાનિક ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી વધુ કડાકો બોલી ગયો હતો.બજારનાં સાધનો અનુસાર વિશ્વબજારના સુસ્ત સંકેત, અમેરિકા-ઈરાન તણાવમાં વધારો અને ગ્લોબલ ક્રૂડ ઑઇલના ભાવમાં વધારો થવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી. આઇટીની સાથે બૅન્ક અને ઓટો શૅરોમાં પણ મોટું ધોવાણ જોવા મળ્યું હતું. સત્ર દરમિયાન ૧૩૦૦ પોઇન્ટ જેટલા નીચા સ્તરે પટકાયા બાદ અંતે સેન્સેક્સ ૧,૦૬૮.૭૪ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા ઘટીને ૮૨,૨૨૫.૯૨ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૨૮૮.૩૫ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા ઘટીને ૨૫,૪૨૪.૬૫ પર બંધ થયો હતો.

આ ભારે ધબડકાથી રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૩.૫૫ લાખ

(જુઓ પાનું ૨) ▸▸

## આંદામાનમાં હેલિકૉપ્ટર તૂટી પડ્યુંઃ તમામ સાત પ્રવાસીને બચાવાયા

પોર્ટ બ્લેરઃ આંદામાન અને નિકોબાર ટાપુઓના માયાબંદર નજીક ગઈ કાલે એક હેલિકૉપ્ટર દરિયામાં તૂટી પડ્યું હતું. ક્રેશના તુરંત બાદ રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. હેલિકોપ્ટરમાં સવાર તમામ સાત લોકોને બચાવી લેવાયા હતા. અહેવાલ મુજબ ક્રેશ થયેલું હેલિકોપ્ટરનું સંચાલન ભારત સરકારની કંપની પવન હંસ દ્વારા કરવામાં આવી રહ્યું હતું. હેલિકોપ્ટર સવારે ૮.૪૫ વાગ્યે શ્રી વિજયા પુરમથી ઊડ્યું હતું અને ઉત્તર અને મધ્ય આંદામાન જિલ્લામાં માયાબંદર પહોંચવાનું હતું.

## 'સર' માટેના દસ્તાવેજોમાંથી આધારની બાદબાકી નહીંઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી લોકપ્રતિનિધિ ધારામાં આધાર કાર્ડને ઓળખાણનો પુરાવો ગણવામાં આવે છે ત્યાં સુધી અમારી પાસે કાયદાનું અનુસરણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. સુપ્રીમ કોર્ટે મંગળવારે મતદારયાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (ખાસ સઘન સમીક્ષા, સર)માં આધાર કાર્ડને એક દસ્તાવેજ તરીકે સામેલ કરવાના સપ્ટેમ્બર ૨૦૨૫ના હુકમને બદલવાની ના પાડી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે બાર આંકડાના યુનિક આઈડેન્ટિટી નંબરને લોકપ્રતિનિધિત્વ ધારો ઓળખનો પુરાવો ગણાવે છે.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે અરજદાર-ઍડવોકેટ અશ્વિની કુમારને સરહદી વિસ્તારોમાં આધાર કાર્ડને ઔદ્યોગિક સ્કેલમાં છાપવામાં આવે છે એવી આશંકાને કેન્દ્ર સરકાર સુધી લઈ જવાનું કહ્યું હતું.

સર્વોચ્ચ અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે લોકપ્રતિનિધિત્વ કાયદો-૧૯૫૦ની ૨૩મી કલમ નોંધે છે કે કોઈ પણ વ્યક્તિ ઈલેકટરલ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત સહિતના દેશો પર માત્ર દસ ટકા અમેરિકી ટૅરિફ અમલી

**ટ્રમ્પની જાહેરાત ભલે ૧૫ ટકાની હોય પણ હાલ તો દસ ટકાનો જ દર**

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલો નવો દસ ટકા વૈશ્વિક ટૅરિફ મંગળવારથી લાગુ થઈ હતી. અમેરિકાના કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શને તમામ આયાતો પર ૧૦ ટકા ટૅરિફ ડ્યૂટી લગાવી દીધી છે જે છૂટ હેઠળ આવતા નથી. જોકે આ દર અમેરિકાના ટ્રમ્પ દ્વારા અગાઉ આપવામાં આવેલા વચન અનુસાર ૧૫ ટકા ડ્યૂટી કરતા ઓછો છે.

નોંધનીય છે કે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પે ઈમર્જન્સી સત્તાઓનો ઉપયોગ કરીને લાદવામાં આવેલા અગાઉના ટૅરિફને ગેરકાયદે ગણાવ્યા હતા. ત્યારબાદ ટ્રમ્પે શુક્રવારે બધા દેશોમાંથી થતા આયાત પર ૧૦ ટકા વધારાના ટૅરિફની જાહેરાત કરી હતી. બીજા દિવસે ટ્રમ્પે આને ૧૫ ટકા સુધી વધારવાનો નિર્ણય લીધો હતો.

અમેરિકાના કસ્ટમની એક નોટિસમાં ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના ટ્રમ્પની જાહેરાત અંગે માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી જાણકારી આપવામાં આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે આયાત ૧૦ ટકાના એકસ્ટ્રા એન્ડ વેલોરમ રેટ''લાગશે. એક

(જુઓ પાનું ૨) ▸▸



**દેખ લે દુશ્મન ધ્યાન સે...:** રાજસ્થાનના બિકાનેરમાં ખડપ કોર્પ્સ દ્વારા ખડગ શક્તિ ૨૦૨૬ લશ્કરી કવાયત ચાલી રહી છે એ દરમ્યાન એક ધડાકો કરવામાં આવ્યો હતો. (એજન્સી)

## શર્ટલેસ દેખાવોના માસ્ટરમાઈન્ડ હતા રાહુલ ગાંધીઃ ભાજપ

નવી દિલ્હીઃ ભાજપે મંગળવારે આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધી ગયા અઠવાડિયે એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં કોંગ્રેસ યુવા પાંખના નગ્ન વિરોધના માસ્ટરમાઇન્ડ હતા અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કાયદાનો લાંબો હાથ ટૂંક સમયમાં એ બદમાશ વ્યક્તિ સુધી પહોંચશે જેણે પડદા પાછળથી ભારતને બદનામ કરવા માટે અરાજક ઘટનાનું આયોજન કર્યું હતું.

દિલ્હીની એક કોર્ટે એઆઈ ઇમ્પેક્ટ સમિટ સ્થળ પર શર્ટલેસ વિરોધ સંદર્ભે ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબને ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા બાદ આ વાત સામે આવી છે.

ભાજપ મુખ્યાલય ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા, પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા, ગૌરવ ભાટિયાએ આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધી આવી અરાજક ઘટનાનો મુખ્ય સૂત્રધાર છે, એક સુપર માસ્ટરમાઇન્ડ છે. રાહુલ ગાંધીના

(જુઓ પાનું ૨) ▸▸

## 'નીટ' મામલે દલીલઃ પિતાની હત્યા કરી શબના ટુકડા ડ્રમમાં ભર્યા દીકરાએ

લખનઊઃ લખનઊમાં ૨૧ વર્ષના યુવકે શુક્રવારે તેનાં પિતાની હત્યા કરી મૃતદેહના ટુકડા કરીને બ્લ્યુ રંગનાં ડ્રમમાં ભરી દીધા હોવાનું જણાવતાં પોલીસે કહ્યું હતું કે મેડિકલ એન્ટ્રન્સ એક્ઝામ 'નીટ' આપવાને મુદ્દે પિતા સાથે થયેલી દલીલને પગલે યુવકે આ અંતિમ પગલું લીધું હતું.

આરોપીને અક્ષત તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. અક્ષત બી.કોમનો વિદ્યાર્થી હતો અને 'નીટ' આપવાને મામલે પિતા સાથે અસહમત હતો, એમ નાયબ પોલીસ કમિશનર વિક્રાન્ત વીરે સમાચાર પત્રને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર માર્ચ ૨૦૨૫ના મેરઠ બ્લ્યુ ડ્રમ મર્ડર કેસમાંથી પ્રેરણા લઈને યુવકે આ ઘૃણાસ્પદ કૃત્ય આચર્યું હતું.

વર્ષ ૨૦૨૫માં મૂસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલ શુક્લાએ મહિલાના મર્ચન્ટ નેવી ઑફિસર પતિ સૌરભ રાજપૂત (ઉ.વ.૨૯)ની હત્યા કરી મોટા બ્લ્યુ ડ્રમમાં ભરતાં અગાઉ તેના શરીરનાં ૧૫ ટુકડા કર્યા હતા. લાશની દુર્ગંધ ન આવે તેમ જ ગુનો જલદી પકડાઈ

(જુઓ પાનું ૨) ▸▸

## આઉટસ્ટેન્ડિંગ રિટેલ લોન ૧૮ ટકા વધીને ૧૬૨ લાખ કરોડ રૂપિયા

મુંબઈઃ ડિસેમ્બર ક્વાર્ટરમાં બાકી છૂટક લોન (આઉટસ્ટેન્ડિંગ રિટેલ લોન)ની રકમ ૧૮.૧ ટકા વધીને ૧૬૨ લાખ કરોડ રૂપિયા પહોંચી ગઈ હતી. સોનાના ભાવમાં વધારો, તહેવારોની માગ અને જીએસટી દરમાં ઘટાડો થવાથી લોન વિતરણમાં વધારો થયો છે, મંગળવારે એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે.

ક્રેડિટ ઇન્ફર્મેશન કંપની સીઆરઆઈએફ હાઇ માર્કના આ રિપોર્ટ અનુસાર, ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૫ ક્વાર્ટર દરમિયાન છૂટક લોનનો સૌથી મોટો હિસ્સો ધરાવતા હાઉસિંગ લોન સેગમેન્ટ ૧૦.૫ ટકાના વધારા સાથે ૪૩ લાખ કરોડ રૂપિયા પહોંચી ગયું છે. ગોલ્ડના બદલામાં લોન એટલે કે ગોલ્ડ લોનમાં ૪૪.૧ ટકાનો તીવ્ર વધારો નોંધાયો હતો અને તેની બાકી લોન ૧૬.૨ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન વ્યક્તિગત બાકી લોનની રકમ ૧૧.૬

(જુઓ પાનું ૨) ▸▸

## કાર્નીની ભારત મુલાકાત પહેલા કૅનેડા તહવ્વૂર રાણાની નાગરિકતા રદ કરશે

ઓટાવાઃ કેનેડામાં સત્તા પરિવર્તન બાદ હવે ભારત સાથેના સંબંધોમાં સુધારો જોવા મળી રહ્યો છે. કૅનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની ૨૬ ફેબ્રુઆરીએ યોજાનારી ભારત મુલાકાત પહેલા કૅનેડા સરકારે એક મોટું પગલું ભર્યું છે. મુંબઈ ૨૬/૧૧ આતંકી હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વૂર હુસૈન રાણાની નાગરિકતા રદ કરવાની પ્રક્રિયા કૅનેડાએ શરૂ કરી દીધી છે. જસ્ટિન ટ્રુડોના શાસનકાળ દરમિયાન બંને દેશો વચ્ચે જે તણાવ ઊભો થયો હતો, તેને દૂર કરી નવી કાર્ની સરકાર હવે ભારતના વિશ્વાસ જીતવા માટે આ મહત્ત્વપૂર્ણ કાનૂની કાર્યવાહી કરી રહી હોય તેમ જણાય છે. કેનેડાના ઇમિગ્રેશન વિભાગ (આઈઆરસીસી) મુજબ, તહવ્વૂર રાણાએ ૨૦૦૧માં છેતરપિંડી કરીને કેનેડાની નાગરિકતા મેળવી હતી. ૬૫ વર્ષીય રાણા ૧૯૯૭માં કેનેડા ગયો હતો અને ૨૦૦૦માં નાગરિકતા માટે અરજી કરતી વખતે તેણે પોતાના રોકાણ વિશે ખોટી વિગતો આપી હતી. તપાસમાં સામે આવ્યું છે કે રાણાએ દાવો કર્યો હતો કે તે ઓટાવા અને ટોરોન્ટોમાં રહ્યો હતો, પરંતુ વાસ્તવમાં તે મોટાભાગનો સમય અમેરિકાના શિકાગોમાં વિતાવતો હતો. ■

## એન્જિન ખોટકાતા દિલ્હીથી લેહ જતા વિમાનનું ઈમર્જન્સી લેન્ડિંગ

નવી દિલ્હીઃ ઝારખંડમાં થયેલા પ્લેન ક્રેશની ઘટનાના સમાચાર વચ્ચે દિલ્હીથી લેહ જઈ રહેલા સ્પાઇસ જેટના એક વિમાન (બોઈંગ ૭૩૭)નું ગઈ કાલે દિલ્હી એરપોર્ટ પર ઇમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું. ઉડાન ભરતાની સાથે જ એન્જિનમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાઇ હતી અને તેના કારણે લેહ જવાને બદલે દિલ્હી એરપોર્ટ પર તેનું ઇમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. વિમાનમાં લગભગ ૧૫૦ જેટલા મુસાફરો સવાર હોવાની વિગતો છે.એન્જિન નંબર ૨ ફેઇલ થવાના કારણે ઈમર્જન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. લેન્ડિંગ બાદ મુસાફરો માટે મુસાફરીની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી શક્યતા છે. સ્પાઈસ જેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ટેકનિકલ ખામીના કારણે દિલ્હીથી લેહ જઈ રહેલા વિમાનને પરત બોલાવવું પડ્યું હતું. વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ થયું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઓસ્ટ્રેલિયામાંથી ભારતીયોને તગેડવાની ધમકી ગંભીર

**ગયા** વર્ષના ડિસેમ્બરમાં ન્યૂ ઝીલેન્ડમાં ઓકલેન્ડમાં સ્થાનિક લોકોએ શીખો રસ્તા પર ફરીને નગર કીર્તન કરે તેનો વિરોધ કર્યો એ ઘટનાએ ભારે ચર્ચા જગાવી હતી. શીખોને કીર્તનનો સંકેલો કરી લેવો પડ્યો હતો. ઓકલેન્ડની ઘટનાની પાછળ ડેસ્ટિની ચર્ચ નામનું સંગઠન હતું અને 'અપોસ્ટલ બિશપ' બ્રાયન તામાકી તેના પ્રમુખ છે. તામાકી સહિતના નેતાઓએ ખુલ્લી ધમકી આપેલી કે, ભારતીયો આ રીતે ધાર્મિક સરઘસો કાઢીને લોકોને પરેશાન કરે એવું નહીં ચાલે ને ન્યૂ ઝીલેન્ડને ભારત નહીં બનવા દેવાય. ભારતીયોનાં લખ્ખણ નહીં બદલાય તો તેમને દેશ છોડીને જવાની ફરજ પડાશે. આ ઘટનાના કારણે સવાલ પણ ઊભો થયો હતો કે, દુનિયાના બીજા દેશોમાં ભારતીયો અળખામણા બની રહ્યા છે કે શું?

હવે ઓસ્ટ્રેલિયામાં આ પ્રકારની જ ઘટના બની છે. બલ્કે ન્યૂ ઝીલેન્ડ કરતાં પણ વધારે ગંભીર ઘટના બની છે કેમ કે ઓસ્ટ્રેલિયાના કટ્ટરપંથી નેતા થોમસ સેવેલે ખુલ્લી ધમકી આપી છે કે, ભારતીયો દેશ છોડીને જતા રહે. નહિતર તેમની હાલત બગડી જશે. સેવેલના કહેવા પ્રમાણે ઓસ્ટ્રેલિયા ફક્ત ગોરાઓનો દેશ છે અને અમે નથી ઈચ્છતા કે ઓસ્ટ્રેલિયા ભારત અને સુદાન બને. સેવેલે ભારતીયોને નીચ લોકો ગણાવીને ભયંકર ઝેર ઓક્યું છે.

સેવેલના કહેવા પ્રમાણે, ઓસ્ટ્રેલિયા ધડાધડ ભારતીયો અને ખાસ કરીને પંજાબીઓને વિઝા આપી રહ્યું છે તેના કારણે ઓસ્ટ્રેલિયામાં ભારતીયોનો ખડકલો થઈ રહ્યો છે. ભારતીયોના કારણે આપણા દેશની ઓળખ જ ખતમ થઈ જશે. સેવેલના કહેવા પ્રમાણે, ઓસ્ટ્રેલિયામાં પંજાબી ૧૦મી સૌથી વધુ બોલાતી ભાષા બની ગઈ છે ને ભારતીયોને રોકવામાં નહીં આવે તો ભવિષ્યમાં અડધું ઓસ્ટ્રેલિયા પંજાબી બોલતું હશે. સેવેલે ઓસ્ટ્રેલિયામાંથી ભારત સહિતના દેશોનાં લોકોને તગેડી મૂકીને માત્ર ને માત્ર ગોરાઓને વસાવવાની તરફેણ પણ કરી છે.

ઓસ્ટ્રેલિયાની સરકારે સેવેલના નિવેદનને બકવાસ ગણાવીને ઓસ્ટ્રેલિયામાં રહેતા ૨ લાખથી વધુ પંજાબી શીખો અને ૧૦ લાખ ભારતીયોને સુરક્ષાની ખાતરી આપી છે. ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી ટોની બર્કે થોમસ સેવેલને ઓસ્ટ્રેલિયામાં જ્ઞાતિવાદ અને કટ્ટરપંથનો ચહેરો ગણાવીને તેની સામે સ્પષ્ટ કર્યું છે કે નવા હેટ સ્પીચ કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવાનું એલાન પણ કર્યું છે. સેવેલના સંગઠન નેશનલ સોશિયાલિસ્ટ નેટવર્ક પર ઓસ્ટ્રેલિયામાં પ્રતિબંધ છે. સેવેલ સામે ૨૫ જેટલા તો કેસ ચાલે છે. ગયા વર્ષે ભારતીય સહિતના વિદેશીઓના વિરોધ માટેના કાર્યક્રમમાં ઝેર ઓકવા બદલ સેવેલ સામે કેસ નોંધાયો છે. આ કેસની સુનાવણી માટે સેવેલ મેલબોર્ન કોર્ટમાં હાજર થયો હતો. કોર્ટમાંથી બહાર આવતી વખતે સેવેલે ભારતીયો સામે ઝેર ઓકી દીધું.

સેવેલનું સંગઠન બહુ મોટું નથી પણ તેની વિચારધારા ખતરનાક છે. માત્ર ૩૨ વર્ષનો સેવેલ હિટલરની વિચારધારામાં માને છે. હિટલરની વિચારધારામાં માનનારાંને નિયો નાઝી કહેવાય છે. હિટલર માનતો હતો કે, જર્મનીમાં રહેવાનો અધિકાર માત્ર ને માત્ર નાઝીઓને જ છે, બીજા કોઈને નહીં. યહૂદીઓની વસતી જર્મનીમાં નોંધપાત્ર હતી તેથી હિટલરે તેમનું નિકંદન કાઢવા માટે અમાનુષી અત્યાચારો કર્યા હતા. તેના કારણે બીજું વિશ્વ યુદ્ધ થયું ને તેનો અંત હિટલરના અંતમાં આવ્યો પણ હિટલરની વિચારધારા વિખ્યાત થઈ ગઈ. દુનિયામાં એ પછી ઘણા નેતાઓએ એ પ્રકારની વિચારધારા અપનાવીને સત્તા કબજે કરવા ફાંફાં મારી જોયાં. તેમાં ઈદી અમીન જેવા કેટલાક સફળ પણ થયા પણ લગભગ તમામનો અંત હિટલર જેવો જ આવ્યો. એ છતાં ઈતિહાસમાંથી કોઈ બોધપાઠ લેતું નથી ને હિટલરના રસ્તે ચાલનારા નમૂના પેદા થયા જ કરે છે.

સેવેલ પણ આવો જ નમૂનો છે અને પોતાને ગોરાઓના હકો માટે લડનારો નેતા ગણાવે છે. રસપ્રદ વાત એ છે કે, સેવેલ પોતે મૂળ ઓસ્ટ્રેલિયન નથી પણ ન્યૂ ઝીલેન્ડમાં જન્મેલો છે. આ કારણે જ ઓસ્ટ્રેલિયનોના બદલે ગોરાઓનો ઝંડો લઈને ઊભો થઈ ગયો છે.

ઓસ્ટ્રેલિયામાં ફક્ત ગોરા જ રહેવા જોઈએ એવો લવારો કર્યા કરે છે. સેવેલનું સંગઠન ૨૦૨૦માં સ્થપાયેલું. સેવેલ પહેલેથી સંગઠનમાં છે અને હિંસક હુમલા, નફરત ફેલાવતાં ભાષણો અને શાંતિ ડહોળવાના કેસોમાં વારંવાર જેલ જઈ ચૂક્યો છે. સેવેલ ખુલ્લેઆમ હિટલરના વખાણ કરે છે અને સરકારના વિરોધમાં હિટલરના ઝંડા લહેરાવે છે.

મીડિયા સેવેલને બહુ ગંભીરતાથી નથી લેતું તેથી સેવેલ મીડિયાને પણ ટાર્ગેટ કરતો રહે છે. ઓસ્ટ્રેલિયાનું મીડિયા સરકારનું પાલતુ હોવાનો ખુલ્લેઆમ આક્ષેપ કરનારા સેવેલે ૨૦૨૧માં મેલબોર્નમાં ચેનલ ૯ની ઓફિસ બહાર ભારે ધમાલ કરી હતી અને એને રોકનારા સિક્યોરિટી ગાર્ડને ફટકાર્યો હતો. તેનો વીડિયો વાઈરલ થતાં તેને ઉઠાવીને જેલમાં ધકેલી દેવાયો હતો. જેલમાંથી બહાર આવ્યા પછી થોડો સમય સેવેલ શાંત રહ્યો હતો પણ છેલ્લાં બે વર્ષથી તેણે ફરી ભારે ઉપાડો લીધો છે. ૨૦૨૫માં સેવેલે પોતાના સમર્થકો સાથે મળીને વિદેશીઓના કેમ્પ પર હુમલો કર્યો હતો. આ હુમલા બદલ સેવેલ સામે રમખાણો, હુમલા અને ચોરી સહિત લગભગ ૨૫ કેસ નોંધવામાં આવ્યા હતા. સેવેલે એ પછી વિક્ટોરિયા સ્ટેટનાં પ્રીમિયર જેસિન્ટા એલનની લાઇવ પ્રેસ કોન્ફરન્સમાં ઘૂસીને તોડફોડ કરી ચહતી અને જેસિન્ટા એલનને ગાળો આપી હતી. આ ઘટના પછી સેવેલના સંગઠન પર પ્રતિબંધ મૂકી દેવાયો અને ઓસ્ટ્રેલિયાની બેંકોએ સેવેલ અને તેની સંસ્થાના ખાતા ફ્રીઝ કરી દીધાં પણ ઓસ્ટ્રેલિયામાં સેવેલની વિચારધારાને માનનારો વર્ગ મદદ કર્યા કરે છે તેથી સેવેલની દુકાન ચાલ્યા કરે છે.

સેવેલના સંગઠનની તાકાત બહુ નથી પણ નાના નાના હુમલા કરવા માટે હજારો લોકોની જરૂર પડતી નથી, મુઠ્ઠીભર લોકો પણ ચાલે એ જોતાં ભારતીયોએ સેવેલની ધમકી પછી સતર્ક થઈ જવાની જરૂર છે.

ઓસ્ટ્રેલિયાની સરકારે ભારતીયોના રક્ષણની ખાતરી આપી છે પણ હુમલા થાય ત્યારે દરેક વખતે પોલીસ કે સરકાર હાજર હોતી નથી તેથી ભારતીયોએ સાવચેત થઈને રહેવું પડે. પોલીસ અને બીજી એજન્સીઓમાં પણ સેવેલ જેવી વિચારધારા ધરાવતા લોકો હશે જ તેથી સરકારના કહેવાથી જ ભારતીયોને સંપૂર્ણ સુરક્ષા મળી જશે એવું માનવાને પણ કારણ નથી.

સેવેલ લાંબા સમયથી સક્રિય છે તેથી ઓસ્ટ્રેલિયામાં રહેતા ભારતીયોને તેનાં લખ્ખણની ખબર જ હશે તેથી વધારે કહેવાની જરૂર નથી પણ આ ઘટનાને ભારતીયોએ પણ ગંભીરતાથી લેવી જરૂરી છે. અમેરિકા સહિતના ગોરાઓના ઘણા દેશોમાં સેવેલ જેવા ભારતીય વિરોધી માહોલ પેદા કરનારા નમૂના સક્રિય છે. તેમને એમ જ લાગે છે કે, ભારતીયો અહીં આવીને બધું કબજે કરી રહ્યા છે. એ લોકો આ ઝેર બીજાંના માનસમાં ભરવા માટે મથે જ છે ને તેમાં તેમને સફળતા પણ મળી રહી છે. એ જોતાં ભવિષ્યમાં આ બધા દેશોમાં માહોલ ખરાબ થશે તેથી ભારતીયો વિદેશનો મોહ છોડે એ જરૂરી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૨૫–૨–૨૦૨૬, શ્રી હરિ જયંતી.

- ભારતીય દિનાંક ૬, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ–૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ –૯
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી બપોરે ક. ૧૩–૩૮ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રે ક. ૨૪–૫૪ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૮–૪૨ મધ્યરાત્રિ પછી ક. ૦૫–૫૪ (તા. ૨૬)
- ઓટઃ સવારે ક. ૧૧–૩૪, મધ્યરાત્રે ક. ૦૦–૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ નવમી, શ્રી હરિ જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ધ્રુવ દેવતાનું પૂજન, બ્રાહ્મીજીનું પૂજન, જાંબુનું વૃક્ષ વાવવું, સ્થિર પ્રકારના કાર્યો, સ્વામી નારાયણ મંદિરમાં હરજયંતી પૂજા, મુંડન કરાવવું નહીં. મંદિરોમાં પાટ–અભિષેક પૂજા, ધજા–કળશ પતાકા ચઢાવવી, નોકરી–વેપાર, દુકાન, દસ્તાવેજ, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, નામકરણ, દેવદર્શન.
- આચમનઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ બદ્‌નામીનો ભય ઊભો થાય, ચંદ્ર–બુધ ચતુષ્કોણ ખોટું બોલવાની આદત, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ ભીરુ સ્વભાવ, ચંદ્ર–મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર–બુધ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ, ચંદ્ર–મંગળ ત્રિકોણ (તા. ૨૬)
- ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–કુંભ, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત), વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## ભારતનો રશિયાનાં એસયુ-૫૭ યુદ્ધવિમાનો ખરીદવાનો વિચાર

નવી દિલ્હીઃ ઓપરેશન સિંદૂરના એક વર્ષ કરતાં પણ ઓછા સમય પછી, સંરક્ષણ કોરિડોરમાં એવી અટકળો ચાલી રહી છે કે ભારત વાયુસેનાની મારક ક્ષમતા વધારવા માટે પાંચમી પેઢીના રશિયાનાં ફાઇટર વિમાન, સુખોઈ એસયુ-૫૭ ખરીદવાનું વિચારી રહ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, જો ભારત આખરે આગળ વધવાનું નક્કી કરે તો વાયુસેના આવા ૪૦ જેટનો ઓર્ડર આપી શકે છે.

હવાઈ યુદ્ધ એક એવા યુગમાં પ્રવેશી ગયું છે જેમાં લડાઇ ક્ષમતાઓ નહીં, પણ શોધ મુખ્ય તફાવત પરિબળ હશે.

સુખોઈ એસયુ-૫૭ જેવા પાંચમી પેઢીના ફાઇટર એરક્રાફ્ટમાં ઉન્નત સ્ટીલ્થ ક્ષમતાઓ હોય છે જે દુશ્મન દળો દ્વારા શોધને મુશ્કેલ બનાવે છે.

પાંચમી પેઢીના ફાઇટર વિમાનમાં ઘણી સ્ટીલ્થ સુવિધાઓ હોય છે, જેમ કે રડારથી બચવા માટે આકાર આપવામાં આવતી એરફ્રેમ. આ ફ્રેમ્સ રડાર-શોષક સામગ્રીથી બનેલી હોય છે.આ અત્યાધુનિક વિમાનોમાં 'ઓછી અવલોકનક્ષમતા' અને અદ્યતન સેન્સર ફ્યુઝન અને સુપરક્રૂઝ ક્ષમતાઓ માટે વિશિષ્ટ શસ્ત્રો પણ છે.

## અરુણાચલ પ્રદેશમાં ચાર ગુજરાતી પ્રવાસીઓ વિરુદ્ધ કેસ દાખલ, રિસોર્ટમાં મચાવ્યો હતો હોબાળો

ઈટાનગરઃ અરુણાચલ પ્રદેશના દિબાંગ વેલી જિલ્લામાં એક રિસોર્ટમાં એક ગુજરાતી પ્રવાસી પરિવારના ચાર સભ્યો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે ૨૦ ફેબ્રુઆરીના રોજ દિબાંગ વેલીના એક રિસોર્ટમાં એક વિવાદ થયો હતો જેમાં ગેરવર્તણૂક, સુરક્ષા સંબંધિત ચિંતાઓ અને ડિજિટલ ગોપનીયતાના આરોપો લગાવવામાં આવ્યા હતા.

આરોપીઓની ઓળખ આસ્થા પટેલ, ધ્રુવ પટેલ, સ્મિતા પટેલ અને દેવેન્દ્ર કુમાર પટેલ તરીકે થઈ છે. તેમના પર બીએસએસની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ કલમો એક મહિલા પર હુમલો અથવા ગુનાહીત બળનો ઉપયોગ, અશ્લીલ કૃત્યો અને ગુનાહિત ધાકધમકી સાથે સંબંધિત છે. સાથે જ એસસી/એસટી (અત્યાચાર નિવારણ) કાયદાની જોગવાઈઓ પણ સામેલ છે.

આ કેસ અનિની પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે. સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં બે વ્યક્તિઓ રિસોર્ટના કર્મચારીઓને ગાળો આપતા અને ધમકાવતા જોવા મળી રહ્યા છે. તેઓએ ૧૮ ફેબ્રુઆરીએ રિસોર્ટમાં ચેક ઇન કર્યું હતું.

## અમેરિકા પર બીજું હિમતોફાન ત્રાટકવાનું

ન્યૂ યૉર્કઃ અમેરિકામાં મંગળવારે વાવાઝોડાને પગલે વિક્રમજનક હિમવર્ષા થઈ હતી જેને કારણે અનેક ફ્લાઈટ રદ કરવાની ફરજ પડી હતી તેમ જ વીજપુરવઠો અને વાહનવ્યવહાર પણ ખોરવાઈ ગયો હતો.

હવામાન ખાતાએ વધુ એક તોફાનની આગાહી કરી હતી.

મેયર ઝોહરાન મમદાનીએ કરેલી જાહેરાતને પગલે ન્યૂ યૉર્કમાં દસ લાખ કરતાં પણ વધુ વિદ્યાર્થી નિયમિત રીતે સ્કૂલે ગયા હતા. વિદ્યાર્થીઓએ મમદાની પર બરફના ગોળા ફેંકીને તેમના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો.

ર્‌હોડ આઈલૅન્ડ અને મેસેચ્યુસેટ્સમાં ૩૭ ઈંચ (૯૪ સે.મી.) તો ન્યૂ યૉર્ક શહેરના સેન્ટ્રલ પાર્કમાં ૧૯ ઈંચ કરતાં પણ વધુ બરફ પડ્યો હતો. વીજપુરવઠો ખોરવાઈ જતાં છ લાખ કરતા વધુ ઘર પર તેની અસર પડી હતી.

અનેક શહેરોમાં પ્રવાસ કરવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. અનેક જગ્યાએ બરફના એકથી બે ફૂટના થર જામી ગયા હતા. (એજન્સી)

## ભારતનો જીડીપી આઠ ટકાથી વધી જશેઃ એનએસઓ

નવી દિલ્હીઃ ભારતીય અર્થતંત્ર ૨૦૨૨-૨૩ના નવા આધાર વર્ષ સાથે સુધારેલી શ્રેણી હેઠળ સપ્ટેમ્બર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ૮.૧ ટકાની નજીક વૃદ્ધિ દર નોંધાવે તેવી અપેક્ષા છે, એમ મંગળવારે એક અહેવાલમાં જણાવાયું છે.માર્ચ ૨૦૨૬માં પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં દેશમાં ૮ ટકાનો વિકાસ દર જોવા મળ્યો હતો.નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસો)ના ગયા મહિને રજૂ કરાયેલા પ્રથમ એડવાન્સ અંદાજ મુજબ, વાસ્તવિક જીડીપી ૨૦૨૫-૨૬માં ૭.૪ ટકા વધવાનો અંદાજ છે, જે પાછલા નાણાકીય વર્ષમાં ૬.૫ ટકાના વિકાસ દર સામે છે.વધુ ડેટા અને સુધારાઓને સમાવિષ્ટ કરીને નાણાકીય વર્ષ ૨૬ માટે જીડીપીનો બીજો એડવાન્સ અંદાજ ૨૭ ફેબ્રુઆરીએ જાહેર થવાનો છે. તેથી, પ્રથમ ક્વાર્ટર અને બીજા ક્વાર્ટરના અગાઉના તમામ ત્રિમાસિક આંકડા ૨૦૨૨-૨૩માં બેઝ વર્ષમાં ફેરફાર સાથે બદલાવાની અપેક્ષા છે.

## એક વર્ષનો ઍક્શન પ્લાન ઘડી કાઢવા સંઘની ૧૩ માર્ચથી બેઠક

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા એટલે કે અખિલ ભારતીય પ્રતિનિધિસભાની ત્રણ દિવસની બેઠક આવતા મહિને હરિયાણાના સમાલખા ખાતે યોજાશે અને આમાં વિવિધ મુદ્દા પર ચર્ચા થઈને એક વર્ષનો એક્શન પ્લાન ઘડી કઢાશે.

સંઘના વડા મોહન ભાગવત અને મહામંત્રી દત્તાત્રેય હોસબાલે ૧૩ માર્ચથી શરૂ થનારી સભાના પ્રમુખસ્થાને હશે. સંઘના નેશનલ મીડિયા ઍન્ડ પબ્લિસિટીના વડા સુનીલ આંબેકરે માહિતી આપી હતી કે સંઘની પ્રતિનિધિસભા ૧૩ માર્ચથી ૧૫ માર્ચ સુધી હરિયાણાના સમાલખા ખાતે યોજાશે. આ વાર્ષિક સભા સમાલખાના ગ્રામ વિકાસ અને સેવા સાધના કેન્દ્ર ખાતે યોજાશે. સંસ્થાકીય પરિપ્રેક્ષ્ય પ્રમાણે આ સંઘની નિર્ણય લેનારી સર્વોપરી સંસ્થાની બેઠક હશે. આંબેકરે જણાવ્યું હતું કે બેઠકમાં હાલના રાષ્ટ્રીય સિનારિયો પર ચર્ચા થશે અને મહત્ત્વના મુદ્દા પર ઠરાવો પસાર કરાશે. (એજન્સી)

## ગર્લફ્રેન્ડને લેવા-મૂકવા જતા વિશ્વાસુ સાથી થકી અલ મેન્ચો સુધી પહોંચાયું

મેક્સિકોઃ મેક્સિકોમાં ડ્રગ્સ માફિયા સામ્રાજ્યને મોટો ફટકો વિશ્વના સૌથી ખતરનાક ડ્રગ કાર્ટેલ પૈકીના એક હલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ'(સીજેએનજી)ના વડા નેમેસિયો ઓસેગુએરા ઉર્ફે અલ મેન્ચોનો આખરે અંત આવ્યો છે.અલ મેન્ચોને પકડવા માટે સેનાએ તેની ગર્લફ્રેન્ડની ગતિવિધિઓનો સહારો લીધો હતો. એજન્સીઓ તેના એક વિશ્વાસુ સાથી પર નજર રાખી રહી હતી, જે તેની ગર્લફ્રેન્ડને સુરક્ષિત સ્થાને પહોંચાડવાનું કામ કરતો હતો. આ સાથીનો પીછો કરતા સેના હલિસ્કો રાજ્યના પહાડી વિસ્તાર ટાપાલપા પાસેના એક ગ્રામીણ કમ્પાઉન્ડ સુધી પહોંચી ગઈ હતી. જ્યારે તેની ગર્લફ્રેન્ડ ત્યાંથી બહાર નીકળી ત્યારે સેનાને ખાતરી થઈ ગઈ કે માફિયા અંદર જ છુપાયેલો છે.

પહેલા પાનાનું ચાલુ

### કેરળનું નામ

રાષ્ટ્રપતિની ભલામણ લેવામાં આવશે.નામમાં આ ફેરફાર રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા શરૂ થશે જેની તારીખોની જાહેરાત ચૂંટણી પંચે હજુ સુધી કરી નથી. ૨૦૨૩ અને ૨૦૨૪માં મુખ્યપ્રધાન પિનરાઈ વિજયને દેશના બંધારણની આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ બધી ભાષાઓમાં કેરળ નામ બદલીને કેરલમ કરવાનો ઠરાવ રજૂ કર્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પ્રથમ ઠરાવની સમીક્ષા કર્યા પછી કેટલાક તકનીકી ફેરફારો સૂચવ્યા પછી વિધાનસભા દ્વારા આ ઠરાવ બે વાર પસાર કરવામાં આવ્યો હતો. કેરળ સરકાર દ્વારા રજૂ કરાયેલા ઠરાવોમાં ભારતના બંધારણના અનુચ્છેદ- ૩ હેઠળ રાજ્યનું નામ કેરળથી બદલીને 'કેરલમ' કરવાની માગ કરવામાં આવી છે.

### શ્રીનગર ઍરપોર્ટ માટે ૧૬૭૭ કરોડ

કેન્દ્રીય પ્રધાનમંડળે મંગળવારે શ્રીનગર ઈન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે સિવિલ એન્ક્લેવના વિસ્તરણને મંજૂરી આપી હતી. આ યોજના પાછળ અંદાજે રૂ. ૧,૬૭૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. એવિયેસન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા અને કાશ્મીર ખીણપ્રદેશ સાથેની કનેક્ટિવિટી વધારવાની દિશામાં આ મહત્ત્વનું પગલું હશે.

### ૯,૦૭૨ કરોડના ત્રણ રેલવે પ્રોજેક્ટ

કેબિનેટે ચાર રાજ્યના આઠ જિલ્લાને આવરી લેતાં રૂ. ૯,૦૭૨ કરોડના ત્રણ રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. આ ત્રણ પ્રોજેક્ટમાં ગોંદિયા-જબલપુર સેક્શનનાં ડબલિંગ, પુનારખ-કિઉલ અને ગામહરિયાડ-ચાંડિલ વચ્ચે ત્રીજી અને ચોથી લાઈન નાખવાનો સમાવેશ થાય છે. આ પ્રજેક્ટને કારણે રેલવેના વર્તમાન નેટવર્કમાં ૩૦૭ કિ.મી.નો વધારો થશે. પ્રસ્તાવિત પ્રોજેક્ટને કારણે અંદાજે ૫,૪૦૭ ગામ વચ્ચેની કનેક્ટિવિટી વધશે જેને કારણે અંદાજે ૯૮ લાખ લોકોને લાભ થશે.

### શણની એમએસપી નક્કી કરાઈ

વર્ષ ૨૦૨૬-૨૭ની માર્કેટિંગ સિઝન માટે કાચા શણની મિનિમમ સપોર્ટ પ્રાઈસ (એમએસપી) પ્રતિક્વિન્ટલ રૂ. ૨૭૫ વધારીને રૂ. ૫,૯૨૫ કરવાના નિર્ણયને પ્રધાનમંડળની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણય સરેરાશ ઉત્પાદન ખર્ચ કરતાં ૬૧.૮ ટકા વધુ વળતર આપવાની બાંયધરી આપશે.

### કોઈ સુપરસ્ટાર

બોલી શકતા નથી. અમે જોઈશું કે તમારા ઇરાદા શું હતા, પરંતુ એક અભિનેતા તરીકે, તમારી વધુ જવાબદારીઓ છે. તમે ઘણા લોકોને પ્રભાવિત કરો છો. તમારે તમારી જવાબદારી સમજવી પડશે. જો તમે કોઈ દેવતા વિશે વાત કરી રહ્યા છો, તો તમે તેને ભૂત કહી શકતા નથી. તમને કોઈની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો કોઈ અધિકાર નથી. તમે માફી માંગી છે, પરંતુ શું તમારી માફી તમારા બધા શબ્દો પરત લઈ શકશે? તમે, હું અને લોકો ભૂલી જઈ શકે છે પરંતુ ઇન્ટરનેટ ક્યારેય ભૂલતું નથી. તમે જે કહ્યું તે હંમેશા રેકોર્ડમાં રહેશે.'' રણવીર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સાજન પૂવૈયાએ કોર્ટને જણાવ્યું હતું કે લોકોએ રણવીર સિંહના નિવેદનને ખોટી રીતે રજૂ કર્યું છે. તે ફિલ્મ અને અભિનેતાની પ્રશંસા કરી રહ્યો હતો. હું માનું છું કે મારા બેદરકારભર્યા નિવેદનના કારણે આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

### 'નીટ' મામલે

ન જાય તે માટે તેમણે ડ્રમને સિમેન્ટથી સીલ કરી દીધું હતું. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીએ મેરઠ બ્લ્યુ ડ્રમ કેસ અંગે સોશ્યલ મીડિયા પર વાંચ્યું હતું અને તેને ધ્યાનમાં રાખીને પિતાની હત્યાની યોજના ઘડી કાઢી હતી. ગુનો આચરવા આરોપીએ પિતાની પરવાનાધારી રાઈફલનો ઉપયોગ કર્યો હતો.

અગિયારમા ધોરણમાં ભણતી બહેનની હાજરીમાં જ અક્ષતે પિતાની ગોળી મારીને હત્યા કરી હતી. કોઈને જાણ કરીશ તો તને પણ મારી નાખીશ એવી ધમકી અક્ષતે બહેનને આપી હતી જેને કારણે બહેને ઘટનાને મામલે મૌન સેવી લીધું હતું, એમ વિક્રાન્ત વીરે કહ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ૨૦ ફેબ્રુઆરીએ વહેલી સવારે ૪:૩૦ વાગે હત્યાની આ ઘટના બની હતી. ૨૦ ફેબ્રુઆરીએ આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું. (એજન્સી)

### ભારત સહિતના

મીડિયા રિપોર્ટમાં વાઇટ હાઉસના એક અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે ૧૫ ટકાનો વધારો પછીથી કરવામાં આવશે. જોકે, આની સત્તાવાર પુષ્ટી કરવામાં આવી નથી. નવા ટેરિફ મધ્યરાત્રિથી વસૂલવાની શરૂઆત થઈ જશે જ્યારે અગાઉના ટૅરિફ રદ કરવામાં આવ્યા હતા. અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં કન્ઝર્વેટિવ બહુમતીમાં છે. કોર્ટે છની સરખામણીએ ત્રણ મતથી પોતાના ચુકાદામાં કહ્યું હતું કે ટ્રમ્પે ૧૯૭૭ના કાયદાનો ઉપયોગ કરીને અલગ અલગ દેશો પર અચાનક ટૅરિફ લગાવીને પોતાના અધિકારનો ખોટો ઉપયોગ કર્યો છે. જેનાથી દેશો પર અગાઉથી લગાવાયેલા ટૅરિફ પણ અટકી ગયા હતા.

### સેન્સેક્સમાં

કરોડનો ઘટાડો થયો હતો, જેના કારણે બીએસઇનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન ઘટીને રૂ. ૪૬૫.૬૪ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું. સેન્સેક્સમાં, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, ઇટર્નલ, ઈન્ફોસિસ, ટીસીએસ, એલએન્ડટી અને ભારતી એરટેલ જેવા શૅરોમાં મંગળવારે ૬.૩ ટકા સુધીના તોતિંગ કડાકા જોવા મળ્યા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સર્વોચ્ચ અદાલતમાં પરાજિત થયા બાદ નવી ઊંચી ટૅરિફની ધમકી આપી હોવાથી ખાસ કરીને આઇટી ક્ષેત્રને નવો ઝટકો લાગ્યો હતો અને ગભરાટભરી વેચવાલી જોવા મળી હતી.

વ્યાપક શેરઆંકો પણ નકારાત્મક ક્ષેત્રમાં ધકેલાયા હતા, જેમાં સ્મોલકૅપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૬૮ ટકા, જ્યારે મિડકૅપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૫૪ ટકા ઘટ્યો હતો. આઇટી ક્ષેત્રમાં લાંબા સમય સુધી તણાવ રિયલ એસ્ટેટ માગ અને મૂલ્યાંકન પર અસર કરી શકે છે, એવી ધારણાં વચ્ચે રિયલ્ટી શૅરોમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૩,૪૮૩.૭૦ કરોડના શૅર ખરીદ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો રૂ. ૧,૨૯૨.૨૪ કરોડના શેરના ચોખ્ખા વેચાણકર્તા હતા.

સોમવારે યુએસ ઇક્વિટી બજાર લગભગ બે ટકા ઘટીને બંધ થયું હતું. ગ્લોબલ ઑઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૨૨ ટકા વધીને ૭૧.૬૬ ડૉલર પ્રતિ બેરલ બોલાયું હતું.

### શર્ટલેસ દેખાવોના

ઇશારે કોંગ્રેસ યુવા પાંખના પ્રમુખ અને અન્ય લોકોએ કરેલા નગ્ન વિરોધ પ્રદર્શનથી ભારતની છબી ખરાબ થઈ છે.

રાહુલ ગાંધી અને 'લંપટ, ગુંડા અને મવાલી' લોકોમાં બહુ ફરક નથી, એવું તેમણે ઉમેર્યું હતું.ભાટિયાએ કહ્યું કે રાહુલ કદાચ વિચારી રહ્યા હશે કે તેઓ કાયદાથી ઉપર છે પરંતુ કાયદાના લાંબા હાથ ટૂંક સમયમાં તે વ્યક્તિ સુધી પહોંચશે જેણે દેશને બદનામ કરવાનો પ્રયાસ કર્યો, પછી ભલે તે કોઈ પણ હોય.

પોલીસ કસ્ટડીમાં, ઉદય સત્ય કહેશે અને નામ લેશે. અમે એ જાણવાની પણ રાહ જોઈશું કે લિંક ક્યાં સ્થાપિત થઈ છે. તે જાહેર કરવામાં આવશે અને સમગ્ર દેશને ખબર પડશે, એમ તેમણે કહ્યું.

### ગિફ્ટ સિટીથી

મજબૂત બનાવવાનો છે.

આ ૩.૩ કિ.મી. લાંબી નવી મેટ્રો લાઇનમાં ત્રણ નવા એલિવેટેડ સ્ટેશન હશે. પ્રોજેક્ટનો સમયગાળો ચાર વર્ષનો છે. આ લાઇન પૂર્ણ થતાં, અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો નેટવર્ક ૭૧ કિ.મી.ની વિસ્તરણને વટાવી જશે. વિસ્તૃત રૂટ પર ત્રણ નવા સ્ટેશનો ગિફ્ટ સિટી હાઉસ, ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને શાહપુર હશે, જે આઈઆઈટી ગાંધીનગર જવાના માર્ગની નજીક હશે.

### આઉટસ્ટેન્ડિંગ

ટકા વધીને ૧૫.૯ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ હતી.

જીએસટી દરમાં ઘટાડાને કારણે ઓટો લોનમાં ૧૪.૬ ટકા, ટૂ-વ્હીલર લોનમાં ૧૨.૩ ટકા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ લોનમાં ૧૪.૩ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો હતો. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન એકમાત્ર માલિકીની સંસ્થાઓ દ્વારા લેવામાં આવેલી બાકી લોનમાં ૨૬.૨ ટકાનો વધારો થયો છે.

એસેટ ક્વોલિટીના મોરચે ૩૦ થી ૧૮૦ દિવસના વિલંબ ધરાવતી છૂટક લોનનું પ્રમાણ ડિસેમ્બર ૨૦૨૫માં ઘટીને ૨.૮ ટકા થયું છે, જે એક વર્ષ પહેલા ૩.૨ ટકા હતું.

### 'સર' માટેના

રજિસ્ટ્રેશન ઑફિસરને તેની ઓળખ સાબિત કરવા આધાર નંબર આપી શકે. તમે સરકારને લોકપ્રતિનિધિ કાયદો બદલવાનું સૂચન કરો. આ અમારી ફોરમની વાત નથી. જો ગેરકાયદે આધાર કાર્ડનું મોટે પાયે ઉત્પાદન થતું હોય તો તેનું નિયમન સરકારે કરવું જોઈએ. (એજન્સી)

# રાજકોટના જંગલેશ્વરમાં મેગા ડિમોલિશન પૂરું: ૧૫૦૪ બાંધકામ દૂર કરાયાં



(પ્રવીણ સેદાણી-રાજકોટ)



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાના ઇતિહાસનું સૌથી મોટું મેગા ડિમોલિશન બીજા દિવસે પણ જંગલેશ્વર વિસ્તારમાં વહેલી સવારથી મનપાના અધિકારીઓ અને પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે શરૂ કરવામાં આવ્યું હતું. જંગલેશ્વર વિસ્તારમાં આજી નદી પટ્ટા તથા ટી.પી. રોડ પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી અંતર્ગત મંગળવારે મોડી સાંજ સુધી ૧૫૦૯ બાંધકામો પૈકી ૧૫૦૪ બાંધકામોના ગેરકાયદે દબાણો શાંતિપૂર્ણ સંપન્ન કરવામાં આવ્યા હતા. અન્ય પાંચ બાંધકામો દૂર કરવાની કામગીરી આવતીકાલે બુધવારે કરવામાં આવશે તેવી માહિતી મનપાના અધિકારીઓએ આપી હતી.

આજી નદીના પૂરના વહેણમાં આવતી આજી નદી પટ્ટની ૫૫ હજાર ચો.મી. અને ૧૫ મીટરના ટીપી રોડની ૩૨૦૦૦ ચો.મી. જગ્યા પરના આ બાંધકામો હટાવવાની તૈયારી વચ્ચે ઓપરેશન પહેલા ૧૦૨૬ રહેવાસીઓએ સ્વૈચ્છિક દબાણો હટાવી લીધા હતા અથવા જગ્યા ખાલી કરી દીધી હતી.

આ કાર્યવાહી અંગે વધુ માહિતી આપતા મનપાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મહેશ જાનીએ જણાવ્યું હતું કે, દબાણો દૂર કરી ખુલ્લી કરાયેલી ૮૭,૦૦૦ ચોરસ મીટર સરકારી જગ્યા પર તાત્કાલિક અસરથી નવો રોડ અને પ્રોટેકશન વોલ બનાવવાની કામગીરી કરવામાં આવશે. હાલ તો ડિમોલેશન કાર્ય પૂર્ણ થયેલા વિસ્તારોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શેરી પાસે પીળા પટ્ટા અને પતરાની આડશ લગાવવામાં આવી છે. તથા જાહેર સલામતીના કારણોસર આ વિસ્તારમાં અનઅધિકૃત વ્યક્તિઓએ પ્રવેશ ન કરવા જાહેર સૂચના આપવામાં આવી છે.

સુરક્ષાના સખત બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન પૂરું થતાં તંત્રએ પણ હાથકારો અનુભવ્યો હતો. ■

# ગુજરાતના ભાવનગર, રાજકોટ, દીવ અને અમદાવાદથી નવી મુંબઈ વચ્ચે ડેઈલી ફ્લાઈટ્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : ગુજરાતના ઔદ્યોગિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ એવા ભાવનગરથી મુંબઈની ડાયરેકટ ફ્લાઈટ ટેકનિકલ કારણોસર છેલ્લાં ઘણા સમયથી બંધ હતી. જોકે, હવે ભાવનગરથી નવી મુંબઈ વચ્ચે ૨૯ માર્ચથી દૈનિક બે ફ્લાઈટ સેવા ફરી શરૂ કરવામાં આવશે. આ અંગે કેન્દ્રમાં રાજ્યકક્ષાના પ્રધાન નિમુબેન બાંભણિયા એ કેન્દ્રીય ઉડ્ડયન પ્રધાનને રજૂઆત કરી હતી. આ સાથે અમદાવાદ અને રાજકોટ માટે પણ ફ્લાઈટ્સની જાહેરાત કરવામાં આવી છે. આ ત્રણેય ફ્લાઈટ્સ ગુજરાત અને નવી મુંબઈ વચ્ચે એર કનેક્ટિવિટી વધારશે. આ તમામ ફ્લાઈટ્સ આગામી ૨૯ માર્ચથી શરૂ થશે તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

કેન્દ્ર સરકારના દિશા-નિર્દેશોને પગલે ઇન્ડિગો એર લાઇન્સ દ્વારા ૨૯ માર્ચ ૨૦૨૬થી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ફ્લાઇટ (એટીઆર વિમાન) શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેના માટે ૨૫ ફેબ્રુઆરીથી ટિકિટનું બુકિંગ શરૂ કરવામાં આવશે. ભાવનગરથી નવી મુંબઈ સવારે ૮.૩૫ વાગે અને સાંજે ૨૦.૫૦ વાગે પ્લેન ઉપડશે. આ સેવા શરૂ થવાથી ભાવનગરના વ્યાપાર-ઉદ્યોગને નવો વેગ મળશે અને મુંબઈ મારફતે દેશના અન્ય શહેરોમાં જવાનું પણ સરળ બનશે. આ સાથે એક ફ્લાઈટ અમદાવાદથી સાંજે ૭:૧૦ વાગ્યે ઉપડશે અને નવી મુંબઈમાં રાત્રે ૮:૪૦ વાગ્યે પહોંચશે. રિટર્ન ફ્લાઇટ, નવી મુંબઈથી રાત્રે ૯:૧૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૧૦:૩૫ વાગ્યે અમદાવાદ પહોંચશે. નવી મુંબઈથી રાજકોટ માટે સવારે ૭:૦૦ વાગ્યે ઉપડશે અને રાજકોટ સવારે ૮:૧૫ વાગ્યે પહોંચશે. રિટર્ન ફ્લાઇટ, રાજકોટથી સવારે ૮:૪૫ વાગ્યે ઉપડશે અને સવારે ૯:૪૫ વાગ્યે નવી મુંબઈ પહોંચશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ઓણ કેસર કેરી માર્ચ નહીં પણ એપ્રિલમાં ખાવા મળશે, અડધા આંબાઓને હમણાં મોર ફૂટ્યા





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેસર કેરી માટે દાઢ સજાવીને બેઠેલા રસિયાઓને થોડું માઠું લાગે તેવા સમાચાર છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં જ બજારોમાં દેખાવા લાગતી સોરઠની કેસર કેરી આ વર્ષે એપ્રિલના બીજા પખવાડિયાથી શરૂ થાય તેવી સંભાવના છે. જોકે હાલમાં જે સ્થિતિ છે તે જોતા કેરીનું ઉત્પાદન કેટલું અને કેવું હશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ કેરીનો ફાલ મોડો આવશે અને જૂન મહિના સુધી કેરી ખાઈ શકાશે, તેવી માહિતી જાણકારોએ આપી હતી.

આ અંગે મુંબઈ સમાચાર સાથે વાત કરતા જૂનાગઢ ખાતેની હોર્ટિકલ્ચર કોલેજના પ્રિન્સિપાલ અને ડીન ડો. ડી. કે. વરુએ જણાવ્યું હતું કે આ વર્ષે મોર આવવાની પ્રક્રિયા મોડી શરૂ થઈ છે અને છૂટાછવાયા મોર આવી રહ્યા છે. સામાન્ય રીતે નવેમ્બર મહિનામાં આંબાને મોર ફૂટવાનું શરૂ થાય છે અને લગભગ ૪૦ દિવસમાં પ્રક્રિયા પૂરી થાય છે, પરંતુ આ વખતે નવેમ્બર મહિનામાં મોર આવ્યા ન હતા. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં થોડા થોડા મોર આવવાનું શરૂ થયું. ત્યારબાદ હવે ફરી ફેબ્રુઆરી મહિનામાં આંબાઓમાં મોર બેસવાનું શરૂ થયું છે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં જે આંબામાં મોર આવ્યા છે તે ખાખડીઓ લખોટી કે ચણા સાઈઝની થઈ છે. મોર એટલે કે ફ્લાવરના ફર્ટિલાઈઝેશન બાદ લગભગ ૧૨૦ દિવસની પ્રક્રિયા બાદ કેરી બજારમાં આવે છે તે જોતા એક ફાલ એપ્રિલ મહિનાના બીજા અઠવાડિયાં બાદ આવવાનો શરૂ થશે. જ્યારે જે મોર ફેબ્રુઆરીમાં આવ્યા છે તે કેરીનો ફાલ લગભગ મે મહિનાના અંતમાં કે જૂનના પહેલા અઠવાડિયામાં આવવાની શકયતા છે. ખૂબ જ ઓછા બગીચાઓ છે જ્યાં હાલમાં મોટી કાચી કેરીઓ લટકે છે.

આ ફાલ માર્ચના અંતમાં બજારોમાં ઠલવાય તો પણ તે મર્યાદિત હશે અને મોંઘો હશે, તેમ તેમણે જણાવ્યું હતું.

આ સાથે ઉત્પાદન વિશે તેમણે જણાવ્યું હતું કે ગ્લોબલ વોર્મિંગને લીધે વાતાવરણમાં થયેલા ફેરફારની અસર કેરીના ઉત્પાદન પર જોવા મળે છે. આ વર્ષે ઉત્પાદન કેવું અને કેટલું થશે તે અત્યારથી કહેવું મુશ્કેલ છે.

હાલમાં આંબા મોર એટલે કે ફ્લાવરથી લચેલા દેખાતા હોય, પરંતુ તેમાં હોર્મોફ્લોડાઈટ ફ્લાવર એટલે કે નર અને માદા બન્નેની ભૂમિકા ભજવે તેવા કમ્પ્લીટ ફ્લાવરની સંખ્યા કેટલી છે, તેના પર ઉત્પાદનનો આધાર છે. આ સાથે કેરી માટે જેવું વાતાવરણ જોઈએ તેવું વાતાવરણ નથી. કેરીના શ્રેષ્ઠ ઉત્પાદન માટે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન દિવસ દરમિયાન ૨૫થી ૨૮ ડિગ્રી મહત્તમ તાપમાન અને રાત્રે ૧૫ ડિગ્રી આસપાસ લઘુતમ તાપમાન રહે તે જરૂરી છે, પરંતુ આ પ્રમાણેનું તાપમાન રહ્યું નથી. આ સાથે વરસાદી માહોલ સર્જાય અને સારો એવો વરસાદ આવે તો ડિસેમ્બર-જાન્યુઆરીવાળા પાકને અસર થાય. તેવી જ રીતે માર્ચ મહિનાથી જો વધારે ગરમી શરૂ થશે તો ફેબ્રુઆરીમાં આવેલા ફ્લાવરની ફર્ટિલાઈજેશનની પ્રોસેસ અવરોધાશે. આથી હાલમાં ઉત્પાદન કેવું રહેશે, તે નક્કી કરી શકાતું નથી. બીજી બાજુ દક્ષિણ ગુજરાતમાં સોમવાર-મંગળવારે આવેલા વરસાદી ઝાપટાને લીધે આંબાને નુકસાન ગયું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં લગભગ ૧૫થી ૧૬ હજાર હેક્ટર વિસ્તારમાં આંબાની ખેતી થાય છે. સૌરાષ્ટ્રની કેસર કેરી ગુજરાત અને દેશમાં તો લોકપ્રિય છે જ, પરંતુ વિદેશોમાં પણ તેની ખૂબ માગ છે. ■

# ગુજરાતમાં એમબીએમાં એડમિશન બનશે અઘરું, રજિસ્ટ્રેશન વધ્યાં પણ સીટ ઘટી ગઈ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કોર્મસના વિદ્યાર્થીઓ સીએ અથવા એમબીએ કરવાનું વધારે પસંદ કરતા હોય છે, આ સાથે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ પણ એમબીએનો કોર્સ કરવામાં રસ ધરાવે છે, પરંતુ આ વર્ષે ગુજરાતની નામી કોલેજોમાં બેઠકો ઘટી હોવાથી એડિમશન મળવાનું અઘરું બની રહેશે, તેમ સૂત્રો જણાવે છે.

જે વિદ્યાર્થીઓ કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ (કેટ)ની પરીક્ષા આપી પ્રવેશ મેળવવા ઈચ્છે છે, તેમની માટે ગુજરાતના સેન્ટર્સ ઓફ એક્સેલન્સની બેઠકો ૧,૦૨૦માંથી ઘટી ૬૧૦ થઈ છે. બીજી બાજુ આ વખતે ૭૭૩ વિદ્યાર્થીએ રજિસ્ટર કરાવ્યું છે, જે સંખ્યા ગયા વર્ષે ૬૫૦ આસપાસ હતી.

પ્રોફેશનલ કોર્સિસ માટેની પ્રવેશ સમિતિ આ વર્ષે ત્રણ સેન્ટરમાં ઉપલબ્ધ ૬૧૦ બેઠકમાંથી ૧૯૧ બેઠક માટે પ્રવેશ લેશે, જેમાં ૧૦ ટકા ઈકોનોમિકલી બેકવર્ડ કલાસ (ઈડબલ્યુએસ) બેઠકોનો સમાવેશ થાય છે. આમાંથી, ૧૫૩ બેઠકો ૨૫ ટકા એસીપીસી ક્વોટા હેઠળ આવે છે, જ્યારે બાકીની બેઠકો સેન્ટર દ્વારા તેમના પોતાના મેરિટ માપદંડના આધારે ભરવામાં આવે છે. અધિકારીઓનું માનવાનું છે કે આ વર્ષે કેટ-આધારિત એમબીએ પ્રવેશમાં દરેક બેઠક માટે ઓછામાં ઓછા ચાર ઉમેદવાર સ્પર્ધા કરશે.

ગયા વર્ષે, ચાર સેન્ટરે કેટ-આધારિત એમબીએ પ્રવેશમાં ભાગ લીધો હતો, જેમાં પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી (બે એમબીએ પ્રોગ્રામ માટે) અને મારવાડી યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. મારવાડી યુનિવર્સિટીએ આ વર્ષે બહાર રહેવાનો વિકલ્પ પસંદ કર્યો છે. ૨૦૨૫માં યુનિવર્સિટી સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમિયાન ૧૪૭ બેઠકમાંથી એક પણ બેઠક ભરી શકી ન હતી. તેથી હવે તેઓ રેગ્યુલર પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ આપશે.

અન્ય સેન્ટરમાં, નિરમામાં ગયા વર્ષે એમબીએ-એચઆરએમમાં ૧૨ બેઠકમાંથી છ ખાલી રહી હતી, અને એપીપીસી દ્વારા ફાળવવામાં આવેલી ૧૨૪ બેઠકોમાંથી સાત ખાલી જગ્યાઓ નોંધાવી હતી. અમદાવાદ યુનિવર્સિટીની અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાં ૬૩ બેઠકોમાંથી ૪૯ બેઠકો ખાલી હતી, જ્યારે પીડીઈયુમાં ૭૫ બેઠકમાંથી ૨૦ બેઠક ખાલી હતી. મારવાડી યુનિવર્સિટી બહાર નીકળી ગઈ છે અને એયુએ પણ સિટ્સ ઘટાડી છે. આથી એમબીએમાં એડમિશન લેવામાં ભારે સ્પર્ધાનો સામનો અભ્યાસના ઈચ્છુકોએ કરવો પડશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# દાહોદમાં સગાં ભાઈ-બહેન કૂવામાં પડી જતાં બંનેનાં મૃત્યુ

## પરિવારનું કલ્પાંત, ગ્રામજનોમાં રોષ

(અમારા પ્રતિનિધિન તરફથી)

અમદાવાદ: દાહોદ જિલ્લામાં રમતાં રમતાં કૂવામાં પડી જવાથી ભાઈ-બહેનનાં મોતની ઘટનાથી પરિવારમાં શોક છવાયો હતો જ્યારે ગ્રામજનોએ ખુલ્લા કૂવા મામલે રોષ વ્યક્ત કર્યો હતો.

દાહોદના ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામમાં રહેતા પરિવારનાં બે બાળક રોનક(૫) અને આરાધના(૩)ઘર પાસે રમતાં રમતાં અચાનક ગાયબ થઈ ગયાં હતાં. પરિવારે સતત શોધખોળ કરી, પરંતુ બાળકો મળ્યાં નહીં. છેવટે મંગળવારે સવારે કૂવામાંથી બાળકીનો મૃતદેહ તરતો મળ્યો હતો. ત્યારબાદ ગરબાડા પોલીસ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કૂવામાં ઘણું પાણી હોવાથી મશીન મંગાવી પાણી ઉલેચવામાં આવ્યું હતું અને ભાઈ રોનકનો મૃતદેહ પણ કૂવામાંથી જ મળી આવ્યો હતો. પોલીસે બન્ને મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા.

બન્ને સંતાનનાં આ રીતે મોત થતાં પરિવારમાં માતમ છવાયું હતું અને સમગ્ર ગામ શોકમાં ગરકાવ થઈ ગયું હતું. આ સાથે ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે ગામના ખેતરોમાં અને રહેવાસી વિસ્તારોમાં પણ આવા ખુલ્લા કૂવાઓ છે અને તેને સુરક્ષાજાળી કે ફેન્સિંગ માટેની રજૂઆત કરી હોવા છતાં કામ થતું નથી. ■

# ગુજરાતનો આર્થિક વૃદ્ધિદર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ વધુ: રાજ્ય સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્યની નાણાકીય સ્થિતિ અંગે રાજ્યના નાણાં વિભાગે આપેલી માહિતી અનુસાર ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ નોંધપાત્ર રીતે વધુ રહ્યો છે. દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ ૬.૫ ટકાથી વધુ છે, જેની સામે ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૪ ટકા નોંધાયો છે. આ સાથે વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૪-૨૫ સુધીના ૧૩ વર્ષના લાંબાગાળામાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાનો વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. આ ઉપરાંત નાણાકીય જવાબદારી અને અંદાજપત્ર વ્યવસ્થાપન અધિનિયમ મુજબ રાજ્યના કુલ એકંદર ઘરગથ્થું ઉત્પાદનના (જીએસડીપી) સાપેક્ષમાં જાહેર દેવાનું પ્રમાણ ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે. સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં જાહેર દેવાનું પ્રમાણ માત્ર ૧૪.૬૫ ટકા જેટલું નીચું રહે તે પ્રકારે આયોજન કર્યું છે. રાજ્ય સરકારનું દેવું એ રાજ્યના વિકાસકાર્યો અને મૂડી ખર્ચ માટેનું એક મહત્ત્વપૂર્ણ સંસાધન છે, જેનો ઉપયોગ જનહિતના કામો માટે કરવામાં આવે છે, તેમ પણ સરકારે જણાવ્યું હતું. ગુજરાત સરકારના બજેટમાં સિંહફાળો વિકાસલક્ષી કાર્યો પાછળ ખર્ચવામાં આવે છે. વર્ષ ૨૦૨૬-૨૭ના કુલ રૂ. ચાર લાખ કરોડથી વધુના બજેટમાંથી રૂ. ૨.૬૨ લાખ કરોડથી વધુ એટલે કે, લગભગ ૬૫ ટકાથી વધુ બજેટ વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવવામાં આવ્યું છે. રાજ્યમાં કુદરતી આફતોના સમયે નાગરિકોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લાં પાંચ વર્ષમાં વિવિધ ભંડોળ હેઠળ કુલ રૂ. ૮,૧૫૧ કરોડથી વધુની સહાય મળી છે. ■

# અમદાવાદમાં વહેલી સવારે રો-હાઉસમાં ભીષણ આગ

## પિતા-પુત્રનાં કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વેજલપુર વિસ્તારમાં આવેલી કૃષ્ણનગરી સોસાયટીમાં વહેલી સવારે એક રો-હાઉસમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં પિતા-પુત્રનાં મોત થયાં હતાં.

કૃષ્ણનગરી રો-હાઉસના મકાન નંબર ૪માં સોમવાર મધ્યરાત્રીએ ૩.૩૦ વાગ્યા આસપાસ લાગેલી આગમાં ૩૯ વર્ષીય ધ્રુવ ગોહિલ અને તેમના માત્ર ૯ વર્ષના માસૂમ પુત્ર શાશ્વત ગોહિલનું ગુંગળાઈ જવાથી મોત થયું હતું.

ઘટના સમયે પરિવાર ગાઢ નિદ્રામાં હતો, ત્યારે અચાનક ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓએ ઘરને લપેટમાં લીધું હતું. આ દુર્ઘટનામાં પિતા-પુત્રને બચાવવા જતાં માતા મિતલબેન પણ દાઝી ગયાં હતાં. ઘરમાં તેમની પુત્રી અને સાસુ પણ હતા. તેઓ પડોશીના ઘરમાં જઈ બહાર નીકળી શક્યા હતાં, જ્યારે પતિ અને પુત્ર અંદર ફસાઈ ગયા હતા. જેમને ફાયરબ્રિગેડ દ્વારા બહાર કાઢી હૉસ્પિટલે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આગની જાણ થતા જ સ્થાનિક લોકોએ તુરંત કંટ્રોલ રૂમને જાણ કરી હતી, જેના પગલે ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટ જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે. ■

# ચાંદખેડામાં 'રસ્તા રોકો' આંદોલન ભારે પડ્યું: વૉટ્સઍપ ગ્રૂપ બનાવી રોડ બ્લોક કરનાર ૧૫૦ સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ચાંદખેડા વિસ્તારમાં એસ.પી. રિંગ રોડ પર આવેલ હોટલ હિલ્લોક પાસેનો કટ (વળાંક) બંધ કરી દેવાતા આસપાસની સોસાયટીના રહિશોએ હંગામો મચાવ્યો હતો. ગત ૨૧ ફેબ્રુઆરીની રાત્રે આશરે ૧૦૦ થી ૧૫૦ લોકોના ટોળાએ બેનરો સાથે મુખ્ય રિંગ રોડ બ્લોક કરી દીધો હતો, જેના કારણે વાહનોની લાંબી લાઈનો લાગી હતી અને લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આ મામલે ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીએસઆઈએ ગેરકાયદે ગ્રૂપ રચી જાહેર માર્ગ અવરોધવા બદલ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે આ આખું આંદોલન એક વૉટ્સઍપ ગ્રુપ દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું. ગ્રૂપમાં ૨૬ જેટલી સોસાયટીના સભ્યો જોડાયેલા હતા. પોલીસને મળેલા પુરાવા મુજબ, ગ્રુપ એડમિન જીગર ગજ્જર અને અન્ય સભ્યોએ મેસેજ દ્વારા લોકોને ભડકાવ્યા હતા, જેમાં ''જ્યાં સુધી કટ ન ખૂલે ત્યાં સુધી રોડ બ્લોક રાખવો'', ''પોલીસની સામે પડી જવું'' અને ''રસ્તો તોડી નાખવો'' જેવી ઉશ્કેરણીજનક વાતો કરવામાં આવી હતી. આ અગાઉ ૭ ફેબ્રુઆરીએ પણ આ ટોળાએ સરકારી બેરીકેડ તોડીને નુકસાન પહોંચાડ્યું હોવાનું સામે આવ્યું છે.

ચાંદખેડા પોલીસે આ મામલે જીગર ગજ્જર, વિરાજ મેવાડા, ગુંજનભાઈ, કિશન કંસાગરા, ચિંતન જોષી, રાહુલ પટેલ અને મોહબત ગઢવી સહિત ૧૦૦ થી ૧૫૦ લોકોના ટોળા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૨૮૫, ૧૨૬(૨), ૧૮૯(૨)(૩), ૧૯૦ તથા જાહેર મિલકતને નુકસાન અટકાવવાના કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ સોશ્યલ મીડિયાના વીડિયો અને વૉટ્સઍપ ચેટના આધારે અન્ય આરોપીઓની ઓળખ કરી રહી હેવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પોસ્ટ ઓફિસ કૌભાંડમાં ૧૨ જણ સામે સીબીઆઈએ કેસ નોંધ્યો, ૨.૮૧ કરોડની ઉચાપતનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચ પોસ્ટલ ડિવિઝન હેઠળના પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક ખાતાઓમાં નાના રોકાણકારો દ્વારા જમા કરાયેલા નાણાંનું કૌભાંડ બહાર આવ્યું હતું. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ), ભ્રષ્ટાચાર વિરોધી શાખા (એસીબી)એ ઓએનજીસી કોલોની સબ-પોસ્ટ ઓફિસના તત્કાલીન સબ-પોસ્ટમાસ્ટર, યાસીનભાઈ અબ્દુલભાઈ ઘાંચી અને અન્ય ૧૧ કર્મચારી સામે રૂ. ૨.૮૧ કરોડની ઉચાપત કરવાના આરોપસર કેસ નોંધ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એફઆઈઆર મુજબ, ૯ ઓગસ્ટ, ૨૦૨૪ અને ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ ની વચ્ચે આ ગેરવ્યવહારો થયા હતા. મુખ્ય આરોપી ઘાંચીએ પોતાના પદનો ગેરઉપયોગ કરી કથિત રીતે ટાઈમ ડિપોઝિટ (ટીડી) યોજનાઓ હેઠળ ગ્રાહકો પાસેથી રોકાણ માટે પૈસા લીધા હતા, પરંતુ તે રકમ સત્તાવાર રીતે સરકારી ખાતામાં જમા ન કરતા વ્યક્તિગત કામ માટે ઉપયોગ કર્યો હતો. અત્યાર સુધીની તપાસમાં આવા લગભગ ૫૬ જેટલા વ્યવહારો બહાર આવ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

આરોપીઓએ ગ્રાહકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે નકલી પાસબુક જારી કર્યાનો આરોપ પણ છે. રોકડા નાણાનો ઉપાડ છુપાવવા માટે તેઓ બેંકિંગ સોફ્ટવેર 'ફિનેકલ' માં એન્ટ્રીઓમાં હેરફેર કરતા હોવાની પણ શંકા તપાસ એજન્સીઓને હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૫ માં શંકાસ્પદ વ્યવહારોની આશંકા આંતરિક રીતે જ વ્યક્ત કરવામાં આવી હતી. પ્રાથમિક રીતે જોતા પાસબુક એન્ટ્રીઓ અને બેંકિંગ સિસ્ટમમાં નોંધાયેલા બેલેન્સ વચ્ચે વિસંગતતા જોવા મળી હતી, ત્યારબાદ આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. ■

# નર્મદા જિલ્લામાં બે નવા બ્રિજ માટે ₹ ૩૦૨ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લાના ૧૧ જેટલાં ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવર-જવરની સરળ કનેક્ટિવીટી માટેનો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. નર્મદા જિલ્લામાં ૨ નવા પૂલોના નિર્માણ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયાનાં કામોની મંજૂરી મુખ્ય પ્રધાને આપી હતી. તદનુસાર, નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પુલ માટે રૂ. ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પુલ માટે રૂ. ૧૭૯.૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. આદિજાતિ ક્ષેત્ર નર્મદા જિલ્લામાં આ બે પુલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતનાં ગ્રામ જનોનત સુગમતા રહેશે. આ વિસ્તારના વિદ્યાર્થીઓને ચોમાસાના દરમિયાન પણ આવવા-જવામાં સુવિધાયુક્ત રસ્તાની સવલત મળશે. ■

# સુરત ડાયમંડ બુર્સમાં નવી ૧૦૦ ઓફિસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના ખજોદમાં રૂ.૩૪૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા વિશ્વના સૌથી વિશાળ કોર્પોરેટ ઓફિસ બિલ્ડીંગ 'સુરત ડાયમંડ બુર્સ'નું વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ષ ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જો કે હવે સુરત ડાયમંડ બુર્સ ખાતે વ્યાપારિક પ્રવૃત્તિમાં સતત વધારો થઈ રહ્યો છે, અને દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વિશાળ સંકુલમાં લગભગ ૨૫૦ ઓફિસો કાર્યરત થઈ ગઈ છે. ૧૮ ફેબ્રુઆરીએ અહીં નવી ૧૦૦ ઓફિસ કાર્યરત થઈ હતી. કુલ ૪૦૦૦ ઓફિસમાંથી અગાઉ ૧૫૦ ઓફિસ શરૂ કરવામાં આવી હતી, હવે આ આંકડો ૨૫૦ સુધી પહોંચ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બુર્સના સંચાલક સૂત્રોના જણાવ્યા અનુસાર એસોસિએશને મુસાફરી અથવા ઓપરેશનલ પડકારોનો સામનો કરી રહેલા બ્રોકર્સને મદદ કરવા માટે એક વોટ્સએપ હેલ્પલાઇન ગ્રુપ બનાવ્યું છે. એક જ દિવસમાં, લગભગ ૯૫૦ બ્રોકર્સ ડિજિટલ ગ્રુપમાં જોડાયા હોવાના અહેવાલ છે. ■

# ડિજિટલ અરેસ્ટ જેવું કંઇ હોતું નથીઃ ફડણવીસ પીડિતોએ તાત્કાલિક ‘આ’ નંબર પર કોલ કરવો

મુંબઈઃ દેશમાં ‘ડિજિટલ અરેસ્ટ’ની ઘટનાઓમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. મોટી સંખ્યામાં લોકો આનો શિકાર બની રહ્યા છે અને તેમની સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ રહી છે. આ ઘટનાઓને રોકવા માટે રાજ્ય સરકારે પગલાં ભરવા જોઈએ, તેમજ જનજાગૃતિનો વ્યાપ વધારવો જોઈએ એવી માગ વિધાનસભ્ય અબૂ આઝમીએ મંગળવારે વિધાનસભામાં કરી હતી. તેમના આ પ્રશ્ન પર રાજ્યપ્રધાન યોગેશ કદમે જવાબ આપ્યો હતો અને રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ અંગે વિગતવાર માહિતી આપી હતી.

યોગેશ કદમે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મોટા પાયે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને જો સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા પછી તરત જ ફરિયાદ કરવામાં આવે, તો તેનું નિરાકરણ લાવી શકાય છે અને વધુમાં વધુ પૈસા રિકવર કરી શકાય છે.

બીજી તરફ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ પ્રશ્ન પર ટિપ્પણી કરતાં કહ્યું કે, ડિજિટલ અરેસ્ટ જેવી કોઈ વસ્તુ નથી. કાયદા દ્વારા કોઈની પણ ડિજિટલ અરેસ્ટ થઈ શકતી નથી. તેથી જો કોઈ તમને ડિજિટલ અરેસ્ટ વિશે ફોન કરે છે અથવા વિડિઓ કોલ કરે, તો સમજી લો કે આ એક ફ્રોડ કોલ છે. કોઈ પણ કાયદા હેઠળ કોઈની ડિજિટલ અરેસ્ટ કરી શકાતી નથી, ફડણવીસે સમજાવ્યું હતું.

ફડણવીસે એમ પણ કહ્યું કે ડિજિટલ ધરપકડના કેસોમાં ફક્ત સામાન્ય લોકો જ નહીં પરંતુ ઘણા વરિષ્ઠ અધિકારીઓ અને નિવૃત્ત અધિકારીઓ પણ ફસાયેલા છે. પીડિતો પૈસા મોકલે છે, તે પૈસા તરત જ વિવિધ ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવે છે, પછી તે વિદેશમાં ખાતાઓમાં પણ મોકલવામાં આવે છે. જો તમને આવો કોલ આવે, તો તાત્કાલિક ૧૯૩૦ પર કોલ કરો, એવી અપીલ દેવેન્દ્ર ફડણવીસે કરી હતી.

# સ્કૂલમાં રીતસરનું પ્રધાનમંડળ, મુખ્ય પ્રધાન પણ ચૂંટાય

સંભાજીનગરઃ લોકશાહી એ પુસ્તકોમાંથી શીખવાનો વિષય નથી, પરંતુ પ્રત્યક્ષ અનુભવનો વિષય માનવામાં આવે છે. વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સારા નાગરિકો તૈયાર થાય તે માટે વિદ્યાર્થી અવસ્થાથી જ લોકશાહી, ચૂંટણી પ્રક્રિયા અને રાજકારણ અંગે વિદ્યાર્થીઓ જાગૃત હોય તે જરૂરી છે. આ માટે જ સંભાજીનગર જિલ્લાની ગાડીવાટની જિલ્લા પરિષદ શાળાએ એક અનોખો ઉપક્રમ શરૂ કર્યો છે. શાળામાં વિદ્યાર્થીઓનું પ્રધાનમંડળ સ્થાપવામાં આવ્યું છે અને તેમાં મુખ્ય પ્રધાનની પણ પસંદગી કરવામાં આવી છે. સંભાજીનગર જિલ્લામાં ગાડીવાત નામનું એક નાનું ગામ છે. ગામમાં એક જિલ્લા પરિષદ શાળા છે. આ શાળામાં વિદ્યાર્થી પ્રધાનમંડળની રચના કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ પ્રધાનમંડળની પસંદગી ખૂબ જ લોકશાહી રીતે કરવામાં આવી છે. આ માટે શાળામાં મતદાન પ્રક્રિયા યોજાઈ હતી અને દરેક વિદ્યાર્થીએ મતદાન કર્યું હતું અને તેમાંથી કેટલાક સભ્યોની પસંદગી કરવામાં આવી હતી. શાળામાંથી કુલ તેર સભ્યો ચૂંટાયા હતા. ચૂંટાયેલા સભ્યોએ તેમાંથી એકને મુખ્ય પ્રધાન તરીકે પસંદ કરવામાં આવ્યો. આ મુખ્ય પ્રધાનના નેતૃત્વમાં શાળાનું તમામ કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા જોવામાં આવે છે. શાળા પ્રધાનમંડળમાં મુખ્યપ્રધાન, નાયબ મુખ્યપ્રધાન, સંસ્કૃતિ પ્રધાન, પર્યાવરણ પ્રધાન, આરોગ્ય પ્રધાન, બાગાયતી પ્રધાન, રમતગમત પ્રધાન, શિક્ષણ પ્રધાન વગેરેનો સમાવેશ થાય છે. દરેક પ્રધાનો પોતાના કામનો તમામ અહેવાલ મુખ્ય પ્રધાનને આપે છે. મુખ્યપ્રધાન તે અહેવાલ શાળાના પ્રિન્સિપાલને આપે છે. આ રીતે આ વિદ્યાર્થીઓનું કાર્ય પૂર્ણ થાય છે.

# મુંબઈ ઍરપોર્ટ પર ૨૩ કરોડનો ગાંજો પકડાયોઃ ત્રણ પ્રવાસીની ધરપકડ

મુંબઇઃ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર છેલ્લા આઠ દિવસમાં ૨૩.૫૯ કરોડ રૂપિયાનો ગાંજો પકડી પાડીને ત્રણ પ્રવાસીની ધરપકડ કરી હતી. ૧૭ ફેબ્રુઆરીથી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ત્રણેય પ્રવાસી બેંગકોકથી ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યા ત્યારે શંકાને આધારે તેમને તાબામાં લેવામાં આવ્યા હતા. તેમના સામાનની તલાશી લેવાતાં અંદર છુપાવવામાં આવેલો દાણચોરીનો ૨૩ કિલો હાઇડ્રો ગાંજો મળ્યો હતો. આથી ત્રણેય વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પ્રવાસીઓએ બેંગકોકમાં એ ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં કઇ વ્યક્તિઓ સુધી પહોંચાડવાના હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે.

બીજ તરફ એરપોર્ટ પર ત્રણ પ્રવાસી પાસેથી દાણચોરીનું ૮૫.૩૫ લાખ રૂપિયાનો સોનું પણ જપ્ત કરવામાં આવ્યું હતું. ત્રણેય વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન માન્ય લાઇસન્સ વિના દવાની નિકાસ કરવાનો પ્રયાસ કરી રહેલા એક પ્રવાસીને તાબામાં લેવામાં આવ્યો હતો. તેની પાસેથી મળેલી દવાઓ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની જોગવાઇઓ હેઠળ જપ્ત કરવામાં આવી હતી.

## હિન્દુ મરણ

મુ. સિહોર નિવાસી હાલ મુંબઈ, સ્વ. નલીનકાંત દ. પંડ્યાનું તા. ૨૪-૦૨-૨૬નાં રોજ અવસાન થયેલ છે, જેમની સંયુક્ત પક્ષની સાદડી તા. ૨૬-૦૨-૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦થી ૫.૩૦. તે સ્વ. કાન્તાબેન જે. રાજ્યગુરુના સુપુત્ર. સ્વ. રજનીકાંત દ. પંડ્યાના નાનાભાઈ. ગં. સ્વ. ઈન્દુબેન ર. પંડ્યાના દિયર. ગં. સ્વ. ઉષાબેનના પતિ. કીર્તિબેનના પિતા. અતુલભાઈ રાજ્યગુરુના સસરા. સ્વ. કેશવલાલ નાનાલાલ ઉપાધ્યાયના જમાઈ. ઠે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફુટ રોડ, ગારોડીયાનગર, ઘાટકોપર (ઈસ્ટ).

**કોળી પટેલ**

ગામ ખરસાડ ઓરી ફળિયાના રહેવાસી મુંબઈ (હાલ ફોર્ટ) રમેશભાઈ નારણભાઈ પટેલ (ઉં.વ.૭૧) શુક્રવાર, તા.૨૦-૦૨-૨૬ના અવસાન પામેલ છે. તે ઉષાબેનના પતિ. ફાલ્ગુની, કિંજલ, સ્નેહાના પપ્પા. આસિફ, ગણેશના સસરા. અરમાન, વૈષ્ણવી, લાવન્યાના નાના. હરીલાલભાઈ, સ્વ. રાજુભાઈના ભાઈ. બેસણું ગુરુવાર, ૨૬-૨-૨૬ના ૨ થી ૫ નિવાસસ્થાને. ૧૨મું પુષ્પપાણી સોમવાર, ૨-૩-૨૬ના ૨ થી ૩.૩૦ નિવાસસ્થાને. નિવાસસ્થાનઃ ૨૫/સી, રૂમ નં.૪, મારુતી લેન, ગ્રાઉન્ડ ફ્લોર, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.

**ઘોઘારી લોહાણા**

હર્ષદભાઈ (ઉં. વ. ૭૭) તે સ્વ. મુક્તાબેન કાંતિલાલ ચિત્તલિયાના પુત્ર. સ્વ. સુશીલાબેન, સ્વ. નલિનીબેન, સ્વ. હીરાબેન, સ્વ. વસંતભાઈ, કલ્પનાબેનના ભાઈ. જ્યોતિ, કિરણ, કીર્તિ, ઈલા, નિલમ, વર્ષા, રેખા, હરીશના મામા, ચાર્મીના કાકા ૨૨/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા સોરઠીયા વણિક**

ઓસાવાડા, હાલ અંધેરી, સ્વ. કેશવલાલ કરસનદાસ ઝવેરી (ઉં. વ. ૮૮) તે સ્વ. ઇન્દુમતીબેનના પતિ. જ્યોતિ અજય અને વિજયના પિતા. સ્વ. પ્રકાશ લીના અને સોનલના સસરા. સ્વ. ગોકળદાસ, સ્વ. મનસુખલાલ, જયંતીલાલ, હસમુખલાલ, સ્વ. કમળાવતી વલ્લભદાસ ગાંધીના મોટાભાઈ. રહિજવાળા સ્વ. વલ્લભદાસ ગોવિંદજી શાહના જમાઈ તા. ૨૨/૨/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સોમપુરા બ્રાહ્મણ પ્રભાસ પાટણ સોમનાથ**

પ્રફુલ મોહનલાલ કાપડિયા (ઉં. વ. ૭૨) સ્વ. મોહનલાલ તથા ક્રિષ્નાબેનના સુપુત્ર. જ્યોતિના પતિ. કેતકી દિવ્યા તથા સાગરના પિતા. સ્વ. લીલીબેન, સ્વ. હંસાબેન, નિર્મળાબેન, ચંદ્રકાંત, સ્વ. જયદેવના ભાઈ, મેહુલકુમાર, અંતરકુમાર, કિંજલના સસરા. ૨૨/૨/૨૬ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૬/૨/૨૬ના રોજ ૫ થી ૭. સોનીવાડી, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

ભાવનગર નિવાસી હાલ મીરારોડ, સ્વ. મધુકાંતાબેન ભુપતરાય મણિયારના સુપુત્ર બાલકિશન મણિયાર (ઉં.વ.૬૪) તા. ૨૦-૨-૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે બિન્દુબેન (નાનુબેન)ના પતિ. નિખિલ કોમલના પિતા. સ્વ. ગુણવંતરાયના ભાઈ. સ્વ. મુક્તાબેન મનસુખલાલ શાહના જમાઈ. તેમની સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સિધ્ધપુર સંપ્રદાય ઔદિચ્ય સાડા-ચારસો બ્રાહ્મણ**

દિપકભાઈ (ઉં. વ. ૬૯) તે સ્વ. મુકતાબેન અનંતરાય શુકલના પુત્ર, ઉર્વશીના પતિ. જીગરના પિતાશ્રી. ચિ. માનસીના સસરા. હર્ષાબેન સુરેશભાઈ પુરોહિત અને આશા જયંતભાઈ જોષીના ભાઈ. સ્વ. લાભુબેન ગોપાળજી જીવરામ ઉપાધ્યાયના જમાઈ. રવિવાર, તા. ૨૨/૦૨/૨૬નાં રોજ કૈલાસવાસી થયેલ છે, પ્રાર્થનાસભા તા. ૨૬/૦૨/૨૬ને ગુરુવારના ૪:૩૦ થી ૬:૦૦. કોમ્યુનિટી હોલ, પ્રેસિડેન્શિયલ ટાવર, એલ. બી.એસ. માર્ગ, આર સીટી મોલની સામે, ઘાટકોપર-વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**ઔદિચ્ય બ્રાહ્મણ**

મૂળ ગામ ભરુચ, હાલ સાન્તાક્રુઝ, લલીતભાઈ મહેન્દ્રભાઈ પંડ્યા (ઉં. વ. ૭૬) તા. ૨૦/૨/૨૬નાં રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. હર્ષાબેનના પતિ. રસેશ, નિશા, દીપાના પિતા. પ્રિયંકા, જીતેન્દ્રભાઈ, રાહુલભાઈના સસરા. ક્રિદયના દાદા. રીતિશા, ધ્રુવિકા, વિવાનના નાના. તેમની પ્રાર્થનાસભા તા. ૨૬/૨/૨૬ને ગુરુવારે, સાંજે ૫ થી ૭, વિશ્વેશ્વર ભવન, પહેલે માળે, સંન્યાસ આશ્રમ, વિલે પારલે વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

મૂળ ભાવનગર નિવાસી હાલ બોરીવલી, હરીશભાઈ રમણીકલાલ શ્રીમાકર (ઉં. વ. ૭૪) તે ગો.વા. ભાવનાબેનના પતિ. રાહુલના પિતાશ્રી. ગો.વા. લાભુબેન અને સ્વ રમણીકલાલ ફુલચંદ શ્રીમાકરના પુત્ર. સ્વ. દુર્લભજી ભીમજી સાંગાણીનાં જમાઈ. ગો.વા. જયંતભાઈ, ગો.વા. અજયભાઈ, ગો.વા. યોગેશભાઈ તથા વિજયભાઈના ભાઈ તા. ૨૩.૦૨.૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વડનગર દશાનાગર વણિક**

હાલ વાલકેશ્વર નિવાસી, હેમા હસમુખ શાહ (ઉં. વ. ૭૫) તે સ્વ. હસમુખ શાહના પત્ની. નેહલના મમ્મી. સ્વ. નવનીતલાલ શાહના પુત્રવધૂ. સ્વ. શકુંતલાના જેઠાણી, નરેન્દ્ર, સોના, સ્વ. ધ્રુવલતા, સ્વ. માલવિકા, ભારતી, અમિતા, ગીતા જગદીશ પરીખના ભાભી. સ્વ. માણેકલાલ તથા તારાબેન મહેતાની પુત્રી તા. ૨૩.૦૨.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

અ. સૌ. મંગળાબેન (ઉં. વ. ૮૦) તે પ્રભુલાલ રાઘવજી ચોથાણીના ધર્મપત્ની ગામ ગઢશીશા હાલે (મુલુંડ) તે સાકરબેન કલ્યાણજી ચંદનના પુત્રી. અ. સૌ. ગીતા રસિક ગણાત્રા, અ. સૌ. ભગવતી કિશોર જોશી, આશાબેનના માતુશ્રી. સ્વ. મનજી કલ્યાણજી ચંદન અને કાશીબેનના મોટાબેન. તે પુનીત, મંગલ ને ભુક્તિના નાની ૨૩-૨-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**મોઢ ચાતુર્વેદીય બ્રાહ્મણ**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી હિતેશ રમણલાલ ત્રિવેદી (ઉં. વ. ૪૭) સ્વ. રમણલાલ અ. ત્રિવેદી અને સ્વ. તારામતી ત્રિવેદીના પુત્ર. સચિન અને નિમેષના ભાઈ. દેવયાની અને બીનાના દિયર. વેદાંત અને વ્યોમના કાકાશ્રી ૨૨-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટીયા**

મૂળ વતન જામનગર હાલ મુંબઈ સ્વ. શાંતાબેન તુલસીદાસ વેદના પુત્ર વિજય તુલસીદાસ વેદ (ઉં. વ. ૭૬) તે આશાના પતિ. અ. સૌ. લીના પરાગ મહેતા અને સોનલના પિતા. સ્વ. હરેન્દ્ર અને સ્વ. નીરૂબેન ભગવાનદાસ ધુતીયાના ભાઈ. સ્વ. સુશીલા શામજી પરમાનંદ કાપડીયાના જમાઈ. અનન્યાના નાના ૨૩-૨-૨૬, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

મૂળ પરિયા નિવાસી હાલ બોરીવલી, ધનસુખ પ્રાણજીવન પંચાલ (ઉં. વ. ૭૪) તે દક્ષાબેનના પતિ. અમિત તથા નીતાના પિતા. અશ્વિની તથા સચિનના સસરા. રિયાનના દાદા. લાવણીયાના નાના, તા. ૨૨/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૬/૨/૨૬ના રોજ ૪ થી ૬. વીવી હોલ, સોનીવાડી, ચોક સિમ્બોલિક ક્રોસલેન, નિયર એસવી રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વણિક જૂનાગઢ**

હાલ નિવાસી બોરીવલી, સ્વ. લલીતભાઈ ત્રિભુવનદાસ દેસાઈના સુપુત્ર નીમીષ તે સરલાબેનના પુત્ર. અમીતાના પતિ. મયુરના મોટાભાઈ. દિપાલીના જેઠ તા. ૨૩-૨-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૨૬-૨-૨૬ના રોજ સાંજે ૫થી ૭. ઠે. કાંદિવલી રિક્રિયેશન ક્લબ, શાંતીલાલ મોદી માર્ગ, કાંદિવલી (વેસ્ટ).

## પારસી મરણ

પરવીન કેરસી કોલાહ તે કેરસીના ધન્યાની. તે મરહુમો પુતલા એરવદ ફીરોઝશા દસ્તુરના દીકરી. તે અશીશના માતાજી. તે શહારુખ, રયોમંદ, રુઝાન ને મરહુમ ફરઝાદના મામી. તે શનોબર શાહરુખ નરોલીયાના મામીસાસુ. તે નરગીશ, ફ્રેની ને મરહુમ મનીના ભાભી. (ઉં. વ. ૬૮) ઠે. પારસી પંચાયત, ૧૨૧ ઓગસ્ટ ક્રાંતિ મેદાન, કેમ્પસ કોર્નર, મુંબઈ-૪૦૦૦૩૬. ઉઠમણાની ક્રિયાઃ તા. ૨૫-૨-૨૬ ને બપોરે ૩-૪૫ વાગે ઉપરની ભાભા નં. ૨ ડુંગરવાડી પર.

નાજુ દારા દસ્તુર તે મરહુમ એરવદ દારાના ધન્યાની. તે મરહુમો હોમાય હોમી દરબારીના દીકરી. તે લોરા ને હોશીના જમઈ. તે પરવેઝના બહેન. તે આરઝીન ને ફરઝાદના મમઈ. તે મીયા ને જેમઝના બપઈ. (ઉં. વ. ૮૧) ઠે. હિલ્લા ટાવર, એ-વીંગ, ફલેટ નં. ૧૫૦૧, ૧૫ માળે, ડૉ. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાની ક્રિયાઃ તા. ૨૫-૨-૨૬ના દીને બપોરે ૩-૪૦ વાગે લાલબાગ અગિયારી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરાપુર નિવાસી હાલ કાંદીવલી, પ્રવિણચંદ્ર રામજીભાઈ મડિયા (ઉં. વ. ૮૫) તા. ૨૩/૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. ચેતન નિલય વૈશાલી શેઠના પિતા. સ્વ. અસ્મિન શેઠ, પ્રાચી તથા વૈશાલીના સસરા. સ્વ. જમનાદાસ, સ્વ. પ્રાણકુંવરબેન જીવનલાલ બાખડા, સ્વ. પ્રભાબેન ભાઈચંદભાઈ દેસાઈ, નિર્મળાબેન શશીકાંતભાઈ મહેતાના ભાઈ. સ્વ. વેણીલાલ કેશવલાલ શેઠના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૬-૨ ૨૬ના રોજ ૪ થી ૬. લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની પાસે, કાંદીવલી વેસ્ટ.

**પાટણ દશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી કનાસાનો પાડો, હાલ ગોરેગામ, હરેશભાઈ પુનમચંદ શાહ (ઉં. વ. ૮૫) પુષ્પાબેનના પતિ. નીજલ, તેજલ, બીજલના પિતાજી. દેવેશભાઈ, પ્રીતેશભાઈ, શિલ્પેશભાઈના સસરા. ખુશ્બુ, ચાંદની, શચી, પંક્તિ, રીવા, મોક્ષના નાના. સ્વ. નવિનભાઈ (ભાણાભાઈ), સ્વ. જશવંતલાલ, સ્વ. સુશીલાબેન, સ્વ. ગુણીબેન, સ્વ. નિર્મલાબેનના ભાઈ. સ્વ. રસિકભાઈ જમનાદાસના જમાઈ. તા. ૨૨/૦૨/૨૬, રવિવારના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ વિશા શ્રીમાળી શ્વે.જૈન**

મૂળી નિવાસી હાલ ભાયંદર, સ્વ. જગજીવન મેઘજી કોઠારીના પુત્ર સ્વ. લક્ષ્મીકાંત જગજીવન કોઠારીના ધર્મપત્ની કમળાબેન (ઉં. વ. ૯૨) સોમવાર તા. ૨૩-૦૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કમલેશ - નેહા કમલેશ કોઠારી, નીતિન, હર્ષા જયેન્દ્રકુમાર શાહ, મીના કેતન પરીખના માતાશ્રી. સિદ્ધાંતના દાદી. સ્વ. ચંદ્રકાંતભાઈ - સુર્યાબેન, યશવંતભાઈ-વીણાબેન, અનસુયાબેન જશવંતભાઈ, સ્નેહલતાબેન હરીલાલના ભાભી. પિયરપક્ષે વણા જોરાવરનગર નિવાસી સાકરચંદ ડોસજીભાઈ શાહના દિકરી. બંને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના હરખચંદ ભાણજી સાવલા (ઉં. વ. ૭૮) તા. ૨૩-૦૨-૨૬ના અવસાન પામેલ છે. ભાણબાઇ ભાણજી કોરશી સાવલાના સુપુત્ર. હેમલતાના પતિ. ભાવના, દિપકના પિતા. લખમીબાઇ, ટોકરશી, વિમળા, જયંતીલાલના ભાઇ. રામાણીયાના પાનબાઇ નાનજી ધારશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરખચંદ સાવલા, ૩૦૩, આયેશા એપાર્ટમેન્ટ, ૨ જી હસનાબાદ લેન, સાંતાક્રુઝ (વેસ્ટ).

નાના ભાડિયાના લક્ષ્મીબેન જેઠાલાલ મારૂ (ઉં. વ. ૮૬) તા. ૨૧.૨.૨૦૨૬ ના અવસાન પામ્યા છે. પનઈબાઈ વેલજીના પુત્રવધૂ. જેઠાલાલના ધર્મપત્ની. મુક્તા, હસમુખ, પ્રવિણા, અરૂણા, શીલાના માતુશ્રી. બિદડાના પાનબાઈ રામજી ફુરિયાના સુપુત્રી. ભવાનજી, વલ્લભજી, મણીલાલ, કાંતિલાલ, લીલાવંતીના બહેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.: કરશન લઘુ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. જયશ્રી મારૂ : ડી-૪૧/એસ-૧૦, ન્યુ અમર જ્યોતી, એમ.જી. કોમ્પલેક્સ, સે.-૧૪, વાશી, નવી મુંબઈ.

કપાયા હાલે જાલનાના માતૃશ્રી વિજયાબેન જયંતીલાલ કેનિયા (ઉં. વ. ૮૫) તા. ૨૧-૦૨ ના માંદગી થી અવસાન પામેલ છે. સ્વ. ઉમરબાઈ ઉમરશીના પુત્રવધૂ. સ્વ. જયંતીલાલના ધર્મપત્ની. હરેશ, પરેશ, સીમાના માતુશ્રી. કાંડાગરા હીરબાઇ ખીમજી નાગપારના સુપુત્રી. હિરજી, પ્રેમજી, વીરચંદ, મુંબઈ મધુરી સીતારામના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે.હરેશ કેનિયા, આશીર્વાદ બિલ્ડિંગ, પહેલે માળે, પ્રિયંકા રેસીડેન્સી, માતૃત્વ હોસ્પિટલ પાસે, મંઠા ચૌફુલી, જાલના.

બિદડાના આણંદજી શામજી ઉમરશી છેડા (ઉં. વ. ૮૬) તા. ૨૨-૨-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી ગાંગબાઇ શામજીના સુપુત્ર. હેમલતા (દમયંતી)ના પતિ. શૈલા, દિનેશ, પ્રીતીના પિતા. મેરાવાના મેઘબાઇ રતનશી દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. દિનેશ છેડા, રૂમ નં. ૨, મંત્રી ચાલ, ચેમ્બુર નાકા, મુંબઇ-૭૧.

દેશલપુર (કંઠી)ના પ્રકાશ હીરજી ગંગર (ઉં. વ. ૬૩) તા. ૨૩.૨.૨૬ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન હીરજીના સુપુત્ર. દિપીકાના પતિ. તેજલ, તેજશના પિતાશ્રી. ગિરીશ, તુંબડીના ચંદન ભાઈલાલ બૌઆ, રાજકોટના વર્ષા નરેશ પરમારના ભાઈ. જવેરબેન હંસરાજ પુનશી ગલિયાના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. પ્રકાશ ગંગર : આર્જેન્ટ સિલ્વર આર્ચ, સીંધી સોસાયટી, ચેમ્બુર, મુંબઈ-૭૧.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. મહાસુખલાલ નાગરદાસ શાહના ધર્મપત્ની જસવંતીબેન (ઉં.વ. ૮૯) સોમવાર, તા. ૨૩-૦૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે દીપકભાઈ, મયુરભાઈ, નેહલબેનના માતુશ્રી. દક્ષાબેન, ચૈતાલીબેન, સંજયકુમારના સાસુ. સ્વ. છબીલભાઈ, સ્વ. હિમ્મતભાઈ, સ્વ. ચીમનભાઈ, સંથારા આરાધક શોભનાબાઈ મહાસતીજીના ભાભી. નીરવ-રિદ્ધિ, દેવાંગ, હિત-ફોરમ, આશી, હેત, કુશના દાદી-નાની. સ્વ. ત્રિભોવનદાસ રાયચંદ બારભાયાની દિકરી. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૬-૦૨-૨૬ના રોજ ૧૦-૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

નવમા પાનાનું ચાલુ

### મુંબઈની એક

મહાનગરપાલિકા મરાઠી શાળાઓ અંગે ખોટી નીતિ લાગુ કરી રહ્યું છે તેવું ઊભું કરવામાં આવેલું આભાસી ચિત્ર સંપૂર્ણપણે ખોટું છે. પાલિકા બધી મરાઠી માધ્યમ શાળાઓને અસરકારક રીતે ચલાવવા માટે ગંભીરતાથી આયોજન અને પગલાં લઈ રહ્યું છે.

મુંબઈના દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવું જોઈએ એ પાલિકાનું ધ્યેય છે. એટલા માટે જ બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને તેની શાળાઓને એક નવું સ્વરૂપ આપ્યું છે જેને મુંબઈ પબ્લિક સ્કૂલ કહેવામાં આવે છે. મુંબઈ પબ્લિક સ્કૂલ એક ક્રાંતિ છે. બીએમસી મુંબઈ પબ્લિક સ્કૂલ પ્રોજેક્ટ હેઠળ શહેરની ઘણી શાળાઓ હવે CBSE, ICSE, IGCSE અને IB જેવા આંતરરાષ્ટ્રીય બોર્ડ સાથે જોડાયેલી છે.

### લાંચ વિવાદમાં

લાંચના આરોપસર ધરપકડ કર્યા બાદ તેમની સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માગ કરી હતી. ૧૨ ફેબ્રુઆરીએ એસીબીએ એફડીએ ક્લર્ક રાજેન્દ્ર ઘેરંગેને મંત્રાલય ખાતે રૂ. ૩૫ હજારની લાંચ લેતા રંગે હાથે પકડ્યો હતો. પ્રધાન ઝીરવળના અંગત સચિવ ડો. રામદાસ ગાડેને પણ તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા અને લાંચ સંબંધિત સ્ટિંગ ઓપરેશન બાદ તેમના મૂળ વિભાગમાં ફરી હાજર થવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. લાંચના કિસ્સાઓ પર થયેલા વિરોધ બાદ, ઝીરવળે કહ્યું હતું કે જો તેમની અને આરોપી ક્લર્ક વચ્ચે કોઈ કડી સ્થાપિત થશે તો તેઓ રાજીનામું આપી દેશે. (પીટીઆઈ)

### મહારાષ્ટ્ર કોંગ્રેસના

જનપ્રતિનિધિઓની સલામતી અંગે ચિંતા ઉભી કરે છે. તેમણે ઉમેર્યું કે પઠાણનો કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિ સાથે કોઈ સંબંધ નથી.

બિશ્નોઈ ગેંગ મુંબઈમાં કેટલીક સનસનાટીભર્યા ગુનાઓમાં સંડોવાયેલી હોવાની શંકા છે, જેમાં ઓક્ટોબર ૨૦૨૪માં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની હત્યા અને બોલિવૂડ કલાકારોને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે.

પોલીસ આ મહિનાની શરૂઆતમાં ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના નિવાસસ્થાને થયેલા ગોળીબારમાં સિદ્દીક હત્યા કેસના આરોપી શુભમ લોંકરની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. વધુમાં ૨૦૨૪ માં અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાને ગોળીબારની ઘટના પાછળ બિશ્નોઈ ગેંગનો હાથ હોવાની પણ શંકા છે.

આ બધા કેસોમાં અનેક વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. (પીટીઆઈ)

### રાજ્યસભાની ચૂંટણી

દેવેન્દ્ર ફડણવીસના નિવાસ સ્થાને કોર કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. પાર્ટી આ વખતે રાજ્યસભાની ચાર સીટો માટે ઉમેદવાર ઉતારવાની તૈયારીમાં છે. આમાં રામદાસ આઠવલેનું નામ લગભગ નક્કી માનવામાં આવે છે. જ્યારે વિનોદ તાવડે,વિજયા રહાટકર અને ધૈર્યશીલ પાટિલના નામો ચર્ચામાં છે.

મહારાષ્ટમાં આ વખતે રાજ્યસભાની સાત બેઠક ખાલી છે અને ૨૮૬ વિધાયકોના આધારે એક ઉમેદવારને જીતવા માટે ૩૭ વોટોની જરૂર પડશે. આંકડા પ્રમાણે,શાસક મહાયુતિ પાસે સ્પષ્ટ બહુમતી છે. એકલા બીજેપી પાસે કુલ ૧૩૨ વિધાયકોનું સમર્થન છે,જેથી તેના ૩ થી ૪ સાંસદ ચૂંટાઈ શકે છે. જ્યારે શિવસેના (શિંદે જૂથ) પાસે ૫૮ વિધાયકોનું સમર્થન છે જેના આધારે તે એક બેઠક મેળવી શકે છે. જ્યારે એનસીપી (અજિત પવાર જૂથ) પણ એક બેઠક મેળવી શકે છે તેમની પાસે ૪૦ વિધાયક છે.

### અમેરિકાના નાગરિકોને

હતી. પોલીસે કૉલ સેન્ટરમાંથી પાંચેય આરોપીની ધરપકડ કરી ચાર લૅપટોપ, ૧૨ મોબાઈલ ફોન, રાઉટર, ડોંગલ જપ્ત કર્યાં હતાં. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓ અમેરિકન નાગરિકોના મોબાઈલ નંબર અને અન્ય જરૂરી વિગતો પ્રાપ્ત કરતા હતા. પછી માઈક્રોસોફ્ટ અથવા ઍપલ કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં અમેરિકનોને કૉલ કરતા. તેમના ડિવાઈસમાં વાઈરસ હોવાથી તેનો હલ લાવવાની વાત કરતા. પછી ડિવાઈસ હૅક થઈ ગયો હોવાનું જુઠ્ઠાણું ચલાવતા. આ પ્રોબ્લેમ સૉલ્વ કરવાને બહાને તેમની પાસેથી વિવિધ ગિફ્ટ કાર્ડ્સ પેટે નાણાં પડાવતાં. પોલીસના જણાવ્યા મુજબ દરેક અમેરિકન પાસેથી ૫૦૦થી ૪૦૦૦ અમેરિકન ડૉલરનાં ગિફ્ટ કાર્ડ મેળવતાં. પછી એ કાર્ડની રકમ યુએસડીટીમાં કન્વર્ટ કરીને હવાલાથી રોકડ સ્વીકારતા હતા. આરોપીઓ વિરુદ્ધ પાલઘર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

### ઍરપોર્ટ બહાર

પ્રવાસીઓ છેતરપિંડીનો ભોગ બને છે. કહેવાય છે કે અનેક વાર અન્ય માર્ગે ફેરવીને ટ્રાફિકનું બહાનું કરી પ્રવાસીઓ પાસેથી વધુ ભાડું કૅબ ડ્રાઈવરો દ્વારા વસૂલવામાં આવે છે. આ ભાડું પાછું હજારોની સંખ્યામાં હોય છે. નિયત સ્થળે પહોંચ્યા પછી પ્રવાસીઓ સાથે રકઝક કે ધાકધમકીથી ભાડા પેટે મોટી રકમ વસૂલવાના પણ કિસ્સા સામે આવ્યા છે. હાલમાં જ વિદેશી પર્યટક સાથે બનેલી ઘટના સોશ્યલ મીડિયા પર શૅર કરવામાં આવી હતી, જેને આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. આ વિદેશી પર્યટક પાસેથી ઍરપોર્ટથી માત્ર ૪૦૦ મીટરના અંતરે આવેલી હોટેલ સુધી જવાના ખાસ્સા ૧૮ હજાર રૂપિયા પડાવવામાં આવ્યા હતા. એ જ રીતે થાઈલૅન્ડથી આવેલા એક દંપતીને વડાલા છોડવાના ટૅક્સીવાળાએ ત્રણ હજાર રૂપિયા વસૂલ્યા હતા. જોકે વડાલા સુધીનું ટૅક્સી ભાડું માત્ર ૫૦૦થી ૬૦૦ રૂપિયા થતું હોવાનું કહેવાય છે. વળી, એક પ્રવાસીએ ઍરપોર્ટથી વિલેપાર્લે સ્ટેશન સુધીના ૨,૮૦૦ રૂપિયા ભાડું ચૂકવવું પડ્યું હતું, જ્યારે આ અંતર માત્ર દસથી પંદર મિનિટનું જ છે. એવી માહિતી સામે આવી રહી છે કે ઍરપોર્ટના ટી-ટુ ટર્મિનલ બહાર ગેરકાયદે ઑફલાઈન બુકિંગ કરનારા અનેક એજન્ટ સક્રિય છે. આ એજન્ટ સસ્તા દરે કૅબ અપાવવાની લાલચે પ્રવાસીઓને આવા ઠગ ટૅક્સીવાળા સુધી દોરી જાય છે. આ રીતે છેતરાયેલા પ્રવાસીઓ સમય બચાવવા તેમ જ લમણાઝીંકમાં ન પડવાના વિચારથી પોલીસ ફરિયાદ નોંધાવવા આગળ આવતા નથી. જોકે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરીને મનનો ઊભરો ઠાલવે છે. એ સિવાય ટૅક્સીવાળા સાથે આર્થિક વ્યવહાર રોકડમાં અથવા યુપીઆઈથી થતા હોવાથી રૅકેટનું પગેરું શોધી કાઢવું પોલીસ માટે મુશ્કેલ બની જાય છે. પરિણામે બેરોકટોક આ લૂંટ ચલાવવામાં આવે છે.

### ત્રણ વર્ષ બાદ

થયા બાદ ૮ માર્ચ, ૨૦૨૨થી પાલિકાના કમિશનર પ્રશાસક તરીકે કામકાજ જોઇ રહ્યા હતા. તે પહેલા ૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ઇકબાલસિંહ ચહલે તત્કાલીન સ્થાયી સમિતિના અધ્યક્ષ યશવંત જાધવ સમક્ષ બજેટ રજૂ કર્યું હતું. ત્યાર બાદ ૨૦૨૩થી ૨૦૨૫ સુધી સતત ત્રણ વર્ષ માટે પાલિકાના વહીવટદાર વતી બજેટ રજૂ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન પાલિકા વતી મુંબઈમાં ૨,૩૩,૦૦૦ કરોડ રૂપિયાના માળખાકીય પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના સિમેન્ટ કોંકીટ રસ્તાઓ, ૧૪,૦૦૦ કરોડના ગોરેગામ-મુલુંડ લિંક રોડ, વર્સોવા-દહિસર-ભાયંદર ઉન્નત માર્ગ, ૨૭,૦૦૦ કરોડના સાત ડ્રેનેજ પ્રોજેક્ટ શરૂ છે. આથી પાલિકા પહેલેથી જ જૂના પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા પાછળ લાગી છે, જેને કારણે આ વર્ષના બજેટમાં કોઇ નવા પ્રોજેક્ટ્સની જાહેરાત થવાની અપેક્ષા નથી, પરંતુ પાલિકા વહીવટીતંત્ર હાલમાં ચાલી રહેલા મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ માટે ભંડોળ પૂરું પાડવા અને તેમને ગતિ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશએ.

### ડ્રગ્સની હેરાફેરી

જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે કુરિયર કંપની દ્વારા ડ્રગની ડિલિવરી કરવામાં આવશે તેને પણ આરોપી અને જવાબદાર ગણવામાં આવશે અને તેને સહ-આરોપી બનાવવામાં આવશે. ડ્રગના વેપારમાં સામેલ પોલીસ કર્મચારીઓને સેવામાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભાએ ગયા વર્ષે ડ્રગ પેડલર્સ અને નાર્કોટિક્સ ગુનાઓને કડક સંગઠિત ગુના વિરોધી કાયદા એમસીઓસીએના દાયરામાં લાવવા માટે એક બિલ પસાર કર્યું હતું.

૧૯૯૯ માં પસાર થયેલ એમસીઓસીએના એકલા અથવા સંયુક્ત રીતે, સંગઠિત ગુનાને, ગેરકાયદેસર પ્રવૃત્તિ તરીકે ગણે છે. હાલમાં ડ્રગ્સના વેપારમાં સામેલ લોકો પર નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવે છે. એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરાયેલા લોકોને જામીન મળે છે અને તેઓ ફરીથી તેમની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ કરે છે, તેથી તેમણે ગયા વર્ષે એમસીઓસીએ હેઠળ કાયદામાં સુધારો કરવા માટે દબાણ કર્યું હતું, એમ ફડણવીસે કહ્યું હતું.

### કોંગ્રેસનાં પ્રજ્ઞા

પણ સતેજ પાટીલના સૂરમાં સૂર મેળવ્યો હતો. રામ શિંદેએ વિપક્ષી પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા આક્ષેપ સામે વાંધો ઉઠાવ્યો. રાજીનામાના અઢી મહિના પછી તમે આક્ષેપ ન કરી શકો એમ સ્પીકર રામ શિંદેએ જણાવ્યું.

રામ શિંદેએ ગૃહમાં વધુમાં જણાવ્યું હતું કે ‘મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યો દ્વારા વિધાન પરિષદમાં ચૂંટાયેલા સભ્ય ડો. પ્રજ્ઞા રાજીવ સાતવે મહારાષ્ટ્ર વિધાન પરિષદ બેઠક પરથી રાજીનામું મને સુપરત કર્યું છે. મેં ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ના દિવસે તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે.

### મુંબઈમાં ૧,૦૦૦થી

બતાવો નોટિસ આપવામાં આવે છે અને પછી જો તેઓ પાલન ન કરે તો કામ બંધ કરવાનો આદેશ આપવામાં આવે છ, એમ તેમણે જણાવ્યું હતું. ટેકનોલોજી-આધારિત દેખરેખ માટેના દબાણ પર પ્રકાશ પાડતા તેમણે માહિતી આપી કે જાન્યુઆરી સુધીમાં શહેરમાં ૨,૨૨૪ સક્રિય બાંધકામ સ્થળોમાંથી ૧,૯૫૨ પર હવા ગુણવત્તા સેન્સર પહેલેથી જ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

### પ્રોપર્ટી ટેક્સ

આપવામાં આવી છે. આ સમયમર્યાદામાં કર ન ભરાય તો લિલામી કરવામાં આવશે. તે માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. આ દરમિયાન પ્રોપર્ટી ટેક્સ બાકી રાખનાર સંસ્થાઓ સામે આવી જ કડક કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે. આ જ અંતર્ગત પાલિકાના એચ પશ્ચિમ, એસ, આર દક્ષિણ અને ઈ વોર્ડ માં ડિફોલ્ટરની મિલકતો પર સુધારેલા મુંબઈ મહાનગરપાલિકા અધિનિયમ, ૧૮૮૮ ની કલમ ૨૦૬ (૨) મુજબ લિલામી નોટિસ જારી કરવામાં આવી છે. આ ૧૨ મિલકતોની જાહેર ઇ-લિલામી દ્વારા વેચાણ કરવામાં આવશે.

તેમાં એચ પશ્ચિમ વિભાગમાં મેસર્સ સુમેર એસોસિયેટ્સના નામે નોંધાયેલ પ્લોટ (બાકી રકમ ૧૮૮ કરોડ ૪૬ લાખ ૨૪૭ રૂપિયા), અંધેરી પૂર્વ ખાતે વલ્લભદાસના નામે નોંધાયેલ વ્યાવસાયિક ઈમારત (બાકી રકમ ૪૭ કરોડ ૦૨ લાખ ૯૯ હજાર ૬૮૭ રૂપિયા), આર દક્ષિણ વિભાગમાં કાંદિવલી પૂર્વ ખાતે વિઠ્ઠલરાવ ખાપરેના નામે નોંધાયેલ પ્લોટ (બાકી રકમ ૬૪ લાખ ૨૯ હજાર ૪૬૧ રૂપિયા), એચ પશ્ચિમ વિભાગમાં સેતપાલના નામે પ્લોટ (બાકી રકમ ૧૦ કરોડ ૪ લાખ ૨૭ હજાર ૮૨૫ રૂપિયા), ઈ વિભાગમાં રે રોડ ખાતે મુલ્લા ગુલામ અલીના નામે નોંધાયેલ ૩ પ્લોટ (બાકી રકમ અનુક્રમે ૦૯ કરોડ ૩૯ લાખ ૧૦ હજાર ૬૬૮ રૂપિયા, ૦૪ કરોડ ૧૫ લાખ ૧૯ હજાર ૮૩૦ રૂપિયા અને ૮૫ કરોડ ૩૮ લાખ ૭૮ હજાર ૧૮૫ રૂપિયા), એચ પશ્ચિમ વિભાગમાં ખાર ખાતે પી.કે. મોદીના નામે પ્લોટ (બાકી રકમ ૨ કરોડ ૧૪ લાખ ૫૩ હજાર ૦૪૬ રૂપિયા), એચ પશ્ચિમ વિભાગમાં મેસર્સ એલ્કો આર્કેડ રહેણાંક અને બિનરહેણાંક સહકારી ગૃહનિર્માણ સંસ્થાના નામે મિશ્ર ઉપયોગની મિલકત (બાકી રકમ ૯ કરોડ ૭૬ લાખ ૨૦ હજાર ૩૩૬ રૂપિયા), યુસુફ અહમદના નામે ખાર પશ્ચિમ ખાતે પ્લોટ (બાકી રકમ ૨ કરોડ ૪૭ લાખ ૪૫ હજાર ૯૯૯ રૂપિયા), વાંદ્રે ખાતે સેન્ટ પીટર્સ ચર્ચના નામે પ્લોટ (બાકી રકમ ૧૨ કરોડ ૬૪ લાખ ૯૮ હજાર ૭૪૨ રૂપિયા) અને સાંતાક્રુઝ પશ્ચિમ ખાતે હરદેવી પી. રાજપાલના નામે પ્લોટ (બાકી રકમ ૬ કરોડ ૪૯ લાખ ૯૨ હજાર ૫૩૧ રૂપિયા) વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ લેણદારોને કર ભરવા માટે ૨૧ દિવસની અંતિમ નોટિસ આપવામાં આવી છે. આ સમયગાળામાં કર ન ભરાય તો નિયમિત પ્રક્રિયા મુજબ લિલામી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, મિલકત કર ભરવામાં ટાળટૂળ કરનાર તેમજ આર્થિક રીતે સક્ષમ હોવા છતાં મિલકત કર ન ભરનાર મોટા દેવાદારોને બૃહન્મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કલમ ૨૦૩ મુજબ જપ્તીની નોટિસ આપવામાં આવી રહી છે. નિર્ધારિત સમયમર્યાદામાં કર ન ભરાય તો મુંબઈ મહાનગરપાલિકા અધિનિયમ મુજબ સંબંધિત મિલકત પર કલમ ૨૦૩, ૨૦૪, ૨૦૫ અને ૨૦૬ હેઠળ પ્રથમ તબક્કામાં મિલકતમાં રહેલી ચીજવસ્તુઓ જપ્ત કરી લિલામી કરવામાં આવશે. ઉચ્ચ ન્યાયાલયની અરજી ક્રમાંક ૨૫૯૨/૨૦૧૩ના અંતરિમ આદેશ અનુસાર, જો સંબંધિત મિલકત પાસેથી બાકી કર વસૂલ ન થાય તો મિલકતની લિલામી કરવામાં આવશે, એવું નોટિસમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# ટ્રમ્પનું ટૅરિફ ટર્બ્યુલન્સ

ફતવાબાજ ટ્રમ્પે નવી ઊંચી ટૅરિફ માટે નવા માર્ગો શોધી લેવાની ચીમકી ઉચ્ચારી છે, પરંતુ આ તબક્કે આપણે અમેરિકાના સર્વોચ્ચ અદાલતના ટૅરિફ પરના ચુકાદાથી ભારતને થનારી અસરની જાણકારી મેળવીએ




અમેરિકાની સર્વોચ્ચ અદાલતે ડોનલ્ડ ટ્રમ્પે આડેધડ લાદેલી ટૅરિફને ગેરકાયદે ઠેરવીને વિશ્વભરના દેશોને રાહત આપી છે. અમેરિકન સુપ્રીમ કોર્ટે ટ્રમ્પને સ્પષ્ટ ભાષામાં જણાવ્યું છે કે તેણે અધિકાર રેખાની બહાર જઇને લાદેલા ટેરીફના આદેશોને કાયદાની મંજૂરી નથી. આમ તો ટ્રમ્પે જ્યારથી ટેરીફ વોર શરૂ કરી છે ત્યારથી વિશ્વના જે દેશો પર આ વધારાની જકાત લાદવામાં આવી તેના કરતાં વધુ વિરોધ ખૂદ અમેરિકામાં થઇ રહ્યો હતો.

આ રીતે આયાત ખર્ચ વધવાને કારણે અમેરિકાના આયાતકારો, વિતરકો, વિક્રેતા અને ગ્રાહકો તમામ વર્ગ પરેશાન હતા. ભારત પર ખાસ કરીને ટ્રમ્પને પહેલેથી જ દાઝ હોવાથી રશિયન ક્રૂડની આયાતના ‘ગુના’ને ટાંકીને ભારત પર સૌથી વધુ ટેરિફ લાદવામાં આવી હતી. ચીન સામે આંગળી ચીંધતા જાણે ડ્રેગનનો ડર લાગતો હોય એમ લક્ષ્યાંક ભારત પર જ સધાયું હતું અને ભારતને ટૅરિફ ટેરરિસ્ટ દેશ પણ ગણાવ્યો હતો.

ભારતના જીડીપીમાં અમેરિકામાં થતી નિકાસનો કોઇ બહુ મોટો હિસ્સો ના હોવા છતાં ભારતે ચીન જેવું વલણ અપનાવવાનું કેમ ટાળ્યું હતું એ તર્કમાં બેસતું નથી! ખેર યુરોપિયન સંઘ સાથે ‘મધર ઓફ ઓલ ડીલ’ આકાર પામ્યા બાદ ભયભીત થયેલા ટ્રમ્પે ભારત સાથે ૧૮ ટકાના જકાત સ્તરે વાટાઘાટો આગળ વધારી અને સદ્ભાગ્યે તેના પર અંતિમ સહીસિક્કા થાય એ પહેલા સુપ્રીમે કોરડો વીંઝી દીધો છે.

એ વાત નોંધવી રહી કે ટ્રમ્પ મીયાંએ પડવા છતાં ટાંગ ઊંચી રાખીને કહ્યું છે કે, જે વીસેક દેશ સાથે ટ્રેડ ડીલ થઇ છે, એમના પર જકાતના ઊંચા દર જ લાગુ રહેશે. વાત જોકે તર્કસંગત જણાય છે કારણ કે, દ્વીપક્ષીય વ્યાપાર સોદામાં જે તે દેશે જકાતની શરતો મંજૂર રાખી છે અને તેમના દુર્ભાગ્યે અમેરિકાની સર્વોચ્ચ અદાલતનો ચુકાદો પાછળથી આવ્યો છે.

અદાલતનો ચુકાદો આવતા યુરોપના કેટલાક દેશોએ અમેરિકા સાથેના સોદાને સ્થગિત કરવાની હિલચાલ શરૂ કરી છે. જોકે આ હિલચાલથી નારાજ ફતવાબાજ ટ્રમ્પે અદાલતની લપડાક ખાધા છતાં એવી ચીમકી ઉચ્ચારી છે કે જો કોઇ દેશ ઉપરોક્ત ચુકાદાનો આધાર લઇને ટ્રમ્પ સાથે કોઇ ગેમ રમવાની કોશીશ કરશે તો તે અન્ય કાયદાઓનો આધાર લઇને તે દેશો પર વધુ વિકરાળ જકાત ઠપકારશે!

આ તો જોકે ભવિષ્યની વાત થઇ પરંતુ એક સમાચાર અનુસાર સુપ્રીમ કોર્ટ દ્વારા ટ્રમ્પ ટૅરિફને ગેરકાયદે જાહેર કરાયા બાદ હવે યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન ૨૪ ફેબ્રુઆરીથી ભારત સહિતના કોઇપણ દેશ પાસેથી થતી આયાત પર માત્ર ૧૦ ટકા ટેરિફ વસૂલ કરશે અને આ જકાત એક્ઝેમ્પ્ટેડ આઇટમ સિવાયની આયાત પર લાગુ થશે.

નોંધવું રહ્યું કે આ દર ટ્રમ્પે જાહેર કતરેલા ૧૫ ટકાના દર કરતા ઓછો છે. ફાઇનાન્શિયલ ટાઇમ્સના અહેવાલમાં વ્હાઇટ હાઉસના અધિકારીને એવું કહેતા ટાંકવામાં આવ્યા છે કે જકાત દર પાછળથી વધારીને ૧૫ ટકા કરવામાં આવશે, જોકે, આ કથનને સત્તાવાર સમર્તન મળ્યું નથી.

ટ્રમ્પે આ ટૅરિફ આંતરરાષ્ટ્રીય ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ (આઇઆઇઇપીએ) હેઠળ લાદી હતી, પરંતુ અદાલતે તેને રદ જાહેર કરી છે. ભારત માટે આ એક સારા સમાચાર છે, આપણા ઉત્પાદનો હવે અમેરિકાના બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. ટ્રમ્પે પહેલા ૧૦ ટકાની જાહેરાત બાદ ૧૫ ટકાની ટૅરિફનું ઉચ્ચારણ કર્યું છે, પરંતુ તે અગાઉની ૨૫ ટકા અને ત્યારબાદ ટ્રેડ ડીલ હેઠળની ૧૮ ટકા ટૅરિફ કરતાં ઓછી છે.

ભારતીય પોલિસી મેકર્સ હવે અમેરિકા સાથેના વેપાર કરારની શરતો પર નવેસરથી વિચારણા કરી રહ્યા છે. અમેરિકાએ ભારત પર ટૅરિફ લાદવાનું એવું કારણ આપ્યું હતું કે ભારત અમેરિકાના ઉત્પાદનો પર ઊંચા ટૅરિફ લગાવે છે. ટ્રમ્પના ટૅરિફને રદ કરવાના અદાલતના ચુકાદાથી ભારતને કેટલીક રાહત મળી છે, પરંતુ તેની લાંબા ગાળાની અસરો હજુ પણ સ્પષ્ટ નથી. ભારતીય વ્યાપારીઓ અને નીતિનિર્માતાઓ હવે અમેરિકા સાથેના વેપાર કરારની શરતો પર ફરી વિચાર કરી રહ્યા છે.

અમેરિકાના સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી ભારતને કેવી અસર થશે તે હજુ પણ સ્પષ્ટ નથી, પરંતુ તે એક સારા સમાચાર છે કે ભારતીય ઉત્પાદનો હવે અમેરિકાના બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે.

### ક્યા ઉદ્યોગોને ફાયદો થઇ શકે?

**૧. ફાર્માસ્યુટિકલ્સ:** ભારતીય ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓને ફાયદો થશે, કારણ કે તેમના ઉત્પાદનો હવે અમેરિકાના બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. ભારતીય ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગ અમેરિકાના બજારમાં ૨૦ ટકા હિસ્સો ધરાવે છે.

**૨. આઇટી સર્વિસીસ:** આઇટી સેવાઓને ફાયદો થશે, કારણ કે અમેરિકાના બજારમાં તેમની સેવાઓ વધુ સ્પર્ધાત્મક બનશે. ભારતીય આઇટી ઉદ્યોગ અમેરિકાના બજારમાં પચાસ ટકા હિસ્સો ધરાવે છે.

**૩. કેમિકલ્સ અને એન્જિનિયરિંગ:** કેમિકલ્સ અને એન્જિનિયરિંગ ઉદ્યોગોને ફાયદો થશે, કારણ કે તેમના ઉત્પાદનો હવે અમેરિકાના બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. ભારતીય રસાયણો અને એન્જિનિયરિંગ ઉદ્યોગ અમેરિકાના બજારમાં ૧૫ ટકા હિસ્સો ધરાવે છે.

**૪. ટેક્સટાઇલ્સ અને હેન્ડલૂમ્સ:** ટેક્સટાઇલ્સ અને હેન્ડલૂમ્સ ઉદ્યોગોને ફાયદો થશે, કારણ કે તેમના ઉત્પાદનો હવે અમેરિકાના બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે. ભારતીય ટેક્સટાઇલ્સ અને હેન્ડલૂમ્સ ઉદ્યોગ અમેરિકાના બજારમાં ૧૦ ટકા હિસ્સો ધરાવે છે.

### અર્થતંત્ર પર અસર

અમેરિકાના સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી ભારતીય અર્થતંત્રને ફાયદો થવાની શક્યતા છે. ભારતીય ઉદ્યોગોને ફાયદો થશે, જેનાથી અર્થતંત્રને વેગ મળશે. અમેરિકાના બજારમાં ભારતીય ઉત્પાદનો વધુ સ્પર્ધાત્મક બનશે, જેનાથી ભારતીય નિકાસમાં વધારો થશે અને પરિણામે વેપાર ખાધમાં ઘટાડો થશે.

### નિષ્કર્ષ

અમેરિકાના સર્વોચ્ચ અદાલતના ટ્રમ્પના ટૅરિફ પરના ચુકાદાથી ભારતીય ઉદ્યોગોને ફાયદો થવાની શક્યતા છે. ખાસ કરીને ભારતીય ફાર્માસ્યુટિક્લ, આઇટી સર્વિસિસ, કેમિકલ અને એન્જિનિયરિંગ, ટેક્સટાઇલ્સ અને હેન્ડલૂમ્સ ઉદ્યોગોને ફાયદો થશે. અમેરિકાના બજારમાં ભારતીય ઉત્પાદનો વધુ સ્પર્ધાત્મક બનશે, જેનાથી ભારતીય નિકાસમાં વધારો થશે.

આ ચુકાદાથી ભારતીય અર્થતંત્રને ફાયદો થવાની શક્યતા છે. ભારત સરકારે આ તકનો ઉપયોગ કરીને ભારતીય ઉદ્યોગોને વધુ સશક્ત બનાવવા માટે કામ કરવું જોઈએ. જોકે, કોઇપણ પગલું લેતાં પહેલા ટ્રમ્પે અન્ય કાયદાઓનો ઉપયોગ કરીને ઊંચી જકાત પડાવવાની જે ચીમકી ઉચ્ચારી છે તેનું પણ વિશ્લેષણ કરવું અનિવાર્ય છે. ■

પ્રાસંગિક __ અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ટૅરિફ-ટ્રબલ... ટ્રમ્પના દિવસો હવે ગણાઈ રહ્યા છે?

અમેરિકાના રાજકીય ફલક પર ડોનલ્ડ ટ્રમ્પનું પુનરાગમન જેટલું ધમાકેદાર રહ્યું હતું, તેમનો બીજો કાર્યકાળ તેટલો જ વિવાદો અને પડકારોના વંટોળમાં ફસાયેલો છે. વર્તમાન સ્થિતિ એવી સર્જાઈ છે કે જાણે ‘ટ્રમ્પ સામ્રાજ્ય’ના પતન માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે.

સત્તાનાં સૂત્રો સંભાળ્યાના ટૂંકા ગાળામાં જ ટ્રમ્પ વહીવટી તંત્રને જે સૌથી મોટો આંચકો અમેરિકાની સુપ્રીમ કોર્ટ તરફથી આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ૬-૩ની બહુમતી સાથે ટ્રમ્પની મહત્ત્વકાંક્ષી ‘ટૅરિફ નીતિ’ને માત્ર અયોગ્ય જ નહીં, પરંતુ સંપૂર્ણપણે ગેરકાનૂની અને ગેરબંધારણીય જાહેર કરી છે. આ નિર્ણય માત્ર એક કાયદાકીય ચુકાદો નથી, પરંતુ ટ્રમ્પની ‘અમેરિકા ફર્સ્ટ’ નીતિના પાયા હચમચાવી નાખનાર પ્રહાર છે. ‘ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈકોનોમિક પાવર એક્ટ (આઈઈઈપીએ)’ હેઠળ જે રીતે વ્યાપક અને આડેધડ ટૅરિફ લાદવામાં આવ્યા હતા તેને કોર્ટે પ્રમુખના અધિકાર ક્ષેત્રની બહારના ગણાવ્યા છે. આ ચુકાદાએ સ્પષ્ટ કરી દીધું છે કે લોકશાહીમાં કોઈ પણ વ્યક્તિ, ભલે તે પ્રમુખ હોય, તે સંસદના અધિકારો છીનવી શકે નહીં.

આ કાયદાકીય પછડાટની સીધી અસર ટ્રમ્પની લોકપ્રિયતા પર પડી છે. ‘સીએનબીસી’ ટીવી ચેનલના તાજેતરના સર્વે ચોંકાવનારા આંકડા રજૂ કરી રહ્યા છે. ટ્રમ્પની અપ્રુવલ રેટિંગ ઘટીને ૩૫ ટકાના તળિયે પહોંચી ગઈ છે. આ આંકડો તેમના પ્રથમ કાર્યકાળના અંતિમ દિવસોની યાદ અપાવે છે, જ્યારે કોવિડ-૧૯ મહામારી અને આર્થિક મંદીને કારણે જનતામાં ભારે રોષ હતો. આજે ફરીથી ઇતિહાસ પોતે જ એ દિશામાં પુનરાવર્તિત થઈ રહ્યો છે. જનતાના આક્રોશનું મુખ્ય કારણ વધતી જતી મોંઘવારી છે. ટ્રમ્પે લાદેલા ટૅરિફને કારણે આયાતી વસ્તુઓ મોંઘી થઈ છે, જેનો સીધો બોજો સામાન્ય અમેરિકન નાગરિકના ખિસ્સા પર પડ્યો છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જનતામાં એવો સંદેશ ગયો છે કે ટ્રમ્પની આર્થિક નીતિઓ માત્ર આક્રમક જ નહીં, પણ ખામીયુક્ત પણ છે. જ્યારે અદાલતો પ્રમુખની નીતિઓને નકારી કાઢે, ત્યારે જનતાનો વિશ્વાસ ડગમગવો સ્વાભાવિક છે.

ડોનલ્ડ ટ્રમ્પ લોજિક કે વ્યવહારના માણસ નથી. એ પોતાની જીદ માટે કુખ્યાત છે. સુપ્રીમ કોર્ટના આકરા વલણ છતાં, તેમણે નમતું જોખવાને બદલે એક નવો માર્ગ શોધવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ટ્રેડ એક્ટ-૧૯૭૪ ની ૧૨૨મી કલમનો ઉપયોગ કરીને વચગાળાની ૧૦ ટકા અને ત્યારબાદ ૧૫ ટકા ટૅરિફ લાદ્યો છે. જોકે આ જોગવાઈ માત્ર ૧૫૦ દિવસ માટે જ મર્યાદિત રક્ષણ આપે છે, પરંતુ તેનાથી વૈશ્વિક બજારમાં અરાજકતા વ્યાપી ગઈ છે. યુરોપિયન યુનિયન (ઈયુ) એ આ નીતિ સામે યુદ્ધના મંડાણ કર્યા છે. ‘ઈયુ’એ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે તેઓ આ અન્યાયી ટૅરિફ સહન કરશે નહીં અને વળતા પ્રહાર તરીકે અમેરિકન ઉત્પાદનો પર પણ ટેક્સ લાદશે. આ એક એવા વૈશ્વિક વેપાર યુદ્ધની શરૂઆત છે, જેમાં કોઈનો વિજય નિશ્ચિત નથી, પણ વિનાશ ચોક્કસ છે. ભારત જેવા મૈત્રીપૂર્ણ દેશો સાથેના સંબંધોમાં પણ તિરાડ પડી છે. બહુ ગજાવવામાં આવેલો ભારત અને અમેરિકા વચ્ચેનો વચગાળાનો વેપાર કરાર અત્યારે અભરાઈએ ચઢી ગયો છે. ભારતીય આઈટી અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર આ અનિશ્ચિતતાને કારણે ભારે દબાણમાં છે. ટ્રમ્પની આ નીતિએ મિત્ર દેશોને પણ શંકાની નજરે જોતા કરી દીધા છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે માત્ર વેપાર જ નહીં, પરંતુ સૈન્ય મોરચે પણ ટ્રમ્પ નબળા પડતા દેખાય છે. ઈરાન આજે મધ્ય પૂર્વમાં એક મહાશક્તિ તરીકે ઊભરી આવ્યું છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળના પ્રતિબંધોએ ઈરાનને નબળું પાડવાને બદલે તેને વધુ આત્મનિર્ભર અને આક્રમક બનાવ્યું હોય તેમ લાગે છે. ઈરાનની પરમાણુ ક્ષમતાઓ અને તેની વધતી જતી મિસાઈલ ટેકનોલોજી ટ્રમ્પ માટે માથાનો દુખાવો બની ગઈ છે. ટ્રમ્પ ઈચ્છવા છતાં પણ ઈરાન વિરુદ્ધ યુદ્ધ જાહેર કરી શકતા નથી, કારણ કે અમેરિકા અત્યારે આર્થિક રીતે બીજા મોટા યુદ્ધનો બોજ ઉઠાવવા સક્ષમ નથી. વળી, યુરોપના સાથી દેશો પણ ઈરાન મુદ્દે અમેરિકાને સાથ આપવા તૈયાર નથી. રશિયા અને ચીન સાથે ઈરાનની નિકટતાએ ટ્રમ્પની વિદેશ નીતિને રક્ષણાત્મક મોડમાં લાવી દીધી છે. આ વૈશ્વિક પટલ પર અમેરિકાનું એકલતા તરફ વધતું ડગલું ટ્રમ્પના નેતૃત્વની નિષ્ફળતાનું પ્રતીક છે.

આવા તમામ બાહ્ય પડકારોની વચ્ચે ટ્રમ્પના અંગત સ્વાસ્થ્ય અંગેની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. ૮૦ વર્ષની વયે પહોંચેલા ટ્રમ્પ જાહેર કાર્યક્રમોમાં અવારનવાર થાકેલા અને માનસિક રીતે અસ્થિર જણાતા હોય તેવા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. વ્હાઇટ હાઉસ ભલે આ વાતોને અફવા ગણાવીને ફગાવી દેતું હોય, પરંતુ અમેરિકન મીડિયા અને વિરોધ પક્ષો તેમની શારીરિક અને માનસિક સક્ષમતા પર સતત સવાલો ઉઠાવી રહ્યા છે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશનું સુકાન જ્યારે એક એવી વ્યક્તિના હાથમાં હોય જેની તબિયત પર રહસ્યનાં વાદળો છવાયેલાં હોય ત્યારે રોકાણકારો અને જનતા બંનેમાં અસલામતીની ભાવના જન્મે છે. કોર્ટના આંચકા અને રાજકીય નિષ્ફળતાઓ વચ્ચે તેમનું કથળતું સ્વાસ્થ્ય તેમના કાર્યકાળને વધુ અસ્થિર બનાવી રહ્યું છે.

આગામી ૨૦૨૬ની મિડટર્મ ચૂંટણી ટ્રમ્પના ભાવિનો અંતિમ ફેંસલો કરશે. ડેમોક્રેટિક પાર્ટી અત્યારથી જ રણનીતિ બનાવી રહી છે કે જો તેઓ કોંગ્રેસમાં બહુમતી મેળવશે, તો ટ્રમ્પ વિરુદ્ધ ઇમ્પીચમેન્ટ (મહાભિયોગ)ની પ્રક્રિયા ત્રીજી વખત શરૂ કરવામાં આવશે. આ વખતે આરોપો વધુ ગંભીર હશે, જેમાં સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન અને બંધારણીય કટોકટી સર્જવા જેવા મુદ્દાઓ સામેલ હશે. ટ્રમ્પ ભૂતકાળમાં બે વાર ઉગરી ગયા હશે, પરંતુ આ વખતે તેમની પાસે જનસમર્થનનું કવચ પણ નબળું પડી રહ્યું છે. અમેરિકાનું અર્થતંત્ર ધીમે ધીમે મંદી તરફ ધકેલાઈ રહ્યું છે, બેરોજગારીનો આંકડો વધી રહ્યો છે અને ફુગાવો બેકાબૂ બની રહ્યો છે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ડોનલ્ડ ટ્રમ્પ અત્યારે એક એવા ચક્રવ્યૂહમાં ફસાયા છે, જેમાંથી બહાર નીકળવું લગભગ અશક્ય જણાય છે. સુપ્રીમ કોર્ટનો ૬-૩ નો ચુકાદો એ માત્ર કાયદાકીય અંત નથી, પરંતુ તેમની રાજકીય કારકિર્દીના અંતની શરૂઆત હોઈ શકે છે. ‘અમેરિકા ફર્સ્ટ’ના નારા હેઠળ લેવાયેલા નિર્ણયો આજે અમેરિકાને જ નુકસાન પહોંચાડી રહ્યા છે. જો ટ્રમ્પ પોતાની રણનીતિમાં ધરમૂળથી ફેરફાર નહીં કરે અને વિદેશી ભાગીદારો તેમજ સ્થાનિક સંસ્થાઓ સાથે સુમેળ નહીં સાધે તો ઇતિહાસ તેમને એક એવા પ્રમુખ તરીકે યાદ રાખશે જેમણે પોતાના અહંકારમાં દેશને અસ્થિરતાની ખાઈમાં ધકેલી દીધો હતો. વિશ્વ અત્યારે શ્વાસ રોકીને જોઈ રહ્યું છે કે આગામી દિવસોમાં આ ‘ટ્રમ્પ કાર્ડ’ નકામું સાબિત થાય છે કે પછી તેઓ ફરી કોઈ નવો દાવ રમે છે. જોકે, હાલની સ્થિતિ જોતા તો એમ જ લાગે છે કે રેતીની ઘડિયાળમાં સમય ઝડપથી સરકી રહ્યો છે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

# જળગાંવ ઘરકુળ કૌભાંડમાં ગરીબોના ઘર ધનવાનો ખાઇ ગયા...

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

આપણે દુનિયાની સૌથી મોટી લોકશાહી છીએ. આ લોકતંત્રમાં કલ્યાણ રાજય (વેલ્ફેર સ્ટેટ)ની વિભાવના સર્વોપરી ગણાય. આ એવી રાજ્ય વ્યવસ્થા છે કે જેમાં સરકાર માત્ર શાસન ચલાવતી નથી પણ જનતાના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક કલ્યાણ માટે જવાબદેહ છે. ટૂંકમાં સરકારે પ્રજાનું સ્તર-જીવન ધોરણ સુધારવાનું હોય છે. આપણા બંધારણમાં ઘણું છે પણ સમયાંતરે એ માત્ર શબ્દો પૂરતું જ રહી ગયું હોય એમ લાગે છે. એટલે જ તો સતત ગોટાળા, ભ્રષ્ટાચાર અને કૌભાંડના નગારા વાગતા રહે છે.

કમનસીબે આપણા રાજકારણીઓ અને અમલદારો ભ્રષ્ટાચાર કળામાં એટલા નિપુણ છે કે ઘાસચારાથી લઇને તોપ સુધીમાં કટકી ઓહિયા કરી જાય છે અને ઓડકાર પણ સંભળાતો નથી. પાછા એમના કાર્યક્રમ- યોજના- પ્રકલ્પને સુંદર શબ્દો અને ઉદાત્ત ભાવનાથી શણગારીને રજૂ કરે. સેંકડો-હજારોને આશા જાગે પણ મોટાભાગના માટે ઠગારી નિવડે ને નિવડે જ.

આજે ઘર કૌભાંડની કુંડળી ખોલીએ, જળગાંવ હાઉસિંગ સ્કેમ કે જળગાંવ ઘરકુલ કૌભાંડમાં ઊંડા ઊતરીઓ. ઉત્તર મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતમાં જળગાંવ જિલ્લાનું મુખ્ય વહીવટી કેન્દ્ર એટલે જળગાંવ શહેર. અજંતા ગુફાઓ, ગીરણા નદી અને કેળા માટે આ સ્થળ ખૂબ જાણીતું છે. ભાસ્કર ઉર્ફે ભાસ્કરાચાર્ય (ભારતીય ગણિતજ્ઞ અને ખગોળશાસ્ત્રી) સાને ગુરુજી (પાંડુરંગ સદાશિવ સાને-સાચા સમાજસેવક, સ્વાતંત્ર્ય સૈનિક અને આદર્શ શિક્ષક) કેકી મુઝ (આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પેઇન્ટર અને કલાકાર) પ્રતિભા પાટીલ (દેશનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ), ઉજ્જવલ નિકમ (નામાંકિત સરકારી વકીલ અને રાજયસભાના સભ્ય) અને એકનાથ ખડસે (કોંગ્રેસના વર્તમાન પ્રમુખ) સહિતના મહાનુભાવોએ જળગાંવને અનોખું કૌભાંડ પણ આપ્યું. મહારાષ્ટ્રના ઇતિહાસમાં આ રાજકીય ભ્રષ્ટાચારનો અનોખો કિસ્સો હતો કે જે ન્યાયતંત્રની પણ કસોટી સમાન હતો. જાહેર ભંડોળના પ્રચંડ ગોટાળો આચરાયો હતો. કહો કે ગરીબીના માથા પર બનનારી છત લાંચિયાં તત્ત્વો ઓહિયા કરી ગયા હતા.



મૂળ તો જળગાંવમાં ઝૂંપડપટ્ટી ઘટાડવા અને એના રહેવાસીઓ માટે ઘર બનાવવાની યોજના બનાવાઇ હતી. આ મુજબ હુડકો (હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન) રાજ્યના ગૃહનિર્માણ મંડળોને નાણાકીય આર્થિક મદદ પૂરી પાડવાનું હતું. આ યોજના અન્વયે ૧૯૯૬થી ૨૦૦૬ વચ્ચે કુલ ૧૧,૦૦૦ ઘર બાંધવાના હતા. આ ધ્યેય સાકાર કરવા માટે જળગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ. ૧૧૦ કરોડની લોન ‘હુડકો’એ આપી હતી. શહેરની અમુક અંશે કાયાપલટ થઇ જાય, અગિયાર હજાર પરિવારને પોતીકું-પાકું ઘર મળે અને વિકાસ (સાચુકલો) થાય એવી આવકાર્ય અને અનિવાર્ય લાગતી યોજના હતી આ. સબસિડાઇઝ્ડ દરે બાંધીને આર્થિક રીતે પછાત લોકોને મકાન અપાય એના જેવું રૂડું શું?

‘પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ’નું હેઠળ આ સરકારી યોજના ગરીબી રેખા નીચે જીવનારા નાગરિકો માટે ઘડાઇ પણ એમાં સમૃદ્ધિની રેખા ઉપર આળોટનારાઓની દાનત બગડી ગઇ. આનો લાભ જળગાંવના છેવાડે આવેલા તાંબાપુરા, સમતાનગર, ખંડેરાવનગર અને શ્રીહરિ વિઠ્ઠલનગરના રહેવાસીઓને મળવાનો હતો.

આ ગૃહનિર્માણ યોજનાના અમલનું પહેલું પગલું જળગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશને ભર્યું ૧૯૯૭માં, ટેન્ડર બહાર પાડીને આમાં બાંધકામ કંપનીઓને બાંધકામના અલગ-અલગ કોન્ટ્રેક્ટ આપવાની નેમ હતી. કહેવાની જરૂર ન હોય કે આ પ્રક્રિયા ન્યાયી અને પારદર્શક હોવી જોઇએ.

આ ટેન્ડર પ્રક્રિયામાં ૧૧ દાવેદારે ટેન્ડર ભર્યા કે જેઓ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે ૧૧,૪૨૪ લો બજેટ ઘર બાંધવા તત્પર હતા. ટેન્ડરમાં દાવેદારના અનુભવ, આવક, પ્રોજેક્ટ્સ અને ક્ષમતા સહિતના અનેક પાસાંને આધારે પસંદગી થાય, પરંતુ જળગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનના કેસમાં એવું ધરાર ન થયું એ ભવિષ્યમાં અદાલતમાં સાબિત થવાનું હતું, છાપે ચડવાનું હતું, જળગાંવનું નામ બદનામ થવાનું હતું અને ઘરવિહોણાઓની આશા જમીનદોસ્ત થવાની હતી. (ક્રમશઃ) ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# એ દેશમાં દાદા-દાદીઓના છૂટાછેડામાં વધારો કેમ થઈ રહ્યો છે?

**એ દેશ એટલે કે જાપાનમાં દાદીઓમાં ‘રિટાયર્ડ હસબન્ડ સિન્ડ્રોમ’ના કારણે ડિપ્રેશન, ચિંતા, નિરાશા જેવી સમસ્યાઓ જોવા મળી રહી છે. છૂટાછેડાના કેસોમાં છેલ્લાં વીસ વર્ષમાં ૭૫ ટકાનો વધારો થયો છે. શું છે આ સમસ્યાઓનું સામાજિક કારણ...**

જાપાનમાં ૬૦ની વય પછીની સ્ત્રીઓમાં ડિપ્રેશન, ચિંતા, નિરાશા અને બીજી ઘણી સમસ્યાઓ જોવા મળે છે. તમે કહેશો કે તેમાં નવી નવાઈ શું છે? વય વધે તેમ આવું બધું તો રહે, પરંતુ ના, આ વયના કારણે થતી સમસ્યા નથી. તો પછી?

આ પતિઓના કારણે થતી સમસ્યા છે!

ભારતની સ્થિતિ વિચારીએ અને (પતિ-પત્નીની પ્રચલિત રમૂજો પણ વિચારીએ) તો પતિ તો બિચારો-બાપડો હોય છે. એ ફૂટપટ્ટી જ જો જાપાનનાં પરિણીત યુગલોને લાગુ પાડીએ તો એમ વિચાર આવે કે ઘરમાં ચાલે છે તો પત્નીનું જ. તો પછી પત્નીઓને નિવૃત્ત થતા પતિથી શું વાંધો છે? જાપાનની દાદીમાઓને દાદાઓના કારણે શું તકલીફ પડવા લાગી? તો આ તકલીફનું નામ આધુનિક ચિકિત્સાવાળા ફઈબાઓએ પાડ્યું છે:

રિટાયર્ડ હસબન્ડ સિન્ડ્રોમ!

એટલે કે નિવૃત્ત થતા પતિના કારણે સર્જાતી સમસ્યાઓ.

પણ, એક મિનિટ પતિ નિવૃત્ત થવા આવે તે તો આનંદની વાત ન ગણાય? લગ્ન કર્યાં હોય ત્યારે તો એકબીજાની સાથે રહેવાનાં વચનો આપ્યાં હોય, સપનાં જોયાં હોય અને તે પછી તો પતિ એકલો અથવા પતિ-પત્ની બંને કારકિર્દી બનાવવામાં લાગી પડ્યાં હોય, પત્ની સંતાનના ઉછેરમાં લાગી ગઈ હોય, બંને પાસે એકબીજા સાથે ગાળવાનો સમય જ ન મળતો હોય, મળતો હોય ત્યારે પણ સંતાનો તો સાથે જ હોય, તો નિવૃત્તિ પછી તો કેટ-કેટલી પ્રવૃત્તિ થઈ શકે?

- ફરવા જવું -સાથે સવારે ચાલવા જવું/કસરતો કરવા બગીચામાં જવું

- સાથે ઘરે બેસીને જૂની-જૂની બ્લેક ઍન્ડ વ્હાઇટ ફિલ્મો જોવી


- પતિ ધાણાભાજી સુધારી દે અને ચટણી બનાવી દે અને પત્ની સરસ મજાનાં ભજિયાં બનાવે. બંને જણા બેસીને પછી ભજિયાં-ચટણીનો આનંદ લે.

- એ બંને રાત્રે અંધારામાં બેઠાં-બેઠાં જૂનાં ગીતો અને ગઝલો અથવા ગુજરાતી સુગમ સંગીત સાંભળે કે કરાઓકે ક્લબમાં જાય અને ગીતો ગાય....

આવી તો ઘણી-ઘણી પ્રવૃત્તિ કરીને સંગાથનો આનંદ મેળવી શકાય. પરંતુ ન તો ભારતમાં બધા કિસ્સામાં આવું થાય છે, અને જાપાનમાં તો આનું પ્રમાણ વધુ છે.

પતિ નિવૃત્ત થવા આવે તેમ-તેમ પત્નીઓને ચિંતા વધતી જાય. કેમ સાથે રહેવું ફાવશે?

એનું કારણ એ છે કે પતિ સવારે કામ પર ચાલ્યો જાય અને રાત્રે ઘરે પાછો ફરે તેવી દિનચર્યાના કારણે પત્નીઓને જે એકલા રહેવાની ટેવ પડી ગઈ હોય




તેમાં રવિ અથવા શનિ-રવિ બંને દિવસ પતિને રજા હોય ત્યારે યુવાનીમાં તો પતિને તેના મિત્રોને મળવાનું હોય, ઑફિસના સહકર્મચારીઓને ત્યાં જવાનું હોય અથવા ક્રિકેટ જોવાની હોય આવું કંઈ ને કંઈ હોવાના કારણે પત્નીઓને વાંધો ન આવે, પરંતુ આપણે કોરોના કાળમાં પણ જોયું હતું કે તે સમયે ઘણાં પતિ-પત્નીઓને સતત સાથે રહેવામાં મુશ્કેલીઓ પડી હતી.

આ ઉપરાંત એવા કિસ્સાઓ પણ બને છે જેમાં પતિ બહારગામ નોકરી કરતો હોય અને અઠવાડિયે/પંદર દિવસે/મહિને એકાદ વાર આવે ત્યારે પત્ની તેની સાથે અનુકૂલન સાધી લે, પરંતુ તે જ પતિની જો પાછી બદલી એ જ શહેરમાં થઈ જાય તો પત્નીને પછી સતત સાત દિવસ સાથે રહેવામાં તકલીફ પડવા લાગે, કારણકે તેણે પોતાની દિનચર્યા ગોઠવી લીધી હોય, તે પોતાને અને સંતાનોને ભાવે તેવી રસોઈ બનાવતી હોય, ટીવીના રિમોટ પર સંપૂર્ણ આધિપત્ય તેનું હોય, બહેનપણીઓ સાથે જ્યારે પાર્ટી કરવી હોય ત્યારે કરતી હોય, પિયરમાં જ્યારે જવું હોય ત્યારે જઈ આવતી હોય,પરંતુ હવે પતિ સાથે છે તો એની બધી ગોઠવણ પડી ભાંગે...અને કદી ન ધારેલા પ્રશ્નો ઉદ્ભવે....

જાપાનમાં ભારતની ‘૮૦-૯૦’ના દાયકા જેવી સંસ્કૃતિ છે. દાદીમાઓ ગૃહિણી છે. દાદાઓ હવે કચકચિયા થઈ ગયા છે. એ ઘરમાં જે ચીજો ગોઠવાયેલી છે તે કેમ ગોઠવાયેલી છે તેવું પૂછવા લાગે છે. હવે બંને વચ્ચે આકર્ષણ પણ એટલું રહ્યું નથી હોતું. સંતાનોનું ઉપેક્ષાભર્યું વર્તન પણ દુઃખ પહોંચાડે છે. ઘણી વાર પૌત્ર-પૌત્રીઓને સાચવવાની જવાબદારી આનંદ કરતાં બોજરૂપ વધારે લાગે છે કારણકે પુત્ર-પુત્રવધૂ અથવા દીકરી જો તેનું સંતાન સાચવવા મૂકી જાય તો તેઓ તો પૌત્ર-પૌત્રી કે દોહિત્ર-દોહિત્રીને મૂકીને ચાલ્યા જાય અને બાળક હાઇપર ઍક્ટિવ હોય તો તેની પાછળ દાદા-દાદી દોડાદોડી કરી શકતાં નથી. વળી દાદા-દાદી પોતાની રીતે રાખવા જાય, પરંતુ પુત્ર-પુત્રવધૂ કે દીકરી-જમાઈને લાગે કે તેમનાં માતા- પિતા બરાબર સાચવતા નથી તો વળી અલગ પ્રશ્ન.

આ ઉપરાંત દાદા તો નિવૃત્ત થઈ ગયા, પરંતુ દાદીમાને નિવૃત્તિ નથી મળતી અને દાદા નિવૃત્ત થઈ ગયા પછી જો સામાજિક રીતે ઓછા હળતા-ભળતા હોય, સવારે ચાલવાનું, કસરત કરવા જવાનું, બગીચાની દેખભાળ રાખવાનું, ઘરનાં નાનાં-મોટાં કામ કરવાનું પસંદ ન હોય તો દાદીમાને દાદા બોજારૂપ લાગવા લાગે છે.

જાપાનમાં અંદાજે ૬૦ ટકા દાદીમાઓ આવો અનુભવ કરી રહી છે. જાપાનના રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર વિભાગ અનુસાર, ૬૦ની વય પછી છૂટાછેડાના કેસોમાં છેલ્લાં ૨૦ વર્ષમાં ૭૫ ટકાનો વધારો થયો છે. આના ઉપાયો પર ચર્ચા ફરી ક્યારેક...■

---

और ये मौसम हंसीं...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# કરાઑકેઃ
# માઈક તમારું - સ્ટેજ તમારું ને મજા ય તમારી...

કોરોના પછી લગભગ દર ત્રીજા ઘરમાં કરાઑકે સાથે ગળું સાફ કરતા મિત્રોની પ્રજાતિ મળી આવે છે. કરાઑકેમાં એવો શું જાદુ છે કે જેમાં સૂર ઉખડી ગયો હોય, મ્યુઝિકના નિયમોની નોટ્સ ભટકી ગઈ હોય, શબ્દો અધૂરા રહી જાય છતાંય મનને ગજબની મજા આવે છે ખરાબ ગાવું એ ખરેખર ખરાબ નથી પણ વ્યક્તિ શબ્દના કલરફુલ રંગમાં આઝાદી અનુભવવા લાગે છે.

સારા શબ્દમાં કહેવું હોય તો કહી શકાય કે વ્યસ્ત અને તણાવગ્રસ્ત જિંદગી સામે કરાઑકેને માણતા રહેવું એ નાનકડો બળવો છે. પુરુષો માટે રોજ રોજ ઓફિસ અને મહિલાઓ માટે રૂટિન કામકાજથી મુક્તિ મેળવીને સ્વને પામવાનો માર્ગ છે, અર્થાત્ રોજની પરફેક્શનની જેલમાંથી છૂટવાનો હાઇવે બનવા લાગ્યો છે.

કરાઑકેની મજેદાર મસ્તી પાછળનો ઇતિહાસ એટલો જ રસપ્રદ છે. કેરોકે એ મૂળે જાપાની શબ્દ છે, કરા એટલે ખાલી અને ઓકેસુતોરા એટલે ઓર્કેસ્ટ્રા. એનો અર્થ થાય છે કે તમારે ગાવું હોય તો આખું ઓર્કેસ્ટ્રા હાજર છે. તમારે કોઈની જરૂર નથી, તમે જ સંગીતકાર અને ગાયક બનીને સૂરોની આધ્યાત્મિક યાત્રા માણી શકો છો.

આ રીતે ગાવાની શરૂઆત ૧૯૫૦-૬૦ના અમેરિકન ટીવી શોમાંથી થઈ, જ્યાં લોકો ઘરે બેઠા લિરિક્સ વાંચીને પરિવાર સાથે ગાતા પણ અસલી જાદુ જાપાનમાં થયો. ૧૯૬૭માં શિગેઇચી નેગિશીએ પોતાની ફેક્ટરીમાં ૮-ટ્રેક ટેપ રેકોર્ડરને માઇક સાથે જોડીને પહેલું મશીન બનાવ્યું. આ મશીનનું નામ સ્પાર્કો બોક્સ આપવામાં આવ્યું. શિગેઇચી નેગિશીભાઈને મૂળે ગાવાના શોખીન હતા એટલે મશીન બનાવી નાખ્યું, પણ બીજાઓને આનંદ આપવાના હરખમાં પેટન્ટ ન કર્યું. ૧૯૭૧માં દૈસુકે ઇનોઉએએ ૮-જુક મશીન બનાવ્યું, જે જાપાનના બારમાં હિટ થયું, સંગીતના શોખીન આ ભાઈસાહેબે પણ પેટન્ટ ન કર્યું, તે માનતા હતા કે સંગીતનો આ ચમત્કાર લોકોની મજા માટે છે. જો પેટન્ટ કર્યું હોત તો તેઓ આજે કરોડપતિ હોત અને કરાઑકેની દરેક પાર્ટીમાં તેમનું નામ બોલાતું હોત.

એ પછી નવાં સંશોધનો થતા રહ્યા અને




૧૯૮૦માં લેસર ડિસ્ક અને સીડી-જી આવ્યા એટલે કરાઑકે સમાજના દરેક વર્ગના લોકોના ઘરોમાં પહોંચ્યું. ૧૯૯૦માં અમેરિકા, યુરોપ અને એશિયા સુધી ફેલાયું અને બારમાં તેમજ પાર્ટીમાં કરાઑકેએ ધમાલ મચાવી દીધી. આજે ટેકનોલોજીના પ્રતાપે જાતજાતની એપ્સ થકી ઘરે બેઠા વિશ્વભરના લોકો સાથે ગાઈ શકાય છે. આ શોધ કોઈ મોટા વૈજ્ઞાનિકની નથી પણ ગાવાના શોખીન લોકોની છે. મજેદાર વાત તો એ છે કે દૈસુકે ઇનોઉએને ૨૦૦૪માં આઈજી નોબેલ પીસ પ્રાઇઝ મળ્યું. તેમણે પેટન્ટ ન કર્યું એટલે કરોડો ગુમાવ્યા પણ દુનિયાને તણાવમુક્ત વાતાવરણ માટે સંગીતની નજીક લાવી દીધા. કોવીડનો સમય યાદ કરો તો પનીર અને સંગીત જ સાથે રહ્યું હતું. ‘ટાઈમ’ મેગેઝિને તેમને ૨૦મી સદીના પ્રભાવશાળી એશિયનમાં ગણ્યા.

આખરે, કરાઑકેનો ઇતિહાસ કહે છે કે શોધ ભલે નાની હતી પણ જગતમાં ખુશીઓ વહેંચી દીધી અને અસલી જીત ખુશીઓમાં જ છે.

કરાઑકે પર વ્યક્તિ જયારે ગીત પ્રસ્તુત કરે છે ત્યારે મગજમાં ત્રણેય ખુશીના કેમિકલ એન્ડોર્ફિન, ડોપામાઈન અને સેરોટોનિનનો તોફાની વરસાદ થાય છે. આપણા ખાસ કરીને લોકપ્રિય હિન્દી ગીતના શબ્દો વ્યક્તિગત યાદો, પ્રેમ, દુઃખ, નોસ્ટાલ્જિયા સાથે જોડાયેલા હોય છે. મગજ માટે એક અભ્યાસ થયો હતો જેમાં શોધવામાં આવ્યું કે એક ગીતને આપણું મગજ જયારે પ્રોસેસ કરે છે ત્યારે તે તર્જ અને શબ્દને અલગ પાડી દે છે. ‘દમ મારો દમ’ ગાતી વેળાએ એ જયારે ‘દુનિયાને હમ કો દિયા ક્યા, દુનિયાને હમ સે લીયા ક્યા, હમ સબકી પરવા કરે કયું?’ એ સમયે તર્જ કરતાં શબ્દમાં વધુ વહેવા લાગે છે. એનો અર્થ એ થાય કે તમે કેવું ગાવ છો એ અગત્યનું નથી પણ તમે દિલની વાત કહીને હળવાશ અનુભવો છો.

સરવાળે ગીતમાં રહેલા હકારાત્મક શબ્દો ખુશીઓને વધારે છે, દુઃખી શબ્દો મૂડને નવો ટ્વિસ્ટ આપે છે અને આક્રમક શબ્દો મગજમાં સુખ પ્રાપ્ત કરવા માટે ઉત્સાહ લાવતા હોય છે. ગીતમાં આવતા શબ્દો દરેકને પોતાની જ વાત છે જેવી અનુભૂતિ કરાવે છે અને હા, જયારે એક મહિલા ગીત પ્રસ્તુત કરે છે ત્યારે તે વધુ ભાવુક બનીને શબ્દનું જોડાણ અનુભવતી હોય છે.

દરેકનો અવાજ સારો હોવો જરૂરી નથી. કરાઑકેમાં તો ઘણીવાર બેસૂરુ ગાનાર હોય છે પણ એ શબ્દના ભાવને ઠીકઠાક રજૂ કરે છે ત્યારે તેના માટે પણ પ્રેમ અને દોસ્તીનો ધોરીમાર્ગ તૈયાર થઇ જાય છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના અભ્યાસ મુજબ તમે જયારે મિત્રો સાથે અથવા સમૂહમાં ગીત રજૂ કરો છો ત્યારે એન્ડોર્ફિન અને ઓક્સીટોસિન અંતઃસ્ત્રાવના ઝરણાં વહે છે, જે તમારી સહુ સાથે નિકટતા વધારે છે. સિનેમાએ હીરો હિરોઈન હોય કે વિલનના અડ્ડા પર સાથે ગાવાના અસંખ્ય પ્રયોગ કર્યા છે. તમારા મિત્ર બેસૂરા હોય છતાં તેની સાથે ‘યે દોસ્તી હમ નહીં તોડેંગે...’ ગાશો તો મગજના કેમિકલ કેવો જાદુ કરતા હોય છે એની અનુભૂતિ માણવા જેવી છે.

કરાઑકેનો શોખ હોવો એ અલગ વાત છે પણ મજા ત્યારે જ આવે જયારે તમારી પાસે સાંભળનારા પણ હોય. જેમ ગાનાર વ્યક્તિને ઑડિયન્સ જરૂરી છે અને સાંભળનારાને પર્ફોર્મરની જરૂર હોય છે એટલે ગાનાર વ્યક્તિએ બહુ ટેન્શન લેવાની જરૂર નથી. આ સંતુલન જામી જાય એટલે કરાઑકે મજેદાર હસીખુશી કી શામ બની જાય છે. સુખના સંબંધની બીજી કોઈ વ્યાખ્યા શીખવાની જરૂર હોય એવું લાગતું નથી, સુખના સંબંધમાં જૂની યાદો, ભૂલી ગયેલા પ્રકરણો, આંખમાં આંસુ અને વર્તમાનનો આનંદ સિવાય કશું હોતું નથી. કરાઑકેમાં સારું ગાવું જરૂરી નથી પણ મજા માણવી જરૂરી છે!

રાહ કોની જુઓ છો? આજની સાંજને કરાઑકેના રંગમાં રંગી દો. માઈક હાથમાં લો, લાઇટ્સ ઝાંખી કરો અને સંગીત શરૂ કરો. આપણા ગુજરાતી ગીતોમાં ઓઢણી, ચાંદલિયો, વ્હાલમ, નયન, અફીણ, રાખનાં રમકડાં જેવા શબ્દોમાં મીઠાશ છે, એ તાજી કરો. તને જતા જોઈ પનઘટની વાટે, મેહંદી તે વાવી માળવે ને રંગ ગયો ગુજરાત રે હોય કે પછી આજનો ચાંદલિયો આ બધા ગીતો તમારી રાહ જુએ છે. સમયના દરિયામાં રહેલી ચિંતાઓ ઓગળીને એક અહેસાસ કરો કે હા, હું જ જગતનો સૌથી સુખી માણસ છું. ■

**ધ એન્ડ :**

*મૌનના અંતે કોઈ અવ્યક્ત વાતને વ્યક્ત કરવા માટે સૌથી શ્રેષ્ઠ -માર્ગ સંગીત છે.*
*(એલ્ડ્સ હક્સલ)*

---

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# સ્ટાઈલ ઓફ ‘સવાલ પૂછવાની કળા’




સવાલ પૂછવા અને એના જવાબ આપવાની જે પરંપરાગત સ્ટાઇલ છે, એ મુજબ, સવાલો હંમેશાં ટૂંકા હોય અને એના ઉત્તર લાંબા વિસ્તારથી હોય. પ્રાચીન સમયમાં શિષ્યો કોઇ પ્રશ્ન પૂછતાં, જેમ કે- ‘ઇશ્વર છે?’ તો ગુરુજનો એનો વિસ્તારથી અને ગહનતાથી સમજાવીને શિષ્યોને જવાબ આપતા. ત્યારે શિષ્ય પણ જ્ઞાન મેળવવા જિજ્ઞાસુ રહેતો અને ગુરુ પણ વાતને વિગતવાર સમજાવવામાં ખૂબ ઇમાનદાર ને ઉત્સાહી હતા. એ સમયમાં રાજકીય ક્ષેત્રે પ્રશ્નો પૂછવાની તો પ્રથા જ નહોતી. ત્યારે તો માત્ર રાજાઓ દ્વારા આદેશ આપવામાં આવતા હતા અને પ્રજા દ્વારા ચૂપચાપ એનું પાલન કરવામાં આવતું હતું. મંત્રીથી લઈને ખેડૂત સુધી બધાંને રાજા પ્રશ્ન પૂછતાં અને લોકોએ પ્રશ્નોનો જવાબ આપવો પણ પડતો.

ઈતિહાસમાં એ યુગ પણ હતો કે જ્યાં રાજાને કોઇ સવાલ પૂછી શકતું નહીં અને ભૂલથી કોઇ પૂછે તો પૂછવાવાળાની જીભ કાપી નાખવામાં આવતી હતી. જાણે રાજ્યમાં એક જાતની સતત કટોકટી કે ઇમર્જન્સી ના લગાડી હોય.

જોકે આજકાલ પત્રકારો સવાલ કરે છે અને નેતાઓ જવાબ આપે છે. હા, પ્રશ્ન પૂછવાની શૈલી બદલાઈ ગઈ છે. હવે સવાલો લાંબા હોય છે ને સામે જવાબ ટૂંકા! આજકાલ ‘વન લાઈનર’ મતલબ કે એક લીટીમાં ટૂંકો જોરદાર જવાબ આપવાનો મહિમા છે. મીડિયામાં પણ સવાલ-જવાબની આખી સ્ટાઇલ લોકસભા નેતાઓના સવાલ-જવાબની શૈલીથી પ્રભાવિત છે. વિધાનસભા કે સંસદમાં તો સરકાર, હંમેશાં સામેથી આવતા સવાલોરૂપી તીરોના જવાબો હાથમાં, ઢાલ રાખીને જ આપે છે એટલે કે સતત પોતાનો બચાવ કરે છે. ત્યાં સરકારને કરાતાં સવાલોમાં વિરોધથી લઈને ચમચાગીરી સુધી બધું જ દેખાઇ આવે છે. નેતાઓના જવાબોમાં મૂર્ખતાથી લઈને બેજવાબદારી કે મીંઢાપણાં સુધી બધું જ ટપકતું હોય છે. કમસે કમ, આ બાબતમાં તો સંસદ કે વિધાનસભાઓને મનોરંજન માટે જોવા કે સાંભળવાની આદર્શ જગ્યા ગણી શકાય.

આજકાલ પ્રશ્ન પૂછવાવાળા એમના વાક્યોને ખૂબ લાંઆઆઆઅબાં કરે છે. જેમ કે મૂળ સવાલ એમ હોય કે- ‘શું વિદેશમંત્રી ચીન જશે?’ તો પ્રશ્ન પૂછવાવાળો એને એવી રીતે નહીં પૂછે કે ‘શું તમે ચીન જશો?’ એનો પ્રશ્ન એવો હશે કે ‘શ્રીમાન મંત્રીજી, શું તમે એ જણાવવાનું કષ્ટ કરશો કે આ વર્ષે તમે ચીન જશો કે નહીં?’

સામે જવાબ સાવ નાનોઃ ‘ના’ અથવા ‘હા.’

શું છે કે આમાં જવાબ તો મળ્યો પણ એમાં વાત જામી નહીં. મજા ના આવી એટલે સવાલને વધારે લાંબો કરવામાં આવ્યો. જેમ કે-

‘આ વર્ષે રશિયા, ફ્રાંસ, અમેરિકાના સફળ પ્રવાસ પછી ચોક્ક્સ કહી શકાય કે આપણાં વિદેશી સંબંધો સુધર્યા છે અને એ દેશો પણ આપણી સમસ્યાઓને યોગ્ય રીતે સમજ્યા છે, આ સંદર્ભમાં હું એમ પૂછવા માગું છું કે ચીન સાથે આપણને થોડી સમસ્યાઓ છે અને એ આપણો પડોશી દેશ છે, આવી પરિસ્થિતિમાં ભારતના વિદેશમંત્રી હોવાના કારણે તમારી ચીન યાત્રા નજીકના ભવિષ્યમાં એટલે કે આ વર્ષે થશે કે નહીં?’

આનો પણ જવાબ તો ટૂંકો જ મળશેઃ ‘હા’ કે ‘ના’,

પરંતુ પ્રશ્ન પૂછવાવાળાને જરૂર સંતોષ થશે કે એણે મોટો પ્રશ્ન પૂછ્યો. છાપામાં સમાચાર કંઈક આ પ્રમાણે હશે- ‘વિદેશમંત્રીએ કહ્યું કે તેઓ અત્યારે ચીન નથી જઈ રહ્યા.’ પણ આ જ વાત બઢાવી-ચઢાવીને લખી શકાય. એ આ રીતે હોય શકે- ‘વિદેશમંત્રીને એમની રશિયા, ફ્રાંસ, અમેરિકાના પ્રવાસની સફળતાના પરિપ્રેક્ષ્ય વિશે પૂછવામાં આવ્યું કે શું નજીકના ભવિષ્યમાં એમની ચીનની મુલાકાત લેવાની સંભાવના છે?’

જવાબમાં વિદેશમંત્રીએ કહ્યું, ‘અત્યારે એવી કોઈ સંભાવના નથી!’

વાત તો એની એ જ છે કે જવાબ આપવાવાળો હજી પણ ચીન નથી જઈ રહ્યો... પણ સવાલ પૂછવાવાળાનું લાંબુ વાક્ય ગંગા-જમુનાનાં મેદાનો ઓળંગીને, હિમાલય પર ચઢીને પેલી બાજુ - ચીન તરફ એ ઊતરી ગયો. એ શું ઓછું છે? ■

---

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# શ્વેત ચાદર ઓઢી બેઠા ધાણા એટલે લીલી કોથમીર

જિંદગીમાં કુદરતી સૌંદર્ય તનમનને પ્રફુલ્લિત કરે છે. તેનો એક દાખલો આપું તો હું જડેશ્વર રોડ જતો હતો ત્યાં ડુંગરાને લીલીછમ હરિયાળી, તેમાં ગગનચૂંબી પવનચક્કીઓ જોઈ મોજે દરિયા લાગે આંખને લીલો રંગ બહુ જ ગમે તેમાં અચાનક એક વાડીમાં શ્વેત ચાદર ઓઢી કોઈ પરી બેઢી હોય તેવું અલૌકિક દૃશ્ય જોયું. એને નીરખવા માટે મેં થોડી વાર સ્કૂટર ઊભું રાખી જોયા જ કર્યું.

શું નઝારો વાહ કુદરત લખો સફેદ ફૂલોનો બાગબાન જેવું વિચિત્ર દૃશ્ય નીરખી વાડીમાં જઈ શું છે તે નિરખવાની ઉત્કંઠા વધી! પણ વાડીમાં ગયો ત્યાં આ ફૂલો પોતાનો પરિચય આપવા માટે મોતાજ નોતા સફેદ ફૂલ નજીકથી જોતા તેના વખાણ કરવા મારી પાસે શબ્દો નોતા પણ ફૂલ નીચે જોતા લીલાછમ ઘાણા મસ્ત યૌવનમાં પાકતા હતા. મેં તો બે ચાર લીલાધાણા ચાખ્યા વાહ...વાહ અનેરો સ્વાદ.

દરેક ગૃહમાં મસાલિયું હોય ગોળાકાર તે જોઈએ તો આયુર્વેદીક બોક્સ છે. જી હા ‘મસાલિયા’માં મરચું, હળદર, ધાણા, જીરું, રાય, મેથી, હિંગ, નાની ડબીઓમાં હોય તેમાં રાઈમેથી, ધાણાજીરું સજોડે હોય!

આજે ધાણા વિશે જાણીશું. ધાણા એટલે



કોથમીર! હા આપણે દરેક શાકમાં કે પંજાબી, ચાઈનીઝમાં કોથમીર લીલાછમ પાંદડાવાળી ગુણધર્મ ધાણા જેવો છે, અનેકાનેક ફાયદાઓથી ભરપૂર છે, એટલે જ આદું, કોથમીર આપણી તંદુરસ્તી માટે જરૂરી છે, નાની લીલી હોય ત્યારે કોથમીર કેવાય મોટી થાય તેમાં સફેદફૂલ આવે અને ધાણી બને સુકાઈ જાય પછી મસાલિયામાં આવે આમ બે વાર શાકમાં નાખે પ્રથમ ધાણા સ્વરૂપે પછી કોથમીર સ્વરૂપે એટલે ડબલ વાર જે વસ્તુ શાકમાં આવે તેના ફાયદા તો કેટલા હોય.

ધાણા એ સૌથી જૂની ઔષધિઓ અને મસાલાઓમાંની એક છે. ધાણાના છોડના ફળમાં બે બીજ હોય છે, જે સૂકવવામાં આવે ત્યારે સૂકા મસાલા તરીકે ઉપયોગમાં લેવાય છે. પાક્યા પછી, બીજ પીળાશ પડતા ભૂરા અથવા ભૂરા રંગના હોય છે અને રેખાંશિક પટ્ટાઓ હોય છે.

ધાણાના બીજમાં ગરમ અને સૂક્ષ્મ સ્વાદ હોય છે, જેમાં થોડો સાઇટ્રસ રંગ હોય છે. તેમાં સુગંધિત સુગંધ હોય છે જે શાંત ગરમ, બદામ જેવું, થોડું ફળ જેવું અને જટિલ હોય છે.

ધાણાના બીજ આખા વર્ષ દરમિયાન, આખા અથવા પીસેલા પાવડરના સ્વરૂપમાં ઉપલબ્ધ હોય છે.

**એસિડિટીમાં રાહતઃ** જે લોકોને એસિડિટીની સમસ્યા રહે છે તેમણે ધાણાનું પાણી પીવું જોઈએ. ધાણામાં રહેલ ગુણ પેટને ઠંડક આપે છે. પરિણામે એસિડિટીની સમસ્યા ઓછી થઈ જશે. ધાણાનું પાણી પીવાથી તમારા પેટમાં પેદા થનાર એસિડનું સ્તર પણ ઓછું થઈ જાય છે અને બળતરાં કે પીડા દૂર થાય છે. ધાણા એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણોવાળા હોય છે તેથી પેટ સંબંધિત તમામ સમસ્યાઓને તે દૂર રાખે છે.

**વજન ઘટે છેઃ** જો તમે ધાણાનું પાણી પીવો છો તો તે વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. વેઈટ લોસનો આ એક અસરકારક ઉપાય માનવામાં આવે છે. કોથમીરનાં પાન અને બીજ (ધાણા)માં ભરપૂર ફાઈબર હોય છે. જેનાથી પેટ લાંબા સમય સુધી ભરેલું લાગે છે. ધાણાનાં બીજ ફેટ બર્ન કરવામાં પણ મદદગાર રહે છે. આવા ધાણાનું સેવન કરવું જોઈએ જે આપણા વૈદરાજ કહી ગયા છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## યુકેની મહિલા અચાનક કુબેર બની ગઈ, પણ...



નસીબ આડેનું પાંદડું ખસી ગયું હોય એના અઢળક ઉદાહરણ તમારી જાણમાં આવ્યા હશે. ઈંગ્લેન્ડના નોટિંગહેમશાયરની એક મહિલાના નસીબની આડેનું આખું જંગલ ખસી ગયું. અચાનક એની સંપત્તિ પાછળ એટલા બધા મીંડાં જોડાયા કે મેડમ કુબેરના કુટુંબી બની ગયાં, વિશ્વની સૌથી ધનવાન વ્યક્તિ ઈલોન મસ્ક કરતાં એની તિજોરીમાં અઢળક સંપત્તિ જમા થઈ ગઈ, પણ...

વાત વિગતે જાણીએ. સોફી ડાઉનિંગ નામની બ્રિટિશ મહિલા ક્રિસમસમાં કેફેમાં ગઈ હતી ત્યારે તેને ૧૦ પાઉન્ડનું ગિફ્ટ વાઉચર આપવામાં આવ્યું હતું. એ દિવસે ઉતાવળમાં હોવાથી સોફી વાઉચર પર્સમાં મૂકી નીકળી ગઈ. ગયા અઠવાડિયે અચાનક પેલું વાઉચર યાદ આવ્યું અને સોફી પહોંચી કેફેમાં. ફેવરિટ કોફી ઓર્ડર કરી. બેલેન્સ રકમની રસીદ આપવામાં આવી ત્યારે આંકડો જોઈ આ શેષ પૈસાની રસીદ છે કે સાત પેઢીની આવક છે એ જ એને સમજાયું નહીં. કોફીના પૈસા બાદ કરી એની બાકી નીકળતી રકમ હતી 63quadrillion પાઉન્ડ. મતલબ કે ૬૩ પછી ૧૫ મીંડાં આવે એટલા પાઉન્ડ. જોકે, આમાં કોઈ રોકડ રકમ નથી, પણ સોફીનું આ બેલેન્સ મિસ્ટર રિચેસ્ટ મસ્ક કરતાં એક લાખ ગણું અને સમગ્ર વિશ્વના અર્થતંત્ર કરતા ૬૭૦ ગણું વધારે છે. અલબત્ત, હરખપદૂડા થવાની કોઈ જરૂર નથી, કારણ કે એ પૈસા માત્ર એ કેફેમાં જ કોફી પીવા વાપરી શકાય છે. આવું થવાનું કારણ એમ હતું કે મશીનમાં એન્ટ્રી કરતી વખતે કાર્ડની વેલ્યૂ નાખવાને બદલે કાર્ડ નંબર નંખાઈ ગયો. ભૂલમાં થયેલી આ મિસ્ટેકનો 'લાભ' લેવાની મિસ ડાઉનિંગને કોઈ ઈચ્છા નથી. ચાર દિન કી ચાંદની ઔર ફિર અંધેરી રાત એ જીવનની વાસ્તવિકતા છે.

## વેલ્થ- વેડિંગ ને વ્હિલચેરની વ્યથા!



પૈસાથી જ શરૂ થતા અને પૈસાને કારણે જ સમાપ્ત થતા એકવીસમી સદીના સમાજમાં અબજોની સંપત્તિની વાત આવે ત્યારે અજાયબી થાય એવી ઘટના બનતી હોય છે. અજબ દુનિયાના સૌથી ગજબનાક દેશ એવા ચીનથી આશરે ૧૫૦ કિલોમીટર દૂર તાઈવાનમાં (જૂનું નામ ફોર્મોસા અને હાલ 'રિપબ્લિક ઓફ ચાઈના'તરીકે પણ ઓળખાય છે) ૧૦૨ વરહના મિસ્ટર લેન્ગ નામના દાદાજીએ ૬૮ વર્ષની કેરટેકર (આયા) સાથે લગ્ન કરતા પરિવારમાં ભૂકંપ આવ્યો અને એ ધરતીકંપની આફટર ઈફેક્ટ એવી થઈ કે કોઈ હસી પડ્યું, કોઈ ખિસિયાણું પડ્યું તો કોઈની આંખો ભીની થઈ. દાદાને દાદીમા મળ્યાં એની સામે પરિવારને કોઈ વાંધો નહોતો, વાંધો હતો દાદીમાને નામે કરવામાં આવેલી આર્થિક સંપત્તિનો.૧૭ વર્ષથી સેવાચાકરી કરતી ૬૮ વર્ષની આયા અને એનાં બાળકોના નામે દાદાજીએ જમીનના સાત પ્લોટ અને કેટલીક ઈન્શ્યોરન્સ પૉલિસી કરી દીધી જેનું મૂલ્ય ૪૭ લાખ પાઉન્ડ (આશરે ૫૬ કરોડ રૂપિયા) થાય છે.

ગરાસ લૂંટાઈ ગયો જેવી લાગણી અનુભવતા પરિવારે દાદાજીને ભરમાવી આયાએ સંપત્તિ ઝુંટવી લીધી હોવાનો આક્ષેપ કર્યો. ટ્રાન્સફર કરવામાં આવેલી કેટલીક પ્રોપર્ટી ભાડા પર ચડાવી છે અને એનાથી નિયમિત ભાડાની આવક થાય છે તેમજ આયાના નામે કરવામાં આવેલો વિશાળ બંગલો મોર્ગેજ કરવામાં આવ્યો છે અને આઠ લાખ પાઉન્ડની લોનની ચુકવણી કરવાની છે એવી દલીલ કરવામાં આવી.

દાદાજી ગર્ભશ્રીમંત છે અને ૧૮ મિલિયન પાઉન્ડ (આશરે બે અબજ વીસ કરોડ રૂપિયા)ની સંપત્તિ ધરાવે છે. એટલે દાદાજીએ રૂપિયામાં ચાર આની ભાગ જ આયાને આપ્યો છે, પણ પરિવાર આ વાત નથી પચાવી શક્યો. થોડા દિવસો પહેલા મેડિકલ ચેકઅપ પતાવી આયા ૧૦૨ વર્ષના પતિને લઈ ઘરે જઈ રહી હતી ત્યારે પરિવારના સભ્યો અચાનક પ્રગટ થયા અને દાદાજીની વ્હિલચેર આંચકી ભાગવાની કોશિશ કરી. ધમાલ મચી ગઈ અને પોલીસે આવી મામલો થાળે પાડ્યો. અંતે પરિવાર દાદાજીને લઈ ગયો અને આ તરફ મિસ્ટર લેન્ગને તેમની ઈચ્છા વિરુદ્ધ લઈ જવામાં આવ્યા હોવાની આયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. આયાએ દાદાજીને ભોળવી માલમતા મેળવી હોવાનું પરિવારનું કહેવું છે. ટૂંકમાં વેલ્થ, વેડિંગ અને વ્હિલચેરનો આખો મામલો કાનૂની ગૂંચમાં ભેરવાયો છે.

## દીકરો બાપ ને મા દીકરી



વહેણ વિરુદ્ધ તરવું આસાન નથી, પણ જો એમાં સફળતા મળે તો એનાથી મળતા આનંદની કોઈ સીમા નથી હોતી. એટલું જ નહીં, એ પ્રયાસ દીવાદાંડીની ગરજ સારી શકે છે. એક સમય હતો જ્યારે ધોલ મારી કે ઘરની બહાર કાઢી મુકીશ એવી બીક બતાવી સંતાન પાસે ધાર્યું કરાવી શકાતું.

જોકે આજે જમાના બદલ ગયા હૈ. હવે સંતાનો લાલઘૂમ આંખોથી માતા- પિતાને ડરાવી શકે છે અને એમના મનમાં આવે તો ઘરમાંથી કાઢી મૂકી વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે.

જોકે, ચીનમાં લોકપ્રિય થઈ રહેલી 'રિવર્સ પેરેન્ટિંગ' પ્રથા હરખ થાય એવી છે. ચીનમાં અનેક પરિવારમાં સંતાનો પર વડીલો હુકમ નથી ચલાવતા બલકે બાળકોને જાત અનુભવથી સમજણ કેળવવાની તક આપી રહ્યા છે. ૨૦૨૨માં ચીનના એક પ્રાંતની ઘટના વાઇરલ થયા પછી આ ટ્રેન્ડ વિકસ્યો છે.

કડકડતી ઠંડીમાં ત્રણ વર્ષની બાળકીએ ગરમ કપડાં પહેર્યા વિના પ્રિંસેસનો ડ્રેસ પહેરી બહાર નીકળવાની જીદ કરી. માએ ન તો આંખો કાઢી, ન કડકાઈ કરી કે ન ગરમ કોટ પહેરવાનો આગ્રહ કર્યો. એને બહાર જવા દીધી અને પાછળ પોતે પણ નીકળી. થોડી જ વારમાં દીકરી ઠંડીમાં ઠુઠવાઈ ગઈ અને માએ ગરમ કોટ પહેરાવી દીધો. જાત અનુભવથી શીખેલી વાત ક્યારેય ભુલાતી નથી એ ઉદેશ હતો.

બીજો પ્રકાર છે મિરર રિએક્શન પદ્ધતિનો. આ પદ્ધતિમાં માતા પિતા સંતાન પર ખીજવાઈ જવાને બદલે એના ગુસ્સા કે જીદની નકલ કરે છે. દીકરી આઈસક્રીમ ખાવા માટે જમીન પર આળોટી રડવા લાગી ત્યારે એને 'આવું સારું નથી લાગતું, તને આઈસક્રીમ તો નહીં જ મળે' એવું કહેવાને બદલે માતા એની સાથે જમીન પર આળોટવા લાગી. આ જોઈ બાળકીને ખૂબ આશ્ચર્ય થયું અને એણે રડવાનું બંધ કરી દીધું. મનોચિકિત્સકોનું કહેવું છે કે આવી કોશિશ બાળકોને હરકતો કરતા અટકાવી શકે છે. 'પહેલું સુખ તે જાતે કર્યા'ની રિવર્સ પેરેન્ટિંગ શૈલી બાળ ઉછેરની પદ્ધતિ બદલી રહી છે.

## ચોવટને મારો ચોકડી



મંદિરના ઓટલા પર કે સ્કૂલબસના પીકઅપ પોઈન્ટ પર કે પછી વ્હોટ્સએપ ગ્રુપ પર ગોસિપની દુકાન ધમધમતી હોય છે. ચોવટ કરવામાં સ્ત્રી અને ગોસિપ કરવામાં પુરુષવર્ગ રુચિ ધરાવે છે. પાડોશીના કે સોસાયટીના કે ઓફિસ ક્લીગના કે... બંધ બારણાંના કીહોલમાંથી પેલી તરફ કશુંક રંધાઈ રહ્યું હોય તો એની લિજ્જત લેવા હર કોઈ ઉત્સુક હોય છે. ક્યારેક વાતનું વતેસર થાય અને 'ચાર મળે ચોટલા, ભાંગે કોઈના ઓટલા' કહેવત સાચી પડતી જોવા મળે. છત્તીસગઢના મેઢકી ગામમાં ચોવટને મારો ચોકડીનો નિયમ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ અફવા ફેલાવતી, ગોસિપ કરતી કે હિંસાને ઉત્તેજન આપતી પ્રવૃત્તિ કરતી ધ્યાનમાં આવશે તો પાંચથી દસ હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ પ્રકારની હરકતોથી ગામમાં અનિચ્છનીય બનાવો થતા હોવાથી અને એના મૂળમાં ગોસિપ હોવાનું સમજાઈ જતા ગામના વડીલો દ્વારા આ અફલાતૂન નિર્ણય લેવામાં આવ્યો છે. પાંચ વર્ષ પહેલા આ ગામમાં દારૂબંધીનો નિર્ણય સ્વેચ્છાએ અમલમાં મુકવામાં આવ્યો હતો. શરાબ વેચનારને દસ હજારનો દંડ અને દારૂ પીધા પછી જાહેરમાં ધમાલ કરનારને ૧૧ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે. એટલું જ નહીં, શરાબ વેચાણ અંગે જાણકારી આપનારને એક હજાર રૂપિયા બક્ષિસ પેટે આપવામાં આવે છે. ગ્રામ્ય જીવનને સૌમ્ય જીવન બનાવવાની આ કોશિશને કોન્ગ્રેચ્યુલેશન્સ આપવા જોઈએ.

## લ્યો કરો વાત

*ખુશનુમા સાંજ હોય ત્યારે કોફી પીવા ઓફ કોર્સ ગર્લફ્રેન્ડ સાથે જવાય અને મેરેજ થઈ ગયા હોય તો પત્ની અને કુંવારી સાળી સાથે ફ્લોરલ ગેઈશા કે સ્વીટ બોર્બોન અથવા સૌથી મોટા બીન્સવાળી ડાર્ક મોરેગોશી કોફી પીવાની ઈચ્છા ઊમટી આવે. જો તમે એશિયા ભ્રમણ કરવા નીકળ્યા હો અને જો તમારા લિસ્ટમાં સાઉથ કોરિયાની રાજધાની સોલનો સમાવેશ હોય તો વર્ષના ૩૬૫ દિવસ 'રીમઝીમ ગિરે સાવન'નો અનુભવ કરાવતા 'રેઈન રિપોર્ટ કેફે'માં પહોંચી જવાનું. અહીં કેફેની અંદર બેસી કોફી પીવાની વ્યવસ્થા છે, સાંજને મસ્તાની બનાવવી હોય તો બહાર ખુલ્લામાં - ઓપન એરમાં બેસવાનું અને દર પંદર મિનિટે વરસતા વરસાદમાં કોફીના ઘૂંટડા ભરવાની લિજ્જત લેવાની. માત્ર અંતરથી જ ભીંજાવાની જ ઈચ્છા હોય અને શરીર - કપડાં કોરાકટ રાખવા હોય તો કેફે તરફથી છત્રી, રેઈનકોટ અને સ્પેશ્યલ રબરના બૂટ આપવામાં આવે. કોફી પીતા પીતા 'યે શામ મસ્તાની, મદહોશ કિયે જાય, મુઝે ડોર કોઈ ખીંચે તેરી ઓર લિએ જાય' ગણગણવાની ઈચ્છા રોકી નહીં શકાય એની ગેરંટી.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**દરેક બજેટમાં શેના પર ટેક્સ લાગતો નથી?**
* બજેટની ચર્ચા પર...

**હીરોઈનના લગ્નની કંકોત્રી મળે તો?**
* સોશ્યલ મીડિયા પર એની જાણ કરો તો ગિફ્ટ અથવા ચાંલ્લો આપ્યા વગર પણ પબ્લિસિટી થાય...

**વરરાજા પરણવા માટે કાર કે બગીના બદલે એમ્બ્યુલન્સમાં જાય તો?**
* લગ્ન પહેલાં જ એ 'માંદલો' પતિ જાહેર થઈ જાય ...

**પ્રેમની પરીક્ષા લેવાય તો?**
* પેપર ફૂટે તો પ્રેમીઓની સંખ્યા વધી જાય...

**પ્રેમિકાના પિતાને શું કહેવાય?**
* સંભવિત સસરા....

**ઘરના બારણે પૈસા મળે એને શું કહેવાય?**
* દ્વારકેશ....

**સચ કા સામના. તો જૂઠ કા?**
* જમાના....

**નવા જમાનામાં ગુપ્ત દાન એટલે?**
* રાજકીય પક્ષને ચૂંટણી ફંડ ...

**નેતા અને સંતનાં ખાનગી કરતૂતોની સીડી કેમ ફરતી હશે?**
* લોકોને એના દર્શનમાં વધુ રસ પડે એટલે...

**ઢાંકણામાં પાણી લઈને કેવી રીતે ડૂબી મરાય?**
* એક વાર તળાવમાં આનો અનુભવ લઈ આવો પછી સવિસ્તર દર્શાવીશ...

**મિલન અને સંમેલનમાં ફરક શું?**
* સંખ્યા અને સ્થળનો...

**હવે સવારે કૂકડો કેમ બોલતો નથી?**
* મોબાઈલ આવ્યો એટલે એને કાઢી મૂક્યો...

**બીમાર ડોક્ટર કોની સારવાર લે?**
* તાજામાજા ડોકટરની...

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ચુસ્તતા તેના નિશ્ચિત શબ્દોમાં છે...

'કચ્છી ચોવકો'નું રૂપ નિશ્ચિત હોય છે અને તેમાં વપરાતા શબ્દો પણ નિશ્ચિત હોય છે. એક કહેવત ઉદાહરણ રૂપે જોઈએઃ 'અંધી ડરે ને કુત્તો ખાય' અર્થ એ થાય છે કે, 'આંધળી દળણું દળે ને કૂતરાં લોટ ખાઈ જાય.' આ રૂપમાં ફેરફાર શકય નથી. આપણે એમ પણ ફેરફાર ન કરી શકીએ કે 'અંધી ડરેતી ને કુતો ખાય તો.' આ રીતે કહેવતની ચૂસ્તતા તેના શબ્દોમાં છે. હવે કચ્છી ભાષાનાં બીજાં ઘરેણાં રૂઢિપ્રયોગને કહેવત સાથે સરખાવીએ તો રૂઢિપ્રયોગ પૂર્ણ નથી હોતા કહેવત પૂર્ણ હોય છે તેમાં ઉદ્દેશ અને વિધેય બંને પદોનું પૂર્ણ વિધાન હોય છે એટલે તેને અન્ય કોઈ માધ્યમની જરૂર જ રહેતી નથી. આ એનું જીવંત ઉદાહરણઃ 'ટાંકા ટુટી વ્યા' આપણે ગુજરાતીમાં ઘણીવાર એવો એક પ્રયોગ કરીએ છીએ ગાભા કાઢી નાખ્યા બસ એ જ અર્થમાં!

ગયે અઠવાડિયે ચબેલા ડેનેલી એરચીની હાણે છોતરા પણ નહીં યાં વેં... અભિપ્રેત અર્થ જોઈ લઈએ.

'ઢીંગલે ઢૂંઢેલા વિઈ, ને ઉઠ કંઢાણી કોરીપિઈ' આ કહેવત કરતાં તેનો અર્થ ઓછા શબ્દોમાં વ્યક્ત થઈ જાય છેઃ થોડું કરવા જતાં મોટું નુકસાન થવું થોડું વિગતે 'વાડામાં ઘૂસી આવેલો ઊંટ કઢાવવાનું મહેનતાણું ઢીંગલો ઠરાવ્યું. પણ ઊંટે જે નુકસાન કર્યું એ કોરી પર પહોંચ્યું.' ઢીંગલા કરતાં કોરીનું ચલણ મૂલ્યવાન હતું

બીજી કહેવત એવી છે કે ગરીબ કે તવંગર કોઈને પણ લાગુ પડે છે. 'ડોકડે જો ડુકાર, સજણે જો સુગાર' રૂપિયે પૈસે ઘર નબળું હોય પણ સજ્જનતાની સુવાસ તેમને શ્રીમંતોની હરોળમાં મૂકી દે છે. આવી સજ્જનતાની વાત આવી છે તો આ કચ્છી કહેવતને કેમ ભુલાય?

'જગ બત્રીસી મથે ચડ્યો સે વ્યો'

વાત અતિરેકની પણ અહીં સમાવિષ્ઠ છે જગ બત્રીસી એટલે બહુ નામના, અને એવી નામના કે વ્યક્તિ સંપૂર્ણપણે તેને લાયક ન હોય, ત્યારે આવી ઊંચાઈ પર ચઢનાર ગમે ત્યારે 'ભફ' થઈ જાય છે! આ કહેવતનો સીધો અર્થ થાય છેઃ 'દુનિયામાં ટીકા થવી.'

આ કહેવત હતી. આ વિષયને સ્પર્શતો જ એક રૂઢિપ્રયોગ કચ્છીમાં વપરાય છેઃ કારી ટીલી લગણી એટલે કે કલંક લાગવો, આબરૂને દાગ લાગવો.

ગુજરાતીમાં આપણે કહીએ કે પહેલા પ્રયાસે જ સફળતા તેને કચ્છીમાં કહેવું હોયતો 'ધક્સા બિમણા' ધકસા એટલે એક જ વારમાં, પ્રથમવારમાં બિમણા એટલે બમણા. ટૂંકમાં તરત જ ફાયદો થવો. અહીં આર્થિક ફાયદાનો અર્થ અભિપ્રેત છે.

બાકી તો, જેની નિયત ખરાબ હોય છે, એ લોકો ભાગ્યે જ રોટલો ભેગા થતા હશે. કચ્છીમાં આ રીતનો પ્રયોગ છે, તેમના માટે 'નીથ ભધ ત યા ની અધ' 'નીથ એટલે નિયત 'ભધ' એટલે 'ખરાબ' માની એટલે 'રોટલો' અને 'અધ' એટલે 'અડધો.' ખરાબ નિયતવાળા અડધા રોટલા ભેગા પણ ન થાય! આવા સંજોગોમાં એક કચ્છી કહેવત માર્ગદર્શન આપતાં કહે છેઃ 'થીયોં સઈ ડિસ કે સામા' સાચી દિસા પકડો, કે સાચી દિશામાં પ્રયાણ કરો. 'સઈ' એટલે 'સાચી' અને ડિસ એટલે 'દિશા.'

એમ કરતાં પણ જેટલું ભાગ્યમાં લખ્યું હશે, તેટલું જ મળશે, જેવાં કામ કરીએ તેવું ફળ મેળવીએ. ચોવક શું કહે છે?

'ધરમી ધરમ કરે, નેં પાપી પેટ કૂટે'

જેવા કર્મ તેવાં ફળ. જો કામ જ બરાબર ન કર્યું હોય તો વળતરની આશા કેમ રાખી શકાય? આ કચ્છી ચોવક સાવચેતી આપતાં સ્પષ્ટ કહે છે. 'તો ડે ત્રિમણા, બોંડે બિમણા' આવા સંજોગોમાં વળતરની આશા રખાય જ નહીં કામ કોઈ દહાડે સરખું ન કરે અને દરેક કામમાં એકનું બીજું જ કરી આવનાર વ્યક્તિ માટે કહેવાય કે 'નોંય નોંય જા બ' કામ કંઈક કરવાનું હોય અને કરી આવે કંઈ જુદું જ! ■

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@ bombaysamachar.com

# એક પરીક્ષાના પરિણામથી તમારો સમગ્ર જીવનપથ નક્કી નથી થતો...

### પરીક્ષા મૂલ્યાંકન કરી શકે, પરંતુ મૂલ્ય ન આંકી શકે !

ધોરણ દસ અને બાર - આ બે ધોરણ વિદ્યાર્થીઓના જીવનમાં મહત્ત્વપૂર્ણ વળાંક તરીકે જોવામાં આવે છે. ઘણા વિદ્યાર્થી પરીક્ષાના સમયગાળામાં ભારે માનસિક દબાણ અનુભવે છે. જોકે એક વાત સ્પષ્ટ છે - પરીક્ષા જીવન નથી, પરંતુ જીવનનો એક તબક્કો છે. પરીક્ષા દબાણથી નહીં, પરંતુ શાંતિ, સંતુલન અને આત્મવિશ્વાસથી આપી શકાય છે. પરીક્ષા એ મેળવેલ જ્ઞાન અને કેળવેલ કૌશલ્યને ઉપયોગમાં લેવાનું માધ્યમ છે. પરમાત્માએ આપણને ત્રણ સબળ સાધન આપ્યા છેઃ હૈયું, મસ્તક ને હાથ,,, આ સિવાય રે આપણે બીજું જોઈએ પણ શું ? પરીક્ષા કોઈ સાવજ દીપડો નથી કે તેનાથી ડરવાનું હોય! આખું વર્ષ મહેનત કરીને તમે પરીક્ષા આપવા જઈ રહ્યા છો. તમારા માતા-પિતા, વાલી અને શિક્ષકો આ વાતના સાક્ષી છે.



સૌ પ્રથમ સમજવું જરૂરી છે કે પરીક્ષા તમારું મૂલ્યાંકન કરે છે, પરંતુ તમારું મૂલ્ય નક્કી કરતી નથી. તમે માત્ર ગુણાંક નથી - તમે વિચારો, સંવેદનાઓ, ક્ષમતાઓ અને સપનાઓ ધરાવતા વ્યક્તિ છો. એક પરીક્ષાના પરિણામથી તમારો સમગ્ર જીવનપથ નક્કી થતો નથી. ઈતિહાસ સાક્ષી છે કે ઘણા મહાન વૈજ્ઞાનિકો, લેખકો, ઉદ્યોગપતિઓ અને કલાકારો પરીક્ષામાં સર્વોચ્ચ ગુણ લાવનાર નહોતા, છતાં એ બધા જીવનમાં અસાધારણ રીતે સફળ થયા છે.

વિદ્યાર્થીઓ પર દબાણ વધવાનું એક મુખ્ય કારણ છે અપેક્ષાઓ. 'સારા ગુણ લાવવાના જ છે', 'આ છેલ્લી તક છે, નહીં તો ભવિષ્ય અંધકારમય બની જશે' - આવી વાતો અજાણતાં જ વિદ્યાર્થીના મનમાં ભય પેદા કરે છે. હકીકત એ છે કે જીવનમાં માર્ગો અનેક છે. એક દરવાજો બંધ થાય તો અનેક નવા દરવાજા ખુલે છે. તમારું જીવન એક અધ્યાય નથી, પણ આખો ગ્રંથ છે. એક અધ્યાય-પાઠ થોડો નબળો હોય, તો આખું પુસ્તક ફેંકી દેવામાં આવતું નથી ને? તો પછી, એક પરીક્ષા ખરાબ જાય તો પોતાની જાતને નબળી કેમ માનવી? તેથી પરિણામ જે પણ આવે, તે અંત નથી; તે તો એક શરૂઆત છે.

યાદ રાખો, ભૂલ થવી સ્વાભાવિક છે. દરેક પ્રશ્નનો જવાબ ન આવડવો એ નિષ્ફળતા નથી. જે પ્રશ્ન આવડે તે શ્રેષ્ઠ રીતે લખો. એક પ્રશ્ન ખરાબ ગયો, એટલે સમગ્ર પરીક્ષા બગડી ગઈ - આવું માનવું ખોટું છે. ઘણી વાર વિદ્યાર્થીઓ એક પ્રશ્નને કારણે સમગ્ર પરીક્ષામાં આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. આવું ન થવા દો.

આ સમયે પરિવાર અને શિક્ષકો પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતા-પિતાએ સમજવું જોઈએ કે બાળકનું માનસિક સ્વાસ્થ્ય ગુણ કરતાં વધુ મૂલ્યવાન છે. તું અમારું ગૌરવ છો, પરિણામ જેવું પણ આવે ચિંતા કરીશ નહીં, મોજથી પરીક્ષા આપ.' આવું આશ્વાસન વિદ્યાર્થી માટે ઔષધ સમાન છે. શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓમાં ભય નહીં, પરંતુ વિશ્વાસ જગાડવો જોઈએ.

વિદ્યાર્થીએ પોતાની તુલના બીજાઓ સાથે ન કરવી જોઈએ. દરેક વિદ્યાર્થી અલગ છે, તેની ક્ષમતા અલગ છે, તેની ગતિ અલગ છે. કોઈ ગણિતમાં તેજ છે, કોઈ ભાષામાં, કોઈ વિજ્ઞાનમાં, તો કોઈ કલામાં. પોતાને ઓળખો, પોતાને સ્વીકારો. તમે જેમ છો તેમ પૂરતા છો.

આજે સોશ્યલ મીડિયા પણ દબાણ વધારનાર એક કારણ બની રહ્યું છે. કોઈના માર્ક્સ, કોઈની તૈયારી, કોઈની સફળતા જોઈને પોતાને ઓછું ન આંકો. બહાર દેખાતી સફળતા પાછળ કેટલો સંઘર્ષ છે તે આપણે નથી જાણતા. પરીક્ષા એ તમારી બુદ્ધિ, સ્મૃતિ અને સમજણની ચકાસણી છે - તમારા હૃદયની, સંવેદનાની કે માનવતાની નહીં. તેથી પરીક્ષાને ભાર નહીં, એક અનુભવ તરીકે લો. તમે જેટલા શાંત રહેશો, એટલું તમારું પ્રદર્શન સારું રહેશે.

તમારું જીવન બહુ કિંમતી છે. ગુણ ઓછા આવે તો સુધારો શક્ય છે, ફરી પ્રયત્ન શકાય છે, પરંતુ જીવનનો આનંદ, સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ ગુમાવવાનો કોઈ વિકલ્પ નથી. આથી! ટકાની ઝંઝટમાં પડતા નહીં. ટકાના ત્રાજવે તો તમોને બહુ તોળ્યા. તમારામાં રહેલા સંસ્કાર, સમજણ, સૌજન્યશીલતા, સાદગી, ચારિત્ર્ય, પ્રમાણિકતા, પરિશ્રમ, બહાદુરી, આજ્ઞાંકિતતા જીવદયા અને અનુકંપા જેવી બાબતોની તો કોઈ કિંમત જ નહીં? આ સિદ્ધિઓના ટકા નહીં ગણવાના? જે તમને વારસામાં મળ્યા છે ! અને હા, તમારી માર્કશીટમાં આ ગુણ મૂકવાનું તો કોઈ ખાનું જ નથી આપ્યું...?....!

ગુજરાતી થાળીના વિવિધ સ્વાદની જેમ જિંદગીમાં દરેક આવડત કામ લાગે છે. માત્ર રિપોર્ટ કાર્ડના ટકા નહીં! વાસ્તવિક જગતમાં પરફોર્મન્સ જોવાય છે. ■

# રિન્કુ વર્લ્ડ કપ છોડીને ઘરે પાછો આવી ગયો!

નવી દિલ્હી: ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમના મિડલ-ઑર્ડર બૅટ્સમૅન રિન્કુ સિંહના પિતાની તબિયત ગંભીર થઈ જતાં તે હમણાં આ ટૂર્નામેન્ટ છોડીને ઘરે પાછો આવી ગયો છે. રિન્કુના પિતાને ગ્રેટર નોઇડાની હૉસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે.

ભારતની હવે પછીની મૅચ ગુરુવાર, ૨૬મી ફેબ્રુઆરીએ ચેન્નઈમાં ઝિમ્બાબ્વે સામે રમાશે અને એમાં રિન્કુના રમવાની સંભાવના ખૂબ ઓછી હોવાથી ટીમ મૅનેજમેન્ટે ટીમમાં ફેરફાર કરવો પડશે.

રિન્કુ પારિવારિક કારણસર ટીમ છોડીને પરિવાર પાસે પાછો આવી ગયો છે. કેટલાક અહેવાલોમાં જણાવાયું છે કે તેના પિતા સિરિયસ હોવાથી તે પાછો આવી ગયો છે. તે ટીમ સાથે ચેન્નઈ ગયો હતો, પરંતુ ઘરેથી સમાચાર મળતાં જ વતન પાછો આવવા રવાના થયો હતો.

હાલમાં ટીમ ઇન્ડિયાનો સપોર્ટ સ્ટાફ રિન્કુના પરિવારના સતત સંપર્કમાં છે અને આ સ્ટાફ તેમ જ સમગ્ર ટીમ અને ક્રિકેટ બોર્ડ એવું માને છે રિન્કુ માટે આ સમય તેના પિતાની પડખે રહેવાનો છે. ■

# ભારત માટે સેમિ ફાઇનલના હજી કેટલા ચાન્સ?

## જો અને તો પર બધો આધાર, અન્ય ટીમોના પરાજય માટે પ્રાર્થના પણ જરૂરી





હવે ટીમમાં અભિષેકનું સ્થાન સૅમસનને અપાશે કે નહીં? ટીમ ઈન્ડિયા સામે સૌથી મોટો સવાલ

ચેન્નઈ: ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-એઇટ રાઉન્ડમાં ભારત રવિવારે અમદાવાદમાં સાઉથ આફ્રિકા સામે ૭૬ રનના મોટા માર્જિનથી હાર્યું અને સોમવારે વાનખેડેમાં વેસ્ટ ઇન્ડિઝે ઝિમ્બાબ્વેને ૧૦૭ રનના વિક્રમજનક માર્જિનથી હરાવ્યું એટલે ક્રિકેટપ્રેમીઓમાં સવાલ થઈ રહ્યો છે કે ભારતને સેમિમાં જવાની હવે તક છે ખરી?

આ રાઉન્ડના બન્ને ગ્રૂપમાંથી ટોચની બે-બે ટીમ સેમિ ફાઇનલમાં જવાની છે. સોશ્યલ મીડિયાથી માંડીને ગૂગલ સુધી, લોકો ખાસ એક સવાલ પર જવાબ સર્ચ કરી રહ્યા છે કે ભારત હવે સેમિ ફાઇનલમાં પહોંચી શકશે કે નહીં? વિવિધ વેબસાઇટો અને સમગ્ર મીડિયામાં આપવામાં આવેલા વિશ્લેષણો પરથી આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) પાસે પણ ક્રિકેટપ્રેમીઓ આ સવાલનો જવાબ માગી રહ્યા છે.

સૌથી પહેલાં તો જણાવી દેવાનું કે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારત આ વખતના વર્લ્ડ કપમાં તો શું, ટી-૨૦ વર્લ્ડ કપના ઇતિહાસની છેલ્લી ૧૨ મૅચ બાદ રવિવારે પહેલી વખત હાર્યું ખરું, પણ હજી વિશ્વ કપની બહાર નથી થયું અને આશા રાખીએ કે બહાર ન થાય. હા, ભારતનો પથ હવે મુશ્કેલ જરૂર થઈ ગયો છે. સાઉથ આફ્રિકાએ ભારતને હરાવીને તો ઠીક, પણ વેસ્ટ ઇન્ડિઝે ઝિમ્બાબ્વે સામે જીતીને ટીમ ઇન્ડિયાની મુશ્કેલી વધારી છે.

રવિવારની હારને પગલે ભારતનો નેટ રનરેટ -૩.૮૦૦ છે. ભારત પોતાના ગ્રૂપમાં ત્રીજા સ્થાને છે, જ્યારે વેસ્ટ ઇન્ડિઝ (+૫.૩૫૦) અને સાઉથ આફ્રિકા (+૩.૮૦૦)નો રનરેટ ભારત કરતાં ક્યાંય ચડિયાતો છે. બન્ને ટીમને રનરેટમાં પાછળ મૂકવાનું ભારત માટે અશક્ય છે. સુપર-એઇટમાં ભારત અને ઝિમ્બાબ્વે (-૫.૩૫૦) પોતપોતાની પ્રથમ મૅચ હાર્યા છે, જ્યારે સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝ એક-એક મૅચ જીત્યા છે. ભારત-તરફી ક્રિકેટપ્રેમીઓએ હવે પ્રાર્થના કરવાની કે સાઉથ આફ્રિકા અથવા વેસ્ટ ઇન્ડિઝમાંથી કોઈ એક ટીમ પોતાની બાકીની બન્ને મૅચ હારી જાય. એવું થશે તો ટીમ ઇન્ડિયા આસાનીથી સેમિમાં જશે. વેસ્ટ ઇન્ડિઝે હવે સાઉથ આફ્રિકા સામે અને ભારત સામે રમવાનું છે, જ્યારે સાઉથ આફ્રિકાએ વેસ્ટ ઇન્ડિઝ ઉપરાંત ઝિમ્બાબ્વેનો સામનો કરવાનો છે.

વેસ્ટ ઇન્ડિઝ જો ગુરુવારે અમદાવાદમાં સાઉથ આફ્રિકા સામે હારી જશે અને પછી રવિવારે ભારત પણ કૅરિબિયનોને હરાવશે તો તેમના (કૅરિબિયનોના) માત્ર બે પૉઇન્ટ રહેશે. હા, વેસ્ટ ઇન્ડિઝ જો સાઉથ આફ્રિકા સામે જીતી જશે તો ભારતનો રાહ મુશ્કેલ થઈ જશે. ભારત ગુરુવારે ચેન્નઈમાં ઝિમ્બાબ્વેને અને રવિવારે કોલકાતામાં કૅરિબિયનોને હરાવીને સેમિ ફાઇનલમાં પહોંચી શકશે. જોકે વેસ્ટ ઇન્ડિઝ જો સાઉથ આફ્રિકા સામે જીતશે, પણ ભારત સામે હારી જશે તો પણ ચાર પૉઇન્ટ અને સારા રનરેટને આધારે કૅરિબિયનો સેમિમાં પહોંચી શકશે. સાઉથ આફ્રિકા હવે ગુરુવારે વેસ્ટ ઇન્ડિઝને અથવા રવિવારે દિલ્હીમાં ઝિમ્બાબ્વે સામે જીતશે તો પણ (બેમાંથી એક મૅચ જીતીને પણ) ચાર પૉઇન્ટ સાથે સેમિમાં જઈ શકશે.

ટૂંકમાં, આ ગ્રૂપની ચારેય ટીમને સેમિમાં જવાની તક છે. ખાસ કરીને ભારતે સારા રનરેટથી બન્ને મૅચ જીતવી પડશે. એક ગણતરી મુજબ ભારતે ઝિમ્બાબ્વે સામેની ગુરુવારની મૅચમાં લક્ષ્યાંક ૧૦-૧૨ ઓવરમાં ચેઝ કરવો પડશે અને ટાર્ગેટ ડિફેન્ડ કરતી વખતે ભારતે ૧૦૦ રનના માર્જિનથી મોટી જીત મેળવવી પડશે. ■

# હૅરી સામે હાર્યું પાકિસ્તાન, ઇંગ્લૅન્ડ સેમિમાં



પલ્લેકેલ: ઇંગ્લૅન્ડ અહીં મંગળવારે પાકિસ્તાનને વર્લ્ડ કપના સુપર-એઇટ રાઉન્ડના અત્યંત રોમાંચક મુકાબલામાં પાંચ બૉલ બાકી રાખીને બે વિકેટના માર્જિનથી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશનાર પ્રથમ દેશ બન્યો હતો. કૅપ્ટન હૅરી બ્રૂક (૧૦૦ રન, ૫૧ બૉલ, ચાર સિક્સર, દસ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. બ્રૂકે પાકિસ્તાનનું બૅન્ડ બજાવી દીધું. તેના વન-મૅન શૉને લીધે પાકિસ્તાને છેવટે પછડાટ ખાવી પડી હતી. કરોડો ક્રિકેટપ્રેમીઓ બ્રૂકની ઇનિંગ્સને જીવનભર યાદ રાખશે અને પાકિસ્તાનીઓ આ હારને ભૂલી જવાની કોશિશ કરશે.

પાકિસ્તાને આપેલો ૧૬૫ રનનો લક્ષ્યાંક ઇંગ્લૅન્ડે ૧૯.૧ ઓવરમાં ૮/૧૬૬ના સ્કોર સાથે મેળવી લીધો હતો. છેલ્લી પળોમાં બ્રિટિશ ટીમે બ્રૂક સહિત ૧૨ બૉલમાં (છ રનમાં) ત્રણ વિકેટ ગુમાવી હતી અને પાકિસ્તાન જીતી શકે એમ હતું, પરંતુ જોફ્રા આર્ચરે સલમાન મિર્ઝાના બૉલમાં વિનિંગ ફોર ફટકારી દીધી હતી. હૅરી બ્રૂકે ૨૮ બૉલમાં ૫૦ રન કર્યા હતા. તેણે ૫૦મા બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. શાહીન આફ્રિદીએ ચાર તેમ જ ઉસ્માન તારિક તથા નવાઝે બે-બે વિકેટ લીધી હતી. એ પહેલાં, પાકિસ્તાને સાહિબઝાદાના ૬૩ રનની મદદથી ૯ વિકેટે ૧૬૪ રન કર્યા હતા. ડૉસને ત્રણ તથા આર્ચર-ઓવર્ટને બે-બે વિકેટ મેળવી હતી. ■

**આજે કોની મૅચ?**

આજે શ્રીલંકા અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે કોલંબોમાં સાંજે ૭.૦૦ વાગ્યાથી મુકાબલો થશે. ગુરુવારે અમદાવાદમાં (બપોરે ૩.૦૦) સાઉથ આફ્રિકા-વેસ્ટ ઇન્ડિઝની અને ચેન્નઈમાં (સાંજે ૭.૦૦) ભારત-ઝિમ્બાબ્વે વચ્ચે મુકાબલો થશે.

# કોલકાતા-અમદાવાદના ટિકિટ ધારકોને રિફન્ડની ખાતરી

નવી દિલ્હી: આઇસીસીએ ભારત અને શ્રીલંકામાં પોતાના બૅનર હેઠળ ચાલી રહેલા ટી-૨૦ વર્લ્ડ કપને લગતી મહત્ત્વની જાહેરાત કરી હોવાનું પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું.

પાંચમી માર્ચની બીજી સેમિ ફાઇનલ વાનખેડેમાં રમાવાની છે. જોકે ચોથી માર્ચની પ્રથમ સેમિ ફાઇનલ (ફ્લોટિંગ વૅન્યૂ અરેન્જમેન્ટ તરીકે) કોલંબો અથવા કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રાખવાનું નક્કી હોવાથી તેમ જ આઠમી માર્ચની ફાઇનલ માટે અમદાવાદ પણ લિસ્ટમાં હોવાથી જાહેરાત એ કરવામાં આવી છે કે જો સેમિ ફાઇનલમાં કે ફાઇનલમાં પાકિસ્તાન પહોંચ્યું હશે તો એ મૅચ માટેના આ બે નિયત સ્થળ (કોલકાતા અને અમદાવાદમાં)ની ટિકિટ ખરીદનારાઓને પૂરું રિફન્ડ આપી દેવામાં આવશે.

ઑનલાઇન ટિકિટોનું વેચાણ ગઈ કાલે સાંજે ૭.૦૦ વાગ્યે શરૂ કરવામાં આવ્યું હતું. જો પાકિસ્તાન સેમિ ફાઇનલ રાઉન્ડમાં પહોંચશે તો તેઓ ચોથી માર્ચે કોલંબોમાં સેમિ રમશે એટલે કોલકાતાના ટિકિટધારકોને પૂરું રિફન્ડ મળી જશે.

જો પાકિસ્તાન સેમિમાં નહીં જાય અને શ્રીલંકા જશે અને એની સેમિ ભારત સિવાયના કોઈ દેશ સામે હશે તો એ સેમિ કોલંબોમાં રમાશે. જો સેમિમાં ભારત-શ્રીલંકા સામસામે આવશે તો એ સેમિ (ચોથી માર્ચે) કોલકાતામાં રમાશે. જો પાકિસ્તાન ફાઇનલમાં નહીં પહોંચ્યું હોય તો એ ફાઇનલ અમદાવાદમાં રમાશે એ નક્કી છે. જો પાકિસ્તાન ફાઇનલમાં જશે તો એ મૅચ કોલંબોમાં રમાશે અને અમદાવાદના ટિકિટધારકોને પૂરું રિફન્ડ મળી જશે. ■

# બાવીસ વર્ષે બાવો બોલ્યો: અમ્પાયર બકનરે કહ્યું, સચિનને આઉટ આપેલો એ મારી ભૂલ હતી



નવી દિલ્હી: બાવીસ વર્ષ પહેલાં બ્રિસ્બેનના ગૅબામાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં લેગ બિફોર વિકેટ (એલબીડબ્લ્યૂ)ની અપીલમાં સચિન તેન્ડુલકરને ખોટો આઉટ આપ્યો હોવાની ભૂલ નિવૃત્ત અમ્પાયર સ્ટીવ બકનરે છેક હવે કબૂલી છે અને ખેદ વ્યક્ત કર્યો છે. સચિનની ૨૪ વર્ષની શાનદાર કારકિર્દીમાં બકનરનો એ નિર્ણય સૌથી વિવાદાસ્પદ હતો.

૧૯૯૨થી ૨૦૦૭ દરમ્યાન સતત પાંચ વર્લ્ડ કપમાં અમ્પાયરિંગ કરવાનો વિશ્વવિક્રમ ધરાવતા વેસ્ટ ઇન્ડિઝના સ્ટીવ બકનરે ૨૦૦૯ની સાલમાં નિવૃત્તિ લીધી હતી. ક્રિકેટ જગતમાં જે અમ્પાયરોને સૌથી વધુ માનભરી નજરે જોવામાં આવે છે એમાં બકનરનો પણ સમાવેશ છે. જોકે ૨૦૦૪માં ગૅબામાં સચિન આઉટ ન હોવા છતાં તેને એલબીડબ્લ્યૂની અપીલમાં આઉટ આપવાના બકનરના નિર્ણયની વિશ્વભરમાં ખૂબ ટીકા થઈ હતી. 'એ મારી ભૂલ હતી' એવું કહીને બકનરે હવે અફસોસ વ્યક્ત કર્યો છે. ઍક્શન રિપ્લેમાં સ્પષ્ટ દેખાતું હતું કે બૉલ જો સચિનના પૅડને ન લાગ્યો હોત તો સ્ટમ્પ્સની ઉપરથી પસાર થઈ ગયો હોત. ચાર મૅચવાળી સિરીઝની એ પહેલી મૅચ હતી જેમાં સૌરવ ગાંગુલીએ ૧૪૪ રન કર્યા હતા અને એ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી.

પીટીઆઇ અનુસાર બકનરને વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ અમ્પાયર્સ અસોસિયેશન સાથેની મુલાકાતમાં પૂછવામાં આવ્યું હતું કે 'અમ્પાયર તરીકે તમારે કયા સૌથી મુશ્કેલ નિર્ણયોનો સામનો કરવો પડ્યો?' બકનરે કહ્યું, 'સચિન તેન્ડુલકરને લેગ બિફોર વિકેટની અપીલમાં આઉટ આપ્યો એ નિર્ણય મારા માટે સૌથી મુશ્કેલ નિર્ણયોમાંથી એક હતો. હું જાણું છું કે એ મારી ભૂલ હતી. હજી આજ સુધી લગભગ દરરોજ લોકો આ નિર્ણયની જ વાતો કરતા સાંભળવા મળે છે.' ■

# રણજી ફાઇનલ: જમ્મુ-કાશ્મીરે બોલિંગને બદલે બૅટિંગથી કર્ણાટક પર વર્ચસ્વ જમાવ્યું!

હુબલી (કર્ણાટક): રણજી ટ્રોફીની ફાઇનલમાં પહેલી જ વખત પ્રવેશેલા જમ્મુ-કાશ્મીરની ટીમ આ પાંચ-દિવસીય મુકાબલામાં બોલિંગની તાકાતથી કર્ણાટક પર વર્ચસ્વ જમાવશે અને કર્ણાટકનો બૅટિંગમાં પરચો જોવા મળશે એવી ધારણા વચ્ચે ગઈ કાલે અહીં મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી)ના પ્રથમ દિવસે સ્થિતિ સાવ ઊલટી હતી. જમ્મુ-કાશ્મીરે બૅટિંગના જોરે કર્ણાટકની ટીમ પર અંકુશ જમાવ્યો હતો. રમતના અંત સુધીમાં જમ્મુ-કાશ્મીરનો પ્રથમ દાવનો સ્કોર માત્ર બે વિકેટે ૨૮૪ હતો.

**શુભમ-યાવરની ૧૩૯ રનની ભાગીદારી**

જમ્મુ-કાશ્મીરે મૅચના પ્રથમ દિવસે ૨૭ વર્ષીય લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન શુભમ પુંડીર (૧૧૭ નૉટઆઉટ, ૨૨૧ બૉલ, બે સિક્સર, બાર ફોર)ની સેન્ચુરી તેમ જ બાવીસ વર્ષીય રાઇટ-હૅન્ડ ઓપનર યાવર હાસન (૮૮ રન, ૧૫૦ બૉલ, તેર ફોર) અને ૨૪ વર્ષીય રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન અબ્દુલ સમદ (બાવન નૉટઆઉટ, ૬૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી બે વિકેટે ૨૮૪ રન કર્યા હતા. શુભમ-યાવર વચ્ચે બીજી વિકેટ માટે ૧૩૯ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. આખા દિવસમાં (૮૭ ઓવરમાં) માત્ર બે વિકેટ ગુમાવી હતી. બન્ને વિકેટ પ્રસિદ્ધ ક્રિષ્નાએ માત્ર ૩૬ રનના ખર્ચે મેળવી હતી.

**ક્રિષ્નાનાં બૉલમાં કૅપ્ટન ડોગરા ઘાયલ**

જમ્મુ-કાશ્મીરના સુકાની પારસ ડોગરાને બૅટિંગ દરમ્યાન પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાનો શૉર્ટ બૉલ ખભા નજીકના અને ગરદનની નીચેના હાડકાં (કૉલર બોન) પર વાગ્યો હતો. ૬૩મી ઓવરમાં બીજા પેસ બોલર વિજયકુમાર વૈશાકનો એક બૉલ ડોગરાને હાથ પર વાગ્યો હતો અને તે નવ રનના સ્કોર પર રિટાયર હર્ટ થઈને પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો.

હવે બુધવારે પ્રથમ દાવમાં જમ્મુ-કાશ્મીરનો સ્કોર ક્યાં સુધી પહોંચે છે અને કર્ણાટક પહેલા દાવમાં સરસાઈ મેળવી શકશે કે નહીં એના પર આ મૅચના પરિણામનો આધાર રહેશે. કર્ણાટક પાસે પડિક્કલ ઉપરાંત કે. એલ. રાહુલ, મયંક અગરવાલ, કરુણ નાયર અને રવિચન્દ્રન સ્મરણ જેવા સ્ટાર બૅટ્સમેનો છે. ■

# ઑસ્ટ્રેલિયા સામે ચૅમ્પિયન ભારતીય મહિલાઓ હારી

બ્રિસ્બેનમાં ઑસ્ટ્રેલિયાએ ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મહિલા ટીમને સિરીઝની પ્રથમ વન-ડેમાં છ વિકેટે હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. ભારતે બૅટિંગ લીધા બાદ વાઇસ કૅપ્ટન સ્મૃતિ મંધાના (૫૮ રન, ૬૮ બૉલ, સાત ફોર) અને કૅપ્ટન હરમનપ્રીત કૌર (૫૩ રન, ૮૪ બૉલ, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરી તેમ જ કાશ્વી ગૌતમ (૪૩ રન, ૪૪ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ની ફટકાબાજીની મદદથી ૨૧૪ રન કર્યા હતા. ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાએ બેથ મૂની (૭૬ રન, ૭૯ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) તથા કૅપ્ટન અલીઝા હિલી (૫૦ રન, ૭૦ બૉલ, ચાર ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી માત્ર ૩૮.૨ ઓવરમાં ચાર વિકેટે ૨૧૭ રન કરીને વિજય મેળવી લીધો હતો. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PUB | નાડી |
| PUBLICITY | રબરનું કડું |
| PUCK | ખાબોચિયું |
| PUDDLE | પીઠું |
| PULSE | પ્રસિદ્ધિ |

### માતૃભાષાની મહેક

કાંટો શબ્દ કાને પડતા જ મોઢું બગડી જાય કે પીડાની લાગણી થાય, પણ આ કાંટો ગીત - કવિતામાં કેવો સરસ વણાઈ ગયો છે. ખૂબ જાણીતું લોકગીત છે ને કે 'ઓ રાજ રે વાવડીનાં પાણી ભરવાં ગ્યાં'તાં, મને કેર કાંટો વાગ્યો, કેર કાંટો વાગ્યો.' કેર એટલે કેરડા નામની વનસ્પતિનું ઝાડ. એના કાંટા ખૂબ જ અણિયાળા હોય છે જે વાગે તો પીડા થાય.

### ગુજરાત મોરી મોરી રે

'શુભ કામમાં વિલંબ ન કરવો' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

બ્યાહ પટ ને મંગની ચટ

### ઈર્શાદ

*જીવી શકું હું કઈ રીતે તમને સ્મર્યા વગર?*
*પાંપણ કદીય રહી શકે મટકું ભર્યા વગર?*

મનહર મોદી

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ૮ | | ૯ | | | ૧૦ | |
| | | ૧૧ | | | | | ૧૨ | | |
| ૧૩ | | | | | ૧૪ | | | | |
| | | ૧૫ | | | | | ૧૬ | | |
| | ૧૭ | | | | ૧૮ | | | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | ૨૨ | | | ૨૩ | | |
| ૨૪ | ૨૫ | | | | | ૨૬ | | | |
| ૨૭ | | | ૨૮ | | | | | ૨૯ | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧. નૈસર્ગિક, સ્વાભાવિક (૪)
૪. અખંડ, સ્ખલન કે ભૂલ કર્યા વિનાનું (૪)
૭. આન, બાન અને --- (૨)
૮. અણધારી આફત, માંદગી (૪)
૧૦. હિંમત (૨)
૧૧. પાંખું, ઝાંખુ (૨)
૧૨. રૂપું (૩)
૧૩. વૃદ્ધાવસ્થા, ઘડપણ (૩)
૧૪. દુ:ખ, પીડા (૨)
૧૫. સ્વતંત્ર (૩)
૧૬. બિલાડીનું વાઘ સાથેનું સગપણ (૨)
૧૭. નાનો છોડ (૨)
૧૮. સૂર્ય (૩)
૨૧. વ્યાકુળ (૨)
૨૩. સ્વચ્છ (૩)
૨૪. શિકારી (૩)
૨૬. પગ (૨)
૨૭. ચરબી (૨)
૨૮. પ્રખ્યાત, જાણીતું (૪)
૨૯. --- નામકી લૂટ હૈ લૂટ શકે તો લૂટ (૨)
૩૦. લીલોતરી (૪)
૩૧. મોટું તળાવ (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ ડે | ધ | ૩ ડ | ■ | ૪ કા | ય | દા | ૫ શા | ૬ સ્રી |
| ૭ ધા | રો | ■ | ૮ ફો | ફ | ળ | ■ | ■ | ૯ મા | દા |
| ર | ■ | ૧૦ કા | ળ | ■ | ૧૧ પ | ૧૨ શ | મ | ■ | ક્ષિ |
| ૧૩ શી | ક | ર | ■ | ૧૪ વ્ય | ■ | વા | ■ | ૧૫ પુ | ણ્ય |
| લા | ■ | ૧૬ ભા | ૧૭ વા | ર્થ | ■ | ૧૮ સ | ૧૯ વા | રી | ■ |
| ■ | ૨૦ શ | ર | ટ | ■ | ૨૧ મા | ન | તા | ■ | ૨૨ ક |
| ૨૩ આ | ગ | ■ | પા | ■ | ઝા | ■ | ૨૪ ય | તી | મ |
| ક | ■ | ૨૫ તા | ડુ | ૨૬ કો | ■ | ૨૭ સા | ન | ■ | ળા |
| ૨૮ મ | ૨૯ ઢી | ■ | ■ | ૩૦ મ | હે | ર | ■ | ૩૧ ગ | પ |
| ૩૨ ક | મ | અ | ક્ક | લ | ■ | ૩૩ સ | લા | મ | તિ |

### ઊભી ચાવી

૧. તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિ (૫)
૨. દિવસ (૨)
૩. વાંકું, આડું (૩)
૪. આફત, પીડા (૨)
૫. વિવેક, અદબ (૩)
૬. ખૂબ તીખું (૪)
૯. ફરજ, કામ (૩)
૧૧. પોતાની મેળે, પંડે (૪)
૧૬. આદરપાત્ર (૪)
૧૯. અવિનાશી (૫)
૨૦. હિંદુઓનો સૌથી મોટો તહેવાર (૪)
૨૨. ગ્રહોનો રાજા સૂર્ય (૩)
૨૫. ફળદ્રુપ (૩)
૨૬. લોખંડને સોનું બનાવતો એક મણિ (૩)
૨૮. એક જૂનું તોલમાપ (૨)
૨૯. ફરિયાદ (૨)

### ઓળખાણ પડી?



નૌકા સફર અને સહેલ માટે રુચિ ધરાવતા શોખીનોમાં ખૂબ જાણીતી આ બોટ કયા નામથી પ્રચલિત છે વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) કાયાક
બ) નાવડી
ક) ગલાંગ
ડ) તરાપો

### સુડોકુ-૯૨૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૨ | ૫ | | ૧ | ૬ | ૩ | |
| ૪ | | | ૨ | | ૩ | | | ૮ |
| ૩ | | | | ૬ | | | | ૪ |
| | ૨ | | ૬ | | ૫ | | ૮ | |
| | | ૪ | | | | ૩ | | |
| | ૬ | | ૩ | | ૪ | | ૨ | |
| ૧ | | | | ૨ | | | | ૫ |
| ૬ | | | ૧ | | ૯ | | | ૨ |
| | ૪ | ૯ | ૮ | | ૬ | ૭ | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૯ | ૪ | ૩ | ૧ | ૬ | ૫ | ૭ |
| ૩ | ૧ | ૬ | ૭ | ૨ | ૫ | ૮ | ૪ | ૯ |
| ૪ | ૫ | ૭ | ૬ | ૯ | ૮ | ૨ | ૩ | ૧ |
| ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૯ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૯ | ૩ | ૨ | ૧ | ૪ | ૫ | ૭ | ૬ |
| ૫ | ૭ | ૨ | ૩ | ૮ | ૬ | ૯ | ૧ | ૪ |
| ૧ | ૨ | ૫ | ૮ | ૬ | ૭ | ૪ | ૯ | ૩ |
| ૭ | ૬ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૨ | ૮ |
| ૯ | ૩ | ૮ | ૧ | ૪ | ૨ | ૭ | ૬ | ૫ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PSALM | પ્રાર્થનાગીત |
| PSEUDO | કૃત્રિમ |
| PSYCHE | મન |
| PSEPHOLOGY | ચૂંટણી મીમાંસા |
| PSYCHEDELIC | ભ્રામક |

**ગુજરાત મોરી મોરી રે:**
હોય તેવા થઈ ગામ વચ્ચે રહીએ

**ઓળખાણ પડી?**
ગોન્ડોલા

**માઈન્ડ ગેમ :**
થાઈલેન્ડ

**ચતુર આપો જવાબ ઉખાણું ઉકેલો :**
દરવાજા

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'જીવનમાં નઠારા કામ નહીં કરવા' વાક્યમાં નઠારા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) નિર્દોષ  બ) નબળા  ક) ખરાબ  ડ) ઉતાવળ

### માઈન્ડ ગેમ

વિશ્વભરમાં વિવિધ પ્રકારના મ્યુઝિયમ જોવા મળે છે. ભારતના ભાગલાનો ઈતિહાસ અને વિવિધ કથા દર્શાવતું 'પાર્ટીશન મ્યુઝિયમ' ક્યાં છે?

અ) પોરબંદર  બ) શ્રીનગર  ક) ઈમ્ફાલ  ડ) અમૃતસર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા ખોના (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) પ્રવીણ વોરા (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભરત કજરિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) અરવિંદ કામદાર (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) વિજય આશર (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) કિરીટ છેડા (૪૩) ચેતના છેડા (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) હિનાબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) ઈનાક્ષીબેન દલાલ (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ ઉદેશી (૫૧) પ્રતિમા પમાણી

મુંબઈ મહાનગરપાલિકાનું આજે બજેટ

# કોઈ પણ કર વધારાની શક્યતા નહીં, મુંબઈગરાને રાહત મળવાની આશા

### ત્રણ વર્ષ બાદ સ્થાયી સમિતિના અધ્યક્ષ સ્વીકારશે બજેટ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ આજે (બુધવારે) રજૂ કરવામાં આવશે. ત્રણ વર્ષ બાદ સ્થાયી સમિતિના અધ્યક્ષ પ્રભાકર શિંદે પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણી પાસેથી બજેટ સ્વીકારશે. બજેટ કોઇ પણ કર વધારા વિનાનું તેમ જ નવા પ્રોજેક્ટ્સના સમાવેશ વિનાનું હશે.

પાલિકાના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬નું ૭૪,૪૨૭ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં ફાળવવામાં આવેલા ભંડોળમાંથી માત્ર ૬૦ ટકા જ ભંડોળ ખર્ચ થયું હતું. દરમિયાન પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીનું આ છેલ્લું બજેટ છે અને તેઓ ૩૧ માર્ચના રોજ નિવૃત્ત થઇ રહ્યા છે.

સ્થાયી સમિતિના અધ્યક્ષ પ્રભાકર શિંદે બુધવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી પાસેથી બજેટ સ્વીકારશે. એ પહેલાં ડેપ્યુટી કમિશનર (શિક્ષણ) ડૉ. પ્રાચી જાંબેકર શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ રાજેશ્રી શિરવડકરે શિક્ષણ વિભાગનું બજેટ સોંપશે.

૭ માર્ચ, ૨૦૨૨ના રોજ મુંબઈ મહાનગરપાલિકાના નગરસેવકોનો કાર્યકાળ પૂરો

(જુઓ પાનું ૪) ▶▶

# ઍરપોર્ટ બહાર નકલી ઍપના માધ્યમથી પ્રવાસીઓને લૂંટવાનું ટૅક્સીવાળાઓનું રૅકેટ

### ઍપમાં નજીવા અંતરનું ૧૦થી ૧૫ ગણું ભાડું દર્શાવવામાં આવતું: ટૅક્સીવાળાઓ માટે એજન્ટો પણ કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ બહાર પ્રવાસીઓને લૂંટવા માટે ટૅક્સીવાળાઓ દ્વારા નકલી મોબાઈલ ઍપનો ઉપયોગ કરાતો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. અગાઉ મીટર સાથે ચેડાં કરીને પ્રવાસીઓ પાસેથી વધુ ભાડું વસૂલવામાં આવતું હતું, પરંતુ હવે જાણીતી ટૅક્સી એગ્રીગેટર કંપનીઓની આબેહૂબ નકલવાળી ઍપના માધ્યમથી લૂંટ ચલાવવામાં આવી રહી છે. આ ઍપમાં નજીવા અંતર સુધીનું ભાડું ૧૦થી ૧૫ ગણું દર્શાવવામાં આવે છે અને પ્રવાસીઓને આવી ટૅક્સી સુધી દોરી જવા માટે ઍરપોર્ટ બહાર એજન્ટો પણ કાર્યરત હોવાનું કહેવાય છે.

છેલ્લા અમુક દિવસમાં વિદેશથી આવનારા કે અન્ય રાજ્યોમાંથી આવનારા પ્રવાસીઓને લૂંટવાના કિસ્સા અવારનવાર સામે આવી રહ્યા છે. આવા કૅબ ડ્રાઈવરો પોતાના મોબાઈલ ફોનમાં નકલી ઍપ સેટ કરી રાખે છે. આ ઍપ ઓલા અને ઉબરની આબેહૂબ નકલ જેવી દેખાય છે. પ્રવાસી જે સ્થળે જવાના હોય ત્યાંની સરનામું આ ઍપમાં નાખવામાં આવે તો સામાન્ય કરતાં ૧૦થી ૧૫ ગણું ભાડું દર્શાવવામાં આવે. આ ભાડું અધિકૃત હોવાનું માની

(જુઓ પાનું ૪) ▶▶

# વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરતા ઓર્કેસ્ટ્રા બારના લાઇસન્સ રદ કરવામાં આવશે

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે જો નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરવામાં આવશે તો ઓર્કેસ્ટ્રા બારના લાઇસન્સ રદ કરવામાં આવશે અને આ માટે ટૂંક સમયમાં કાનૂની સુધારો લાવવામાં આવશે. રાજ્યએ ડાન્સ બાર પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો ઘડ્યો હતો, પરંતુ તે સુપ્રીમ કોર્ટમાં ટકી શક્યો નહીં અને તેને બંધારણની વિરુદ્ધ ગણાવવામાં આવ્યો. તેમાં બાર માટે ઓર્કેસ્ટ્રા લાઇસન્સ આપવા માટે સુધારો કરવામાં આવ્યો હતો, એમ ફડણવીસે વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દા પર ચર્ચામાં નોંધ્યું હતું.

કોર્ટે મહિલાઓને બારમાં કામ કરવાની મંજૂરી આપી અને અમે નિયમોમાં સુધારો કરીને તેને વધુ કડક બનાવ્યા. પરંતુ હજુ પણ પનવેલ (નવી મુંબઈ) જેવા વિસ્તારોમાં ઉલ્લંઘનની ફરિયાદો મળી રહી છે, એમ મુખ્યપ્રધાને કહ્યું. ન્યાયના સિદ્ધાંત મુજબ અમે ત્રણથી ચાર વખત ઉલ્લંઘનની સુનાવણી કરીશું અને દંડ કરીશું, પરંતુ વારંવાર ગુનાઓ માટે ઓર્કેસ્ટ્રા બારના લાઇસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવશે. ફડણવીસે કહ્યું કે સરકાર ડાન્સ બારને સંપૂર્ણપણે બંધ કરવા માગતી હતી, પરંતુ ડાન્સ બાર માલિકોએ ઓર્કેસ્ટ્રા લાઇસન્સ માંગ્યા હોવાથી તે થઈ શક્યું નહીં. (પીટીઆઈ)■

# ડ્રગ્સની હેરાફેરી સાથે સંકળાયેલી કુરિયર કંપનીઓ સહ-આરોપી ગણાશે

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે ડ્રગ સંબંધિત ગુનાઓને કડક એમસીઓસીએના દાયરામાં લાવવામાં આવ્યા છે, હવે ગેરકાયદેસર ડ્રગ ડિલિવરીમાં સામેલ કુરિયર સેવાઓને પણ સહ-આરોપી ગણવામાં આવશે. ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ આવી પ્રવૃત્તિઓ માટે બજાર તરીકે થાય છે, એમ ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકાર ડ્રગના દુષ્કર્મ સામે ઝીરો ટોલરન્સ ધરાવે છે.

મુખ્ય પ્રધાન, જેમની પાસે ગૃહ મંત્રાલય છે, તેઓ રાજ્ય વિધાનસભામાં મુંબઈ, નવી મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢ જિલ્લામાં ડ્રગ્સની હેરાફેરી સામે પોલીસ કાર્યવાહી અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

ફડણવીસે જણાવ્યું હતું કે, આ વર્ષે જાન્યુઆરી થી ૧૧ ફેબ્રુઆરી સુધીમાં ફક્ત મુંબઈમાં જ ૯૩ કેસ દાખલ કરવામાં આવ્યા હતા જેમાં ૧૧૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને ૭.૯૩ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા.

ડ્રગ ગુનાઓને મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (એમસીઓસીએ)ના દાયરામાં લાવવામાં આવ્યા છે, એમ તેમણે નોંધ્યું હતું, અને ઉમેર્યું હતું કે, આ કાયદા હેઠળ આરોપીઓની મિલકત જપ્ત કરવાની

(જુઓ પાનું ૪) ▶▶

# અમેરિકાના નાગરિકોને છેતરનારા કૉલ સેન્ટરનો પર્દાફાશ: સુરતના યુવાન સહિત પાંચ પકડાયા

### ગિફ્ટ કાર્ડ્સને યુએસડીટીમાં કન્વર્ટ કર્યા પછી આરોપી હવાલાથી રકમ સ્વીકારતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડિવાઈસમાં વાઈરસ હોવાનું તેમ જ ડિવાઈસ હૅક કરાયાનું જુઠ્ઠાણું ચલાવી અમેરિકન નાગરિકોને છેતરનારા બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કરી પાલઘર પોલીસે સુરતના યુવાન સહિત પાંચની ધરપકડ કરી હતી. અમેરિકન નાગરિકો પાસેથી પડાવેલાં ગિફ્ટ કાર્ડ્સની રકમ આરોપીઓ હવાલા મારફત સ્વીકારતા હતા.

લોકલ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સાગર બલદેવ પાઠડિયા (૨૯), ભરત લોકુ લાલવાણી (૩૫), રોહિત રાજેન્દ્ર નિંબાળકર (૨૯), રોહિત મિલિંદ ઝોરે (૨૩) અને અમરદીપ અંગ્રેજ ગિલ (૨૪) તરીકે થઈ હતી. આરોપી સાગર પાઠડિયા ગુજરાતના સુરત શહેરમાં કામરેજ પરિસરમાં રહેતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. કોર્ટે પાંચેય આરોપીને ૨૮ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

પાલઘરના માહિમ પરિસરમાં આવેલી રહેણાક ઈમારતમાં વિદેશી નાગરિકોને છેતરી રૂપિયા પડાવનારું બૉગસ કૉલ સેન્ટર કાર્યાન્વિત હોવાની માહિતી પાલઘર પોલીસને મળી હતી. માહિતીને આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર પ્રદીપ પાટીલની ટીમે સોમવારની રાતે ૧૨ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના ત્રીજા માળે આવેલા ફ્લૅટમાં રેઈડ કરી

(જુઓ પાનું ૪) ▶▶

# રાજ્યસભાની ચૂંટણી માટે એનસીપી તરફથી પાર્થ પવાર ઉમેદવાર તરીકે મેદાનમાં

મુંબઈ: મહારાષ્ટ્રની સાત રાજ્યસભા બેઠકો માટે થનાર ચૂંટણી પહેલા રાજ્યમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઇ ગઈ છે. શાસક મહાયુતિનાં સાથી પક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) એ એક મહત્વપૂર્ણ રાજકીય પગલામાં ૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ યોજાનારી આગામી રાજ્યસભાની ચૂંટણી માટે પાર્થ પવારને પોતાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. મુંબઈમાં પ્રફુલ્લ પટેલના નિવાસસ્થાને યોજાયેલી કોર કમિટીની બેઠક દરમિયાન આ નિર્ણયને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું, જેમાં સુનેત્રા પવાર અને પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે હાજર રહ્યા હતા.

વધુમાં, પાર્ટી રાષ્ટ્રીય કારોબારીની બેઠકની તૈયારી કરી રહી છે. ૨૬ ફેબ્રુઆરીએ યોજાનારી આ બેઠકમાં સુનેત્રા પવારને ઔપચારિક રીતે એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવે તેવી અપેક્ષા છે. આ બેઠક વર્લી ડોમમાં યોજાય એવી સંભાવના છે. મહારાષ્ટ્રમાં રાજ્યસભાની સાત ખાલી બેઠકો સાથે ભાજપ, શિવસેના (શિંદે જૂથ) અને એનસીપી (અજિત પવાર જૂથ)નું બનેલું શાસક મહાયુતિ ગઠબંધન વર્તમાન વિધાનસભા સંખ્યાના આધારે છ બેઠકો મેળવી શકે છે.

બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ પણ તેના ઉમેદવારની પસંદગી માટે પ્રક્રિયા શરૂ કરી છે. આ માટે મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રોપર્ટી ટૅક્સ ડિફોલ્ટર સામે પાલિકાની લાલ આંખ: મિલકતની લિલામી કરશે

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈ: માલમત્તા કર બાકી રાખનારા મોટા લેણદાર વિરુદ્ધ પાલિકા એ કડક પગલાં ભરતાં જપ્તી અને લિલામી કાર્યવાહીનો ધડાકો શરૂ કર્યો છે. આ અભિયાન અંતર્ગત મહાનગરપાલિકાના કર નિર્ધારણ અને વસૂલાત વિભાગ દ્વારા ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કુલ ૧૨ મિલકતોની જાહેર ઇ-લિલામી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તેમાં ૧૦ ખાલી પ્લોટ, એક વ્યાવસાયિક ઈમારત અને એક અન્ય સાથે ઇમારતનો સમાવેશ થાય છે. આ ૧૨ ડિફોલ્ટર પાસે દંડ સહિત કુલ ૩૭૮ કરોડ ૬૩ લાખ ૬૭ હજાર ૫૫૭ રૂપિયા જેટલી મોટી બાકી રકમ બાકી છે. વારંવાર નોટિસ આપ્યા છતાં બાકી કર ન ભરતા સંબંધિત ૧૨ મિલકતધારકોને કર ભરવા માટે ૨૧ દિવસની અંતિમ નોટિસ

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર કૉંગ્રેસના વિધાનસભ્યને બિશ્નોઈ ગેંગ તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી હોવાનો દાવો

મુંબઈ: કોંગ્રેસના વિધાનસભ્ય સાજિદ ખાન પઠાણને બિશ્નોઈ ગેંગના એક સહયોગી તરફથી કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી અને ૧૦ કરોડ રૂપિયાની ખંડણીની માગણી થઈ છે, એમ વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે મંગળવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં જણાવ્યું હતું. તેમણે ખાનને તાત્કાલિક સુરક્ષા પુરી પાડવાની માગ કરી હતી. જેના પગલે સ્પીકરે સરકારને આ મામલાને તાકીદે ઉકેલવા અને વિધાનસભાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં લેવા વિનંતી કરી હતી.

વડેટ્ટીવારે જણાવ્યું હતું કે અકોલા પશ્ચિમ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા પઠાણને ૧૭ ફેબ્રુઆરીના રોજ એક આંતરરાષ્ટ્રીય ફોન આવ્યો હતો જેમાં ફોન કરનાર વ્યક્તિએ પોતાને શુભમ લોણકર તરીકે ઓળખાવ્યો હતો અને બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો હોવાનું જણાવ્યા હતું. તેણે ૧૦ કરોડ રૂપિયાની માગણી કરી હતી અને જો પૈસા ન ચૂકવાય તો તેમને મારી નાખવાની ધમકી આપી હતી.

વડેટ્ટીવારના જણાવ્યા મુજબ ફોન કરનારે પોલીસને જાણ ન કરવા ચેતવણી પણ આપી હતી. કોંગ્રેસ વિધાનસભા પક્ષ (સીએલપી)ના નેતાએ ધમકીને અત્યંત ગંભીર ગણાવી હતી, અને કહ્યું હતું કે આ ઘટના મહારાષ્ટ્રમાં

(જુઓ પાનું ૪) ▶▶

# રાણી બાગમાં હવે ગુજરાતના સિંહ!

મુંબઈ: ભાયખલાના વીરમાતા જીજાબાઈ ભોંસલે ઉદ્યાનમાં (રાણી બાગ) હવે સાચા અર્થમાં 'જંગલનો રાજા' ગર્જના કરશે. છેલ્લા ઘણા વર્ષોની પ્રતીક્ષાનો અંત આવવાના સંકેતો મળી રહ્યા છે અને રાણી બાગમાં એશિયાટિક સિંહ લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ સીધો ગુજરાત સરકારનો સંપર્ક કરવાની તૈયારી કરી છે. રાણીબાગમાં કોરિયન પેંગ્વિન પછી હવે ગુજરાતના સિંહ દાખલ થવાના હોવાથી પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થવાનો અંદાજ છે. ■

# લાંચ વિવાદમાં પ્રધાન ઝીરવળની હકાલપટ્ટીની માગણી

### વિપક્ષ વિધાનસભ્યોનું વિરોધ પ્રદર્શન

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિપક્ષી ધારાસભ્યોએ મંગળવારે વિધાન ભવનમાં વિરોધ પ્રદર્શન કરી મંત્રાલયમાં તાજેતરના લાંચના આરોપ સબંધે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) પ્રધાન નરહરિ ઝીરવળના રાજીનામાની માગ કરવામાં આવી હતી. આ આરોપમાં તેમના કાર્યાલયનો કર્મચારી પણ સામેલ હોવાનો આરોપ છે.

વિરોધ કરી રહેલા મહા વિકાસ આઘાડી (એમવીએ)ના વિધાનસભ્યોએ દિવસની કાર્યવાહી પહેલા વિધાનસભા ભવનના પગથિયાં પર એકઠા થઈ ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. સિવાય ભ્રષ્ટ પ્રધાનને બચાવવાનો આરોપ કરી આ મહિનાની શરૂઆતમાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા એફડીએના એક ક્લર્કની

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈની એક પણ સ્કૂલનું પ્રાઈવેટાઈઝેશન નહીં: પાલિકાની સ્પષ્ટતા

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા કેટલીક સ્કૂલનું પ્રાઇવેટાઇઝેશન કરવામાં આવ્યું હોવાની વાત વહેતી થઈ હતી. આ મુદ્દે સ્પષ્ટતા કરતા પાલિકાએ જણાવ્યું છે કે મુંબઈ મહાનગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા એકેય માધ્યમિક શાળાનું પ્રાઇવેટાઇઝેશન નથી કરવામાં આવ્યું. સિવાય પાલિકા વહીવટી તંત્ર મુંબઈમાં મરાઠી માધ્યમની શાળાના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ છે અને તંત્ર મુંબઈમાં મરાઠી અને અન્ય માધ્યમોની શાળાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા અને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સતત વિવિધ કોશિશો દ્વારા યોજનાઓ અમલમાં મૂકી રહ્યું છે એવો ખુલાસો પણ કરવામાં આવ્યો છે.

એવી રજૂઆત પણ કરવામાં આવી છે કે પાલિકા વહીવટી તંત્ર શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા સતત પ્રયાસ કરી રહ્યું છે. અમારું લક્ષ્ય એ છે કે કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે. એને માટે પાલિકા તંત્ર વાલીઓનું પણ કાઉન્સેલિંગ કરે છે.

મુંબઈમાં મરાઠી શાળાઓ અને શિક્ષણ એક સામાજિક અને શૈક્ષણિક મુદ્દો છે એ વાત પર ભાર મૂકી વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે મુંબઈ

(જુઓ પાનું ૪) ▶▶

# પૈઠણ નદીમાં સોનું-ચાંદી મળતું હોવાની ચર્ચા: લોકોની ભીડ જામવા લાગી



મુંબઈ: છત્રપતિ સંભાજીનગરમાં પૈઠણ નજીક જયકવાડી ડેમમાંથી નાથ ષષ્ઠી નિમિત્તે પાણીનો પ્રવાહ ઓછો થયા બાદ ગોદાવરી નદીના કેટલાક ભાગો ખુલ્લા પડી ગયા છે. પાણી ઓછું થતાં જ નદી કિનારે એક અલગ જ ગતિવિધિ શરૂ થઈ ગઈ છે. કાંપમાં કિંમતી ધાતુઓ મળવાની ચર્ચાને કારણે ઘણા લોકો ચાળણી અને ટોપલીઓ લઈને નદીના પટમાં ઉતરી રહ્યા છે.

પૈઠણના નાથ મંદિર વિસ્તારમાં આવેલા દશક્રિયા વિધિ ઘાટ પર કરવામાં આવે છે. પરંપરા મુજબ કેટલાક લોકો રાખ સાથે ઘરેણાં અથવા ધાતુઓ પણ ચઢાવે છે.

આ કાંપ વર્ષોથી પાણીની નીચે એકઠો થઈ રહ્યો છે. જોકે તાજેતરમાં પાણીમાં ઘટાડો થવાને કારણે તે પ્રકાશમાં આવ્યો છે, અને તેમાં સોનું, વીંટીઓ કે ચાંદીના ટુકડા મળવાની ચર્ચાને કારણે લોકો તેના વિશે ઉત્સુક છે.

નદીના પટમાં પુરુષો અને સ્ત્રીઓનો એક નાનો મેળો જોવા મળે છે. કેટલાક લોકો સવારથી સાંજ સુધી કાંપ ચાળણીથી ગાળતા કરતા જોવા મળે છે. જેમ જેમ કોઈને નાના ઘરેણાં મળ્યાના સમાચાર ફેલાઈ રહ્યા છે તેમ તેમ દરરોજ નવા લોકો જોડાઈ રહ્યા છે. કેટલાક માટે તે ફક્ત જિજ્ઞાસા છે, જ્યારે અન્ય માટે તે વધારાની આવકની આશા બની ગઈ છે.

જોકે સ્થાનિક વહીવટીતંત્રે નાગરિકોને સતર્ક રહેવાની અપીલ કરી છે. પાણી ઓછું હોવા છતાં નદીમાં કાદવ ઊંડો અને ખતરનાક હોઈ શકે છે. કાદવમાં ફસાઈ જવાનો કે પાણીના પ્રવાહમાં અચાનક વધારો થવાનો ભય નકારી શકાય નહીં. તેથી જાનહાનિ ટાળવા માટે સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

આ દરમિયાન ગોદાવરીના ખુલ્લા પટમાં સોનું શોધવા માટે ચાલી રહેલ સંઘર્ષ પૈઠણમાં ચર્ચાનો વિષય બન્યો છે. ભલે પોતાનું નસીબ અજમાવનારા લોકોની સંખ્યા વધી રહી હોય નિષ્ણાતો કહી રહ્યા છે કે જોખમને ધ્યાનમાં રાખીને જ નદીના પટમાં પ્રવેશ કરવો જરૂરી છે. ■

# કૉંગ્રેસનાં પ્રજ્ઞા સાતવને રાજીનામું આપવા દબાણ કરવામાં આવ્યું હતું?: વિધાન પરિષદમાં હોબાળો

મુંબઈ: કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા સભ્યપદના કાર્યકાળના હજુ ત્રણ વર્ષ બાકી હોવા છતાં પ્રજ્ઞા રાજીવ સાતવ રાજીનામું આપીને ભારતીય જનતા પક્ષમાં જોડાયા. કાર્યકાળ બાકી હોવા છતાં તેમણે વિધાન પરિષદમાંથી રાજીનામું આપ્યું એનાથી ઘણાને આશ્ચર્ય થયું હતું. સ્પીકર રામ શિંદેએ ગૃહને આ રાજીનામાની જાણ કર્યા પછી વિધાન પરિષદમાં થોડા સમય માટે હોબાળો થયો. કોંગ્રેસના નેતા વિધાનસભ્ય સતેજ પાટીલ અને એનસીપી નેતા શશિકાંત શિંદેએ સ્પીકર રામ શિંદેને પ્રજ્ઞા સાતવના રાજીનામા અંગે પ્રશ્ન કર્યો હતો.

મહારાષ્ટ્ર વિધાનસભાના બજેટ સત્રના બીજા દિવસે વિધાનસભાની કાર્યવાહી શરૂ થયા પછી વિપક્ષે પ્રજ્ઞા સાતવના રાજીનામા અંગે સરકાર પર સવાલ ઉઠાવ્યા. એના જવાબમાં સ્પીકર રામ શિંદેએ જણાવ્યું હતું કે 'તેમણે વ્યક્તિગત કારણોસર રાજીનામું આપ્યું છે. વધુ માહિતી માટે તમે મને ખાનગીમાં મળી શકો છો.

પ્રજ્ઞા સાતવના રાજીનામાનું કારણ શું હતું? શું તેમને રાજીનામું આપવા માટે દબાણ કરવામાં આવ્યું હતું જેથી બીજા કોઈને વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતાનું પદ ન મળે? સતેજ પાટીલે આ પ્રશ્ન પૂછ્યો. શશિકાંત શિંદેએ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં ૧,૦૦૦થી વધુ બાંધકામ સ્થળોને 'સ્ટોપ વર્ક' નોટિસ ફટકારવામાં આવી

### પ્રદૂષણ ડામવા માટે કાર્યવાહી કરાઈ હોવાનું મુંડેએ કહ્યું

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર અને નાગરિક સત્તાવાળાઓએ મુંબઈમાં વાયુ પ્રદૂષણ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે, પર્યાવરણીય ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ શહેરમાં ૧,૦૦૦થી વધુ બાંધકામ સ્થળોએ કામ બંધ કરવાની નોટિસ ફટકારી છે, એમ રાજ્યનાં પ્રધાન પંકજા મુંડેએ મંગળવારે જણાવ્યું હતું. પર્યાવરણ મંત્રીએ વિધાનસભામાં માહિતી આપી હતી કે જાન્યુઆરી સુધીમાં શહેરમાં ૨,૨૨૪ સક્રિય બાંધકામ સ્થળોમાંથી ૧,૯૫૨ - લગભગ ૮૮ ટકા - પર હવા ગુણવત્તા સેન્સર લગાવવામાં આવ્યા છે. સત્તાવાર માહિતી અનુસાર સ્વચ્છ હવા પહેલના ભાગ રૂપે ઓક્ટોબર ૨૦૨૫થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન શહેરમાં કુલ ૧,૯૮૧ કારણ બતાવો નોટિસ અને ૧,૦૪૭ કામ બંધ કરવાની નોટિસ ફટકારવામાં આવી હતી, એમ તેમણે લેખિત જવાબમાં જણાવ્યું હતું.

પ્રદૂષણ સ્તરને કારણે જાહેર આરોગ્ય સંકટના દાવાઓને મુંડેએ નકારી કાઢ્યા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) અને નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અહેવાલોને ટાંકીને જેમાં જણાવાયું હતું કે સંતોષકારક અને મધ્યમ શ્રેણીઓ વચ્ચે હવાની ગુણવત્તામાં વધઘટ થતી હોવા છતાં બાળકો અને વરિષ્ઠ નાગરિકો સહિત સંવેદનશીલ જૂથોમાં કોઈ પ્રતિકૂળ આરોગ્ય અસરો નોંધાઈ નથી.

અમે ઉલ્લંઘન કરનારાઓ માટે કડક એસ્કેલેશન મેટ્રિક્સનું પાલન કરી રહ્યા છીએ. ધૂળ-શમન માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળ રહેલા બાંધકામ પ્રોજેક્ટ્સને પહેલા ઔપચારિક સૂચના આપવામાં આવે છે, ત્યારબાદ કારણ

(જુઓ પાનું ૪) ▶▶

# 'દરેક માટે સસ્તી વિશ્વસ્તરીય આરોગ્યસંભાળ' એક મિશન હોવું જોઈએ: રાષ્ટ્રપતિ

મુંબઈ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મંગળવારે જણાવ્યું હતું કે 'દરેક માટે સસ્તી વિશ્વસ્તરીય આરોગ્યસંભાળ' એ દરેકનું મિશન હોવું જોઈએ. મુંબઈના લોકભવનમાં એક કાર્યક્રમમાં પી. ડી. હિન્દુજા હોસ્પિટલ દ્વારા આયોજિત 'જીવન બચાવો અને સ્વસ્થ ભારતનું નિર્માણ' અભિયાનનું ઉદ્ઘાટન કર્યા પછી તેઓ બોલી રહ્યા હતા. 'મને વિશ્વાસ છે કે ભારત વૈશ્વિક આરોગ્યસંભાળ માટેનું પ્રતિષ્ઠિત સ્થળ બનશે,' એમ મુર્મુએ કહ્યું. તેમણે ખાનગી હોસ્પિટલો અને તબીબી સંસ્થાઓને આરોગ્ય સંભાળની સાથે સામાજિક જવાબદારીને પ્રાધાન્ય આપવા પણ જણાવ્યું. ■

# હૈદરાબાદ જતી બ્રિટિશ ઍરવેઝની ફ્લાઈટ ખરાબ હવામાનના કારણે નાગપુર ડાઈવર્ટ

નાગપુર: લંડનથી હૈદરાબાદ જતી બ્રિટિશ ઍરવેઝની ફ્લાઇટને મંગળવારે વહેલી સવારના ખરાબ હવામાનના કારણે નાગપુર એરપોર્ટ પર ડાઇવર્ટ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે કેટલીક ટેક્નિકલ સમસ્યાઓને કારણે ફ્લાઇટને નાગપુર એરપોર્ટ પર રખાઇ હતી અને પ્રવાસીઓને તેમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ લંડનના હીથ્રો એરપોર્ટથી હૈદરાબાદ જતી બ્રિટિશ ઍરવેઝની ફ્લાઇટ વહેલી સવારે ૫.૩૦ વાગ્યે નાગપુર ડાયવર્ટ કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર વહેલી સવારના ખરાબ હવામાનને કારણે ફ્લાઇટને નાગપુર એરપોર્ટ પર ઉતારવામાં આવી હતી. (પીટીઆઇ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પની વધુ ઊંચી ટૅરિફ ફટકારવાની ચીમકીથી ઈક્વિટી બજાર હચમચી ગયું, આઈટી શૅરોની આગેવાનીમાં જોરદાર ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં એકથી વધુ નકારાત્મક કારણો ભેગા થતા મંગળવારે સત્ર દરમિયાન સેન્સેક્સમાં ૧૩૦૦ પોઇન્ટ સુધીનો કડાકો બોલાયો હતો અને રોકાણકારોની સંપત્તિમાં એ તબક્કે છ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ નોંધાયું હતું. સેન્સેક્સ અને નિફ્ટી પ્રથમ અર્ધ સત્રમાં ૧.૫ ટકા સુધી તુટ્યા હતા, એઆઇને કારણે સર્જનારા વિક્ષેપ, બેલગામ ટ્રમ્પની નવી ધમકી, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને નબળા વૈશ્વિક સંકેતો વચ્ચે આઇટી શેરોમાં તીવ્ર વેચવાલ જોવા મળી હતી.

સેન્સેક્સ ૧,૦૬૮.૭૪ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા ઘટીને ૮૨,૨૨૫.૯૨ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૧,૩૫૯.૯૩ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકા ઘટીને ૮૧,૯૩૪.૭૩ની ઇન્ટ્રાડે નીચી સપાટીએ અથડાયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી સત્ર દરમિયાન ૩૮૫.૪૦ પોઇન્ટ અથવા તો ૧.૪૯ ટકાના કડાકા સાથે ૨૫,૩૨૭.૬૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૨૮૮.૩૫ પોઇન્ટ અથવા તો ૧.૧૨ ટકા તૂટીને ૨૫,૪૨૪.૬૫ની સપાટીએ સ્થિર થયો છે.

ટેક મહિન્દ્રામાં ૬.૬૦ ટકાનો જોરદાર કડાકો હતો. અન્ય ટોપ લુઝર્સમાં એચસીએલ ટેકનોલોજી, ઇટર્નલ, ઇન્ફોસિસ, ટીસીએસ, લાર્સન એન્ડ ટૂબ્રો, ટ્રેન્ટ, ભારતી એરટેલ, એચડીએફસી બેન્ક, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને આઇસીઆઇસીઆઇ બેન્કનો સમાવેશ હતો. જ્યારે એન્ટીપીસી, એચયુએલ, ટાટા સ્ટીલ, પાવરગ્રીડ, ટાઇટન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એક્સિસ બેન્ક અને સન ફાર્મા ટોપ ગેઇનર રહ્યા હતા. પ્રાઇમરી માર્કેટમાં ઓમ્નિટેક એન્જિનિયરિંગનો રૂ. ૫૮૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ ફેબ્રુઆરીના રોજ બંધ થશે. શેરની ફાળવણી બીજી માર્ચ અને બીએસઇ તથા એનએસઇ પર લિસ્ટિંગ પાંચ માર્ચ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૧૬થી રૂ. ૨૨૭ પ્રતિ શેર પર સેટ છે. અરજી માટે લોટ સાઇઝ ૬૬ શેરની છે.

સ્ટ્રાઇડર્સ ઇમ્પેક્સનો રૂ. ૩૬.૨૯ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ રૂ. ૩૨.૬૨ કરોડના ૦.૪૫ કરોડ શેરના ફ્રેશ ઇશ્યૂ અને રૂ. ૩.૬૬ કરોડના ૦.૦૫ કરોડ શેરની એએફએસનું મિશ્રણ છે. આઇપીઓ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને બીજી માર્ચના રોજ બંધ થશે. શેરની ફાળવણી ચાર માર્ચ અને લિસ્ટિંગ તારીખ છ માર્ચ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૧થી રૂ. ૭૨ પ્રતિ શેર પર સેટ છે. અરજી માટે લોટ સાઇઝ ૧,૬૦૦ છે.

એક્સચેન્જના ફાઇલિંગમાં અનુહ ફાર્મા લિમિટેડે જણાવ્યું છે કે, તે પ્રોડક્ટ પોર્ટફોલિયો અને બજારમાં હાજરીને મજબૂત બનાવવા શિસ્તબદ્ધ મૂડીખર્ચ સાથે પસંદગીયુક્ત અનઓર્ગેનિક તકોને અનુસરશે. એપીઆઇનું ભવિષ્ય નવીનતા અને જટિલ કેમિકલ પ્રોડક્ટ્સના વિકાસમાં છે, જેમાં જીવનશૈલી



સાથે સંબંધિત દવાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, એમ જણવાતાં કંપનીએ વાર્ષિક ૧૬ ટકાના સ્થિર વૃદ્ધિ દરનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. ભારતની અગ્રણી એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને બાંધકામ (ઇપીસી) કંપનીઓમાંની એક, એસઇપીસી લિમિટેડની એકીકૃત ઓર્ડર બુક ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રૂ. ૧૦,૪૫૫ કરોડ સુધી પહોંચી હોવાનું કંપનીએ જાહેર કર્યું છે. સ્ટેન્ડઅલોન ધોરણે, ઓર્ડર બુક રૂ. ૭,૨૫૫ કરોડની સપાટીએ છે, જે ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ નોંધાયેલા રૂ. ૪,૫૦૧ કરોડના આંકડા સામે અનેક ગણો વધારો દર્શાવે છે. ઓફ હાઇવે ટાયર સેગમેન્ટમાં વૈશ્વિક અગ્રણી બાલકૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે તેના ઓન હાઇવે પોર્ટફોલિયોના લોન્ચ સાથે ભારતના ગ્રાહક ટાયર બજારમાં ટુ-વ્હીલર્સ અને મધ્યમ તથા ભારે કમર્શિઅલ વ્હીકલ્સ માટેના ટાયર સાથે પ્રવેશ કર્યો છે. કંપનીએ બ્રાન્ડ એમ્બેસેડર રણવીર સિંહ સાથે તેનું રાષ્ટ્રીય બ્રાન્ડ અભિયાન, એલિવેટ યોર ડ્રાઇવ શરૂ કર્યું છે. નિફટીમાં, એચસીએલ ટેક્નોલોજીસ, ઇટર્નલ અને ઇન્ફોસિસ જેવા શેરોમાં ચાર ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને એશિયન પેઇન્ટ્સ ૦.૫ ટકા સુધી વધ્યા હતા. એનએસઇ પરના તમામ ક્ષેત્રીય સૂચકાંકો રેડ ઝોનમાં ઘુસી ગયા હતા, જેમાં આઇટી, રિયલ્ટી અને ઓટો શેરો મોખરે હતા.

એઆઇના વિક્ષેપ અંગે નવી વૈશ્વિક ચિંતાઓ ફરી ઉભરી આવ્યા પછી આઇટી શેરોમાં વેચવાલી બેન્ચમાર્ક પર ભારે પડી હતી. એન્થ્રોપિકના એવા દાવાઓ પછી દબાણ આવ્યું કે તેના ક્લાઉડ કોડ ટૂલ્સ લેગસી સોફ્ટવેર સિસ્ટમ્સનું આધુનિકીકરણ તેની કિંમત અને જટિલતાને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ પાંચ ટકાથી વધુ ઘટ્યો હતો.

એશિયન બજારો મોટાભાગે શાંત રહ્યા હતા, જ્યારે યુએસ ઇક્વિટી બજાર રાતોરાત લગભગ બે ટકા ઘટ્યા હતા. સુપ્રીમ કોર્ટે કટોકટી ટેરિફને રદ કર્યા પછી, વેપાર સોદાઓને છોડી દેવા તૈયાર થનારા દેશોને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અન્ય વેપાર કાયદાઓ હેઠળ વધુ ઊંચી જકાત લાદવાની ચેતવણી આપતી ટિપ્પણીઓ બાદ ઇક્વિટી માર્કેટમાં ગભરાટ પેઠો હતો. ડોનલ્ડ ટ્રમ્પના સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધન અને સંદેશ પર વૈશ્વિક બજારોનું ધ્યાન કેન્દ્રીત છે. યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી ટેરિફ ફેરફારોને ધ્યાનમાં રાખીને ઇયુ દ્વારા યુએસ સાથેના સોદાને સ્થગિત કરવામાં આવ્યો છે અને સોદાઓથી પીછેહઠ કરતા દેશોને ટ્રમ્પની ચેતવણીઓ સૂચવે છે કે ટેરિફ વિકાસ અર્થતંત્ર અને બજારો પર ભારે પડી શકે છે, એમ જીઓજિતના રિસર્ચ હેડ વિજયકુમારે જણાવ્યું હતું.

મંગળવારે નિફ્ટી ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ્સની વીકલી એક્પસાઇરી હોવાથી પણ બજારમાં અફડાતફડી વધી હતી. એક્સપાઇરીના દિવસોમાં, ટ્રેડર્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સ સેગમેન્ટમાં પોઝિશન્સ સ્કવેર ઓફ કરે છે અથવા રોલઓવર કરે છે, જેના કારણે ઇન્ટ્રાડેમાં તીવ્ર વધઘટ થાય છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, એક ટકા વધીને ૭૨.૧૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ક્રૂડના ઊંચા ભાવ ભારત માટે ચિંતાનો વિષય છે કારણ કે તે વેપાર ખાધ અને ઇંધણ ફુગાવાના દબાણને વધારી શકે છે, જે રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરે છે.

# ડૉલર સામે રૂપિયો છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને અમેરિકા અને ભારત વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતાઓ સપાટી પર રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના બંધ સામે છ પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૪૮૩.૭૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૮૯ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૯૦.૯૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૯૭ અને ઉપરમાં ૯૦.૯૧ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે છ પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો નોંધાયો હતો. અમેરિકી સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો હોવા છતાં અમેરિકા સાથેની ટ્રેડ ડીલનો અમલ ન કરનાર દેશો સામે ઊંચી ટૅરિફ લાદવામાં આવશે એવી ધમકી ટ્રમ્પે આપી હોવાથી આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં વધારો, ડૉલરમાં મક્કમ વલણ અને ઈક્વિટી માર્કેટમાં કડાકા બોલાઈ જતાં આજે ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ડૉલરમાં વેચવાલી કરી હોવાથી રૂપિયામાં મોટો કડાકો અટક્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે હાલની સ્થિતિ જોતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૦.૭૫થી ૯૧.૨૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા વધીને ૯૭.૮૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૨૭ ટકા વધીને બેરલદીઠ ૭૧.૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૬૮.૭૪ પૉઈન્ટનો અને ૨૮૮.૩૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હતો.

### ડૉલરમાં મજબૂતાઈ અને નફારૂપી વેચવાલીએ વૈશ્વિક સોના-ચાંદીમાં પીછેહઠ

# સ્થાનિકમાં ચાંદી ₹ ૧૧૬૩ તૂટી, સોનામાં ₹ ૧૦૨૧ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૧.૨ ટકાના ઘટાડા સાથે ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએથી અને ચાંદીના ભાવ ૦.૨ ટકા ઘટીને બે સપ્તાહની ઊંચી સપાટીએથી પાછાં ફર્યાં હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજાર પાછળ ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૬૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોનામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૧૭થી ૧૦૨૧ વધી આવતાં બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યાં હતા.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૬૩ના ઘટાડા સાથે રૂ. ૨,૬૨,૯૧૨ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૧૭ વધીને રૂ. ૧,૫૮,૬૦૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૨૧ વધીને રૂ. ૧,૫૯,૨૪૧ની સપાટીએ રહ્યા હતા. જોકે, સોનામાં સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી, પરંતુ રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે સતત ચાર સત્ર પશ્ચાત્ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતા હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨ ટકા ઘટીને ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએથી પાછાં ફરીને ઔંસદીઠ ૫૧૭૦.૮૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૫૧૯૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તે જ પ્રમાણે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએથી પાછાં ફરીને ઔંસદીઠ ૮૮.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે સોનામાં ઔંસદીઠ ૫૨૪૯ ડૉલરની ઊંચી સપાટીએથી નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું માર્કેટ પ્લસના વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવતાં ઉમેર્યું હતું કે આ સિવાય ટ્રમ્પ દ્વારા જાહેર કરેલા ટૅરિફના દરને કારણે ટૂંકા સમયગાળા માટે સ્પષ્ટતા થઈ જતાં સલામતી માટેની માગમાં પણ ઘટાડો થયો હતો.

નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારના સુપ્રીમ કોર્ટના ચુકાદા પશ્ચાત્ ટ્રમ્પે શનિવારે ૧૫ ટકા એકસમાન ટૅરિફની જાહેરાત કરી હતી. તેમ જ ગઈકાલે તાજેતરમાં થયેલી ટ્રેડ ડીલમાં પીછેહઠ કરનાર દેશો સામે વિવિધ કાયદા હેઠળ ઊંચી ટૅરિફ લાદવામાં આવશે એવી ચેતવણી પણ ઉચ્ચારી હતી. વધુમાં હવે રોકાણકારોની નજર આગામી ગુરુવારે જિનિવા ખાતે યોજાનારા અમેરિકા-ઈરાન વચ્ચે ન્યૂક્લિયર અંગેની વાટાઘાટોના ત્રીજા રાઉન્ડ પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આગામી દિવસોમાં જો ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધે તો સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૨૧૦થી ૫૨૪૯ ડૉલર સુધી વધે તેવી શક્યતા નકારી ન શકાય, એમ વાવદાએ ઉમેર્યું હતું.

# ટૅરિફના નીચા દર વચ્ચે ચીનની માગ ખૂલતાં વિશ્વ બજાર પાછળ ટીન, નિકલ અને કોપર વાયરબારમાં ચમકારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી સુપ્રીમ કોર્ટે ગત શુક્રવારે ટ્રમ્પ ટૅરિફને ગેરકાયદે ઠેરવ્યા બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તમામ દેશોથી થતી આયાત સામે એકસમાન ૧૫ ટકા ટૅરિફની જાહેરાત કરી હતી. તેમ જ આજે ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે નવાં લ્યૂનાર નવાં વર્ષની રજાઓ પણ પૂરી થતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની બેઝ મેટલ્સમાં ચીનના કામકાજો વધતાં ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮૭, રૂ. ૧૭ અને રૂ. ૧૩નો ચમકારો આવ્યો હતો. આ સિવાય કોપર આર્મિચર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ત્રણનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલી રહેતાં કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. પાંચનો અને બ્રાસ શીટ કટિંગ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે ચીનની લેવાલીને ટેકે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૨.૩ ટકા વધીને ટનદીઠ ૧૩,૨૦૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓના ભાવમાં પણ સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિકમાં ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં ચમકારો આવ્યો હતો, જેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૮૭ની તેજી સાથે રૂ. ૪૬૦૦ના મથાળે, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૬૧૫ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૨૬૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૧૬ અને કોપર આર્મિચર તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૧૮૦ અને રૂ. ૨૪૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૮૩ અને રૂ. ૧૦૮૩ના મથાળે અને નિરસ માગે બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ.એકના ઘટાડા સાથે રૂ. ૮૩૪ના મથાળે રહ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

# મથકો પાછળ ખાંડમાં જળવાતી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૯૦થી ૩૭૩૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ, સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. છથી આઠનો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો. બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠ અને ઉપલા મથાળેથી રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૮૫૨થી ૩૯૦૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૯૩૨થી ૪૦૧૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૯૨૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ, સરસવમાં મથકો પાછળ નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૭ સેન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૯ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં ખાસ કરીને આયાતી તેલમાં ભાવ ટકેલાં રહ્યાં હતાં, જ્યારે દેશી તેલમાં એકમાત્ર સરસવમાં મથકો પાછળ ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૪૨૦ના મથાળે રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સન રિફાઈન્ડના માર્ચ ડિલિવરી શરતે રૂ.૧૬૩૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૨૯૫ અને રૂ. ૧૫૮૫ તથા સોયા રિફાઈન્ડના માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૩૬૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૬ અને ગોકુલ એગ્રોના માર્ચ ડિલિવરી શરતે આરબીડી પામોલિના રૂ. ૧૩૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૫૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૮૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે મગફળીની કોઈ આવકો નહોતી પરંતુ ગઈકાલની શેષ ૧૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૩૦માં થયા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૮૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦૦૦થી ૫૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૨૭૫થી ૫૩૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૫૯૦, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સરસવના રૂ. ૧૪૨૦ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મુંદરામાંથી ઝડપાયેલી નવ કરોડની પ્રતિબંધિત સાયકોટ્રોપિક દવાના પ્રકરણમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ રેકેટનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાના મુંદરા બંદરેથી તાજેતરમાં પકડવામાં આવેલી પ્રતિબંધિત દવાના પ્રકરણમાં મોટાં ઇન્ટરનેશનલ ડ્રગ ટ્રાફિકિંગ રેકેટનો ઘટસ્ફોટ થતા ચકચાર પ્રસરી જવા પામી હતી. યુનાઇટેડ કિંગડમ (યુ.કે) સાથે લિંક ધરાવતા આ રેકેટમાં મુંદરા અદાણી પોર્ટના સીબર્ડ સીએફએસ (કન્ટેનર ફ્રેઇટ સ્ટેશન) ખાતેથી કસ્ટમ્સની સ્ટેટ ઇન્ટેલિજન્સ બ્યુરોની વિંગ અને દિલ્હીની ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને અંદાજે ૯ કરોડ રૂપિયાની કિંમતની ૧૮ લાખથી વધુ સાયકોટ્રોપિક ગોળીઓ જપ્ત કરી હતી. દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે ગત વર્ષે ઓક્ટોબરમાં ૫૪,૦૦૦ જેટલી પ્રતિબંધિત ટ્રામાડોલ ગોળીઓ સાથે પકડેલા મોહમ્મદ આબિદ નામના શખ્સની રિમાન્ડ દરમ્યાન પૂછપરછમાં ખુલાસો થયો હતો કે, નિકાસકાર વિષ્ણુ દત્ત શર્માએ ઘરગથ્થુ સામાનની આડમાં કચ્છના મુંદરા અદાણી બંદર પરથી એક કન્ટેનરમાં ટ્રામાડોલ સહિતની પ્રતિબંધિત દવાઓના ૩૨થી ૩૩ જેટલા બોક્સ યુક્તિપૂર્વક છુપાવીને મુંદરા કસ્ટમ્સના નાક નીચેથી યુનાઇટેડ કિંગડમ મોકલ્યું હતું.

આ બાતમી મળતા જ હરકતમાં આવી ગયેલી ક્રાઈમ બ્રાન્ચે સ્થાનિક કસ્ટમ્સ અધિકારીઓ સાથે સંકલન સાધ્યું હતું અને આ શિપમેન્ટ યુનાઇટેડ કિંગ્ડમમાં ડિલિવર થાય તે પહેલા જ તેને ભારત પરત બોલાવી લેવામાં આવ્યું હતું. આ કન્ટેનર મુંદરા બંદરના અત્યંત વ્યસ્ત ટી-૩ ટર્મિનલ પર પહોંચતા જ તેને સીબર્ડ સીએફએસ ખાતે ખસેડાયું હતું. જ્યાં ગત ૧૬મી ફેબ્રુઆરીના રોજ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર, ફોરેન્સિક સાયન્સના નિષ્ણાતો અને કસ્ટમ્સ એસઆઇટીની હાજરીમાં વેરહાઉસ પર દરોડો પાડી આ જંગી જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.

આ કન્ટેનરમાંથી ૪૫૩ કિલોગ્રામની કુલ ૧૫,૭૫,૮૦૦ અલ્ટ્રાઝોલમ ગોળીઓ, કુલ ૧,૩૫,૬૦૦ જેટલી ૩૬ કિલોગ્રામ ટ્રામાડોલ (અફીણમાંથી બનતી ગોળીઓ), ૩૦,૦૦૦ નંગ જેટલી ૧૧.૩૪૦ કિલો વજનની ઝોલ્પીડેમ ગોળીઓ, ૫૨,૦૦૦ નાઈટ્રાઝેપામ ગોળીઓ સાથે દિલ્હીની જપ્તી સહિત કુલ ૫૨૮,૪૦૨ કિલોગ્રામ વજન ધરાવતી ૧૮,૪૭,૪૦૦ પ્રતિબંધિત નશીલી ગોળીઓ મળી આવી હતી. અલબત્ત, મુંદરા કસ્ટમ વિભાગે હજુ સુધી આ મુદ્દે કોઈ સત્તાવાર યાદી બહાર પાડી નથી, પરંતુ દિલ્હી પોલીસના અહેવાલ મુજબ આ એક આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ છે જેની કડીઓ હજુ વધુ ઊંડાણપૂર્વક તપાસવામાં આવી રહી છે.

દરમ્યાન, આ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓમાં મોહમ્મદ આબિદ સ્થાનિક વિતરણ સંભાળતો હતો. જાવેદ ખાન કસ્ટમ્સ હાઉસ એજન્ટ તરીકે દસ્તાવેજીકરણ અને ક્લિયરન્સ પ્રક્રિયામાં મદદ કરતો હતો, સુનિલ કુમાર વેરહાઉસ અને ટ્રાન્સપોર્ટની સુવિધા પૂરી પાડતો હતો, જયારે માસ્ટર ગ્રેજ્યુએટ એવો વિષ્ણુ દત્ત શર્મા વર્ષોથી આયાત-નિકાસના વ્યવસાયમાં હોવાથી કાયદેસરના માલની આડમાં ગેરકાયદે ડ્રગ્સ છુપાવવામાં માહિર હતો. આ ઉપરાંત વિકાસ સિંહ કુરિયર સર્વિસ દ્વારા નેટવર્કનું સંકલન કરતો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અફીણમાંથી બનાવાતી ટ્રામાડોલ ટેબ્લેટનું વર્ગીકરણ ઓપીઓઈડ ડ્રગ્ઝ તરીકે કરાયેલું છે. સામાન્ય રીતે આ દવા કામચલાઉ ધોરણે અસહ્ય પીડામાંથી છુટકારો આપવા માટે ઉપયોગમાં લેવાય છે. આ દવા મગજની સેન્ટ્રલ નર્વ્ઝ સિસ્ટમ પર સીધી અસર કરે છે. ટ્રામાડોલની દવા લેવાથી કલાકો સુધી ઊંઘ આવતી નથી તેથી મધ્ય પૂર્વના ખતરનાક આતંકી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલા ટ્રેઈન્ડ આતંકીઓ આ 'ફાઇટર ડ્રગ્સ'નો વ્યાપક ઉપયોગ કરે છે. આફ્રિકાના નાઈજીરીયા, ઘાના વગેરે જેવા ગરીબ દેશોમાં સિન્થેટીક (રસાયણોના સંયોજનોથી બનાવેલી કૃત્રિમ દવા) ટ્રામાડોલની ખૂબ ઊંચી માગ છે.

માદક દ્રવ્યોની હેરાફેરી, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મૂકતાં નાર્કોટિક્સ ડ્રગ્ઝ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એક્ટ ૧૯૮૫ અંતર્ગત એપ્રિલ ૨૦૧૮થી આ દવાની ભારતમાં આયાત અને નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયેલો છે. ■

# કચ્છમાં વરસામેડીની વેલસ્પન સોસાયટીનાં પાંચ મકાનમાંથી ૩,૨૪,૮૦૦ રૂપિયાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અંજાર તાલુકાના વરસામેડી ગામના પાદરે આવેલી વેલસ્પન કંપનીની વેલહોમ કોલોનીમાં સ્થિત પાંચ જેટલા મકાનોમાં ત્રાટકેલા તસ્કરોએ રૂ.૩,૨૪,૮૦૦ની મતાની ચોરી કરતાં રહેવાસીઓ ફફડી ઊઠ્યા હતા. વરસામેડી સ્થિત વેલહોમ સ્ટાફ કોલોનીમાં ગત તા. ૨૦-૨થી ૨૧-૨ની રાત્રિ દરમ્યાન તસ્કરો ત્રાટક્યા હતા. અહીં બ્લોક નંબર એ, રૂમ નંબર ૧૧૪માં રહેતા ફરિયાદી એવા વેલસ્પન કપંની ડબલ્યૂ.એલ.એલ. પ્લાન્ટફમાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતા રાજેશ ક્રિષ્ણા ગોપાલ બિશ્નોઇ તેમના પરિવાર સાથે ગત તા. ૧૩-૨ના રોજ દિલ્હી ગયા હતા. પરત આવી રહ્યા હતા અને જયપુર પહોંચ્યા હતા ત્યારે સિક્યુરિટી ગાર્ડે તેમને ફોન કરી ઘરના તાળાં તૂટેલાં હોવાની જાણ કરી હતી.

પરિવાર પરત આવ્યો ત્યારે તેમના ઘર ઉપરાંત આસપાસના અન્ય ચાર મકાનોમાં પણ ચોરી થઇ હોવાનું બહાર આવ્યું હતું. ફરિયાદીનાં મકાનમાંથી રોકડા રૂ. ૧૦,૦૦૦, સોનાંની ચેઇન નંગ-૨, લૉકેટ નંગ-૧, એરિંગ નંગ-૧૨, સોનાંનું મંગળસૂત્ર, વીંટી નંગ-૧, બંગડી નંગ-૨, નથડી, ચાંદીની માછલી વીંટી નંગ-પાંચ, સિક્કા નંગ-૧, વીંટી એક એમ રૂ. ૧,૬૬,૦૦૦ની મતા ચોરી જવાઈ હતી, જ્યારે ફ્લેટ નંબર ૧૧૧-'સી'માં રહેતા ઉત્પલભાઇ ત્રિવેદીનાં ઘરમાંથી રોકડા રૂ. ૭૦૦૦, સોનાની દસ એરિંગ, પેંડલ નંગ-૧, ચાંદીના ૧૧ સિક્કા, બ્રિટિશ સિક્કા નંગ-૬, ગ્લાસ નંગ-૧, દીવો, એરિંગ નંગ-૬, બ્રેસ્લેટ નંગ-બે, યુ.એસ. મેડ ઘડિયાળ એમ રૂ. ૨૩,૦૦૦ તફડાવી જવામાં આવ્યા હતા, જ્યારે રાહુલ કીડેચાના ફ્લેટ નં.૨૧૪-'સી'માંથી રોકડા રૂ. ૩૦,૦૦૦, ફ્લેટ નંબર ૨૦૫-'એ'માં રામપ્રતાપનાં મકાનમાંથી કાર નંબર જી.જે. ૧૨-સી.ડી. ૧૬૭૭ની રિમોટ ચાવી તેમ જ ૩૧૨-ડીમાં પરાગ લક્ષ્મણભાઇનાં ઘરમાં પણ ચોરી થઇ હતી, પરંતુ તેઓ અમેરિકા ગયા હોવાથી તેમનાં ઘરમાંથી કેટલી મતા ચોરાઇ તે બહાર આવ્યું નહોતું. સિક્યુરિટી ગાર્ડ, હાઈ ડેફિનેશન સીસીટીવી કૅમેરાથી લેસ આ સોસાયટીમાં આવેલા પાંચ મકાનમાંથી રૂ. ૩,૨૪,૮૦૦ની મતાની ચોરી થતાં ભારે સમગ્ર પંથકમાં ચકચાર પ્રસરી હતી. પોલીસે બનાવ અંગે અજ્ઞાત તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■




ગુજરાતમાં વધી રહેલા દારૂ અને ડ્રગ્સના દૂષણને રોકવામાં નિષ્ફળ રહેલી ભાજપ સરકાર સામે રાજકોટમાં કૉંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈના કાર્યકર્તાઓએ અર્ધનગ્ન અવસ્થામાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જો કે પોલીસે આ કાર્યકર્તાઓની તાત્કાલિક અટકાયત કરી હતી... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ગાંધીધામમાં ખાનગી કંપનીના ગોદામમાંથી ₹ ૧૫ લાખના કેબલ ચોરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં થઇ રહેલા ઔદ્યોગિક વિકાસ વચ્ચે મોંઘેરા કેબલ ઉઠાવી જતી ટોળકીનો ત્રાસ સતત વધી રહ્યો છે તેવામાં ગાંધીધામ ખાતે કાર્યરત એક ખાનગી કંપનીના ગોદામમાંથી રૂ.૧૫ લાખથી વધુની કિંમતના કેબલની તસ્કરી તેમ જ આ શહેરના ભારત નગર વિસ્તારમાં ભારતીય સંચાર નિગમ લિમિટેડ દ્વારા બિછાવાયેલા ૬૦ મીટર જેટલા વર્ષો જૂના કેબલની ઉઠાંતરી થઈ હોવાનો બનવા પોલીસ ચોપડે નોંધાયો હતો. મળતી વિગતો મુજબ, કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન નજીકના ગોકુલ ઓવરસીઝના ગોદામમાં તસ્કરીનો બનાવ ગત ઓગષ્ટથી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળામાં બન્યો હતો, જેમાં પ્રાઝ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આ ગોદામને ભાડે રાખીને તેમાં કેબલનો જથ્થો રાખ્યો હતો. કંપની દ્વારા ગોદામમાં રાખેલા કેબલનો સ્ટોક તપાસતા ૮,૫૬૬ ફૂટ જેટલો કેબલ ઓછો જણાયો હતો અને સ્ટોક રજિસ્ટર મુજબ તેનો ઉપયોગ પણ થયો ન હોવાનું ઇન્સ્પેક્શન દરમ્યાન જાણવા મળ્યું હતું. આ ઘટના સંદર્ભે ગાંધીધામ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભચાઉના વોંધ પાસે સોયાબીનની આડમાં ટ્રકમાં છુપાવેલો ૧.૦૮ કરોડનો શરાબ સ્ટેટ મોનીટરીંગ સેલે ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં બુટલેગરોની કમર તોડવા માટે એસ.એમ.સી.એ કાર્યવાહી શરૂ કરી છે. તેના ભાગરૂપે ભચાઉના વોંધ નજીકથી રૂ.૧,૦૧,૦૮,૮૦૦ની કિંમતનો અંગ્રેજી શરાબનો જથ્થો ઝડપી પાડતા સ્થાનિક પોલીસ તંત્રમાં સોંપો પડી ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના વોંધ ગામ નજીક મીઠાના અગરો બાજુથી પસાર થતી શંકાસ્પદ ટ્રકનો રાજ્ય સ્તરની એસ.એમ.સી.ની ટુકડીએ પીછો કર્યો હતો અને ગારામાં ખૂંપેલા ટ્રકને ક્રેન વડે બહાર કાઢી, ભચાઉ પોલીસ મથકે લઇ જઇ તેમાંથી સોયાબીનની થેલીઓની આડમાં છુપાવાયેલી રૂ.૧,૦૧,૦૮,૮૦૦ની રોયલ સ્ટેગની ૨૯૭૬,રોયલ ચેલેન્જની ૧૦૦૮ તથા ઓલ સિઝનની ૩૦૯૬ બોટલ જપ્ત કરાઇ હતી. બુટલેગરોએ ટ્રક આગળ સ્ટીકર ચોટાડ્યું હતું. વાહનના ચેસીસ નંબરના આધારે તપાસ કરાતાં તેના સાચા નંબર અલગ જ હોવાનું બહાર આવ્યું હતું.

આ કામગીરીમાં સાત આરોપીઓની સંડોવણી પ્રાથમિક રીતે બહાર આવી હતી જેમાં માલ મગાવનાર તરીકે ભચાઉના અશોકસિંહ ઉર્ફે મામા બાલુભા જાડેજા, અર્જુનસિંહ અશોકસિંહ જાડેજા, લેવા આવનાર તરીકે ભચાઉનો ભગીરથસિંહ દુર્ગાસિંહ જાડેજા શિવમસિંહ જાડેજાનું નામ બહાર આવ્યું હતું જ્યારે કન્ટેઇનર ટ્રકનો માલિક, લઇ આવનાર ટ્રકચાલક, દારૂ મોકલનારનું નામ બહાર આવ્યું નહોતું. એસ.એમ.સી.ની આ કાર્યવાહી દરમ્યાન એક પણ આરોપી પકડાયા નથી. અગાઉ પણ વરસાણા ખાતેના દરોડામાં પણ હજુ સુધી કાંઇ બહાર આવ્યું નથી ત્યારે આવી સફળ કાર્યવાહીના આરોપીઓ ક્યારે પકડાશે તેના પર સૌની મીટ મંડાઈ છે. દરમ્યાન, અશોકસિંહ સામે અગાઉ આઠ, ભગીરથસિંહ સામે ત્રણ અને ધર્મેન્દ્રસિંહ ઉર્ફે શિવમસિંહ સામે અગાઉ દારૂ સંબંધી ચાર ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં વીતેલા પખવાડિયા દરમ્યાન સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને ત્રાટકેલી રાજ્ય સ્તરની સ્ટેટ મોનિટરિંગ સેલે ૧૫ કરોડનો દારૂ પકડી પાડીને સ્થાનિક પોલીસની બેદરકારીને છતી કરી દીધી છે. ■

# પી.એમ.શ્રી શાળાઓ શિક્ષણમાં ક્રાંતિ લાવશે : રાજ્ય સરકાર દ્વારા કચ્છમાં વધુ ૧૮ નવી શાળા મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કેન્દ્ર સરકારની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંતર્ગત, શિક્ષણની ગુણવત્તાની સુધારણા અને વ્યાવસાયિક શિક્ષણ અને એ.આઈ. આધારિત ટૅક્નોલૉજી યુક્ત શિક્ષણ મળી રહે તે માટે કચ્છમાં કાર્યરત હાલ ૧૬ જેટલી શાળાને કેન્દ્ર સરકારના પ્રયાસોથી પી.એમ.શ્રી શાળાઓ તરીકે શરૂ કરવામાં આવી છે, જેમાં રાજ્ય સરકાર દ્વારા વધુ ૧૮ નવી શાળા બનાવવાની મંજૂરી મળી છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અંતર્ગત શિક્ષણની ગુણવત્તા સુધારણા અને માળખાગત સુવિધા સઘન કરવા વ્યાવસાયિક શિક્ષણ અને ટૅક્નોલૉજીયુક્ત શિક્ષણ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા કચ્છમાં સ્થિત ૧૬ જેટલી શાળાને પીએમશ્રી યોજના હેઠળ સંપૂર્ણ સુવિધાયુક્ત બનાવવામાં આવી છે તથા હજુ પણ માળખાંગત અને શૈક્ષણિક ગુણવત્તા સુધારણા પર વિશેષ કાળજી રાખી વધુ વિકસાવવામાં આવી રહી છે, તેવામાં રાજ્ય સરકાર દ્વારા વધુ ૧૮ પીએમશ્રી શાળાની મંજૂરી અપાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારનાં માર્ગદર્શન હેઠળ પ્રાથમિક શિક્ષણાધિકારી પૃથ્વીરાજાસિંહ ઝાલા, ટીપીઈઓ, બી. આર.સી./સી. આર. સી. દ્વારા સમયાંતરે પી.એમ.શ્રી શાળાઓની સમીક્ષા હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત કામગીરી સમીક્ષા અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારી પરમાર દ્વારા ગાંધીધામની જૂની સુંદરપૂરી, અંજાર તાલુકાની મીંદિયાળા તથા ભુજ તાલુકાની કુકમા પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાની માળખાકીય સુવિધાઓ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, મેદાન ઇત્તર સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનો કર્યાં હતાં. શાળાને મળતી નાણાકીય ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય તેની તકેદારી રાખવા પર પ્રાથમિક શિક્ષણાધિકારી ઝાલાએ ભાર મૂક્યો હતો.

પીએમશ્રી સ્કૂલોને મૉડેલ સ્કૂલ બનાવી અન્ય સ્કૂલો પ્રેરણા લે તે માટે રાજ્ય સરકાર તરફથી વધુ ૧૮ સ્કૂલ જિલ્લાને નવી મળી છે, જે આવતાં સત્રથી જિલ્લામાં કાર્યરત થઈ જશે, તેમ જિલ્લા શિક્ષણાધિકારીએ ઉમેર્યું હતું. ■

# ભાવનગરના પાલિતાણામાં ₹ ૨૨.૮૮ લાખની ઘરફોડ ચોરી કરનાર શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં એલસીબી પોલીસ અને પાલીતાણા રૂરલ પોલીસ બન્ને સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે મળેલી બાતમીના આધારે ઘરફોડ ચોરીના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસને મળેલી બાતમીના પગલે રોડ ઉપર ઊભેલા જાળીયા ગામના શખ્સને મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર એલસીબી પોલીસ અને પાલીતાણા રૂરલ પોલીસ પાલીતાણા તાલુકામાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે પાલીતાણા તાલુકાના જાળીયા (અમરાજી) હસ્તગીરીથી પાલીતાણા તરફ જવાના રોડ ઉપર હિંમતભાઈ ચૌહાણ નામના શખ્સની વાડીએ જવાના રસ્તે એક શખ્સ લાલ કલરનો શર્ટ અને જીન્સ પેન્ટ પહેરીને ઊભો છે જેની પાસે ચોરીનો મુદ્દામાલ છે અને તે તેને વેચવા માટે પ્રયત્ન કરી રહ્યો છે. જેથી પોલીસ સ્થળ ઉપર જઈને બાતમીના આધારે તપાસ કરતા ચોરીનો મુદ્દામાલ સાથે શખ્સ ઝડપાયો હતો.

પોલીસે બાતમી વાળા શખ્સ વિપુલ ઉર્ફે ભૂરો હિંમતભાઈ ચૌહાણ જાળીયા ગામના રહેવાસીને રોડ ઉપરથી ઝડપી લીધા બાદ તેની પૂછતાછ કરતા તેની પાસે રહેલા મુદ્દામાલને લઈને તેને જણાવ્યું હતું કે આ રોકડ રૂપિયા તથા સોનાના દાગીના તેણે કલ્પેશભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલાના ઘરેથી બપોરના સમયે લોક તોડીને ચોરી કર્યા હતા. જોકે, સોના દાગીનાની બાદમાં પોલીસે સોની પાસે ખરાઇ પણ કરાવી હતી ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે શખ્સ પાસેથી ચોરીનો ૧૨ લાખ ૮૮ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભાવનગર એલસીબી પોલીસ અને પાલીતાણા રૂરલ પોલીસે વિપુલ ઉર્ફે ભૂરો હિંમતભાઈ ચૌહાણ જાળીયા ગામના રહેવાસી પાસેથી રોકડ ૧૧,૧૦,૫૦૦, સોનાનો હાર ૩૩.૪૬ મિલીગ્રામ ૧,૦૦,૦૦૦ કિંમતનો, કાનમાં પહેરવાની નાની બુટી ૨ નંગ ૬.૨૮ મિલીગ્રામ, કાનમાં પહેરવાની સોનાની મોટી બુટ્ટી નંગ ૨ (વજન ૧૨ ગ્રામ), વિવો કંપનીનો મોબાઇલ મળી કુલ ૧૨,૮૮,૦૦૦ ના મુદ્દામાલ પાલીતાણા કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરના દયાળ ગામે મેલડી માતાના મંદિરમાં ૬૦ જેટલાં ચાંદીના છતરની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના મહુવા તાલુકાના દયાળ ગામે વાવડીની વેણમાં દરિયા કિનારે આવેલ બારૈયા પરિવારના મેલડી માતાના મંદિરમાં તસ્કરોએ ચોરી કરી છે. આ મંદિરમાં કોઈ અજાણ્યા ઈસમોએ મંદિરનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ મંદિરમાં વર્ષો પહેલાં શ્રદ્ધાળુઓ દ્વારા ચડાવવામાં આવેલા અંદાજે રૂ. ૪૦ હજારની કિંમતના નાની-મોટી સાઈઝના ૬૦ જેટલાં ચાંદીના છતરની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.આ બનાવ અંગે મંદિરમાં સેવાપૂજા કરતા રાઘવભાઈ ભવાનભાઈ બારૈયા (રહે. કળસાર, તા. મહુવા) એ દાઠા પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો સામે વિધિવત ફરિયાદ નોંધાવી છે. જેની ગંભીરતા નોંધીને દાઠા પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે આગળની તપાસ હાથ ધરી છે. ■

# સગીરાના અપહરણ-દુષ્કર્મ કેસમાં મોથાળાના યુવાનને ૨૦ વર્ષની સખ્ત કેદ-૩૩ હજારનો દંડ

ભુજ: અઢી વર્ષ અગાઉ એક સગીરા સાથે દુષ્કર્મ ગુજારવાના જે-તે સમયે ચકચારી બનેલા કેસમાં આરોપી એવા અબડાસા તાલુકાના મોથાળાના ૨૨ વર્ષીય કરશન ખમીસા કોળીને ૨૦ વર્ષની સખત કારાવાસની સજા ઉપરાંત ૩૩ હજારનો દંડ ફટકારતો ચુકાદો અહીંની સ્પેશિયલ પોક્સો કોર્ટે ફટકાર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, ગત તા. ૧૨-૭-૨૦૨૩ના રોજ નખત્રાણાના ફરિયાદીની ૧૬ વર્ષની સગીર પુત્રીને આરોપી કરશન ખમીસા કોલી (રહે. મોથાળા, તા. અબડાસા) લગ્નની લાલચ આપી, પ્રેમજાળમાં ફસાવીને મોટર સાઈકલ ઉપર અપહરણ કરીને મોસુરા ગામ બાજુ પોતાની બહેનની વાડીએ લઈ ગયો હતો અને સગીરાની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હોવા અંગેની નખત્રાણા પોલીસ મથકે પોક્સો, દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ તળે ગુનો દાખલ થયો હતો અને તપાસમાં આરોપી યુવાન સામે પૂરતા પુરાવા-આધારો હોવાથી અદાલતમાં ચાર્જશીટ દાખલ કરાઈ હતી. આ કેસ ભુજની નામદાર સ્પેશિયલ પોક્સો અદાલતમાં જજ જે.એ. ઠક્કર સમક્ષ ચાલી જતાં ફરિયાદ પક્ષે ૨૧ દસ્તાવેજી પુરાવા તથા ૧૮ સાક્ષી તપાસી આરોપી કરશન કોલીને વિવિધ કલમોમાં તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ તથા ૩૩ હજારનો દંડ ભોગ બનનારને વળતર તરીકે ચૂકવવા આદેશ કર્યો હતો.

# અંજારના સંઘડમાં રસોઈ બનાવતી વેળાએ દાઝી જનાર મહિલાનું સારવાર દરમ્યાન મોત

ભુજ: કચ્છના અંજાર તાલુકાના સંઘડ ગામ ખાતે ગંભીર રીતે દાઝી જનાર યુવાન દંપતી પૈકી જલ્પાબેન કિશન સંકેટિયા (ઉ.વ.૧૯)નું સારવાર દરમ્યાન મોત થતાં પંથકમાં ગમગીની પ્રસરી જવા પામી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, અંજારના સંઘડ નજીક જોગણીનાર પાસે હેતલ સોલ્ટ નામના મીઠાંનાં કારખાનામાં કામ કરી ત્યાં જ રહેતા પરિવાર સાથે આ દુર્ઘટના ગત તા.૧૫-૨ના રોજ બની હતી જેમાં મરણજનાર જલ્પાબેન ઘરે રસોઇ બનાવી રહ્યાં હતાં, તેવામાં અકસ્માતે દાઝવા લાગી હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને બચાવવા ગયેલો પતિ કિશન પણ દાઝી ગયો હતો. દંપતીને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં સારવારમાં રહેલી પરિણીતાએ છેલ્લા શ્વાસ લેતાં તેમનું દાંપત્ય જીવન ખંડિત થયું છે. ■

# ભાવનગરના નથુગઢ ગામે ટ્રકચાલક યુવાનની કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના ઘોઘા તાલુકાના નથુગઢ ગામે ટ્રકચાલક યુવાનની હત્યા થઈ હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના નથુગઢ ગામના ૩૭ વર્ષીય ટ્રક ડ્રાઈવર ઘુઘાભાઇ ઉર્ફે રાજુભાઇ વાલજીભાઈ ગઢાદરા પર ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૦ વાગ્યે મોરચંદ ગામની સીમમાં જીવલેણ હુમલો થયો હતો. ફરિયાદી જ્યારે પોતાનો છ વ્હીલ ટ્રક લઈને રેતી ભરવા લાખાણકા તરફ જઈ રહ્યા હતા, ત્યારે બે મોટરસાઈકલ પર આવેલા ચાર અજાણ્યા શખ્સોએ તેમને આંતરી રેતીના ભાવ બાબતે બોલાચાલી કરી હતી. ■

# જિગીષા પટેલ પર હુમલાથી આપ લાલઘૂમ, મહિલા નેતાએ કહ્યું- ભાજપનાં કુકર્મોની સજા આપીશું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગોંડલ શહેરમાં પાણી અને રસ્તાના પ્રશ્નો સંદર્ભે આપ નેતા જિગીષા પટેલ ભગવતપરા વિસ્તારની મુલાકાતે ગયાં હતાં. ત્યારે તેમની અને સ્થાનિક મહિલાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જિગીષા પટેલ પર સ્થાનિક મહિલાઓ તૂટી પડી હતી અને તેમની ગાડી પર પથ્થરમારો અને જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં જિગીષા પટેલને ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયાં હતાં. આ ઘટના બાદ આપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, જિગીષાબેન પટેલ તેમને મળેલા પ્રશ્નોને લઈ ગયાં હતાં ત્યાં તેમના પર હુમલો કરાયો. ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટરો મોટી મોટી ગ્રાંટ મળે છે છતાં કામ કરતા નથી. સ્થાનિકોને સુવિધા મળી નથી રહી. પ્રશ્નો હલ નથી થતાં પરંતુ જ્યારે કોઈ નેતાની ઇચ્છા હોય છે કે તેઓ સ્થાનિકોના પ્રશ્નો હલ કરે, આ માટે જ્યારે તેઓ જાય છે ત્યારે આવી રીતે આગળ કરીને ભારતીય જનતા પાર્ટી હુમલા કરાવે છે. હું વીડિયોના માધ્યમથી કહેવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીને લોકોના પૈસાનો માત્રને માત્ર દુરૂપયોગ કરવો છે. પણ આજે જિગીષા પટેલે સ્થાનિક પ્રશ્નો સોલ્વ કરવા માટે કોર્પોરેટરને ફોન કર્યો હતો, તેની જાણ માત્ર ત્યાંના કોર્પોરેટરને જ હતી કે બેન ત્યાં જઈ રહ્યાં છે અને અમુક લોકો દ્વારા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીઓ પર ૩૦૭ની ફરિયાદ થાય. લોકો આમ આદમી પાર્ટીને ખૂબ પ્રેમ આપે છે, આમ આદમી પાર્ટી કોઈ હુમલાથી ડરવાની નથી, કોઈ કેસોથી નથી ડરવાની, અમે જનતાના પ્રશ્નો માટે હરહંમેશાં ઊભા રહીશું, લડત આપીશું અને લોકોના વિશ્વાસથી જીતીશું પણ. ભારતીય જનતા પાર્ટીએ જે પણ કુકર્મો કર્યાં છે તેની સજા આપીશું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫માં જિગીષા પટેલ પાટીદાર આંદોલન સાથે જોડાયાં હતાં. તેઓ પાટીદાર આંદોલનમાં સતત સોશ્યિલ મીડિયા દ્વારા લડત ચલાવતા હતા. આંદોલન દરમિયાન તેઓ હાર્દિક પટેલ સાથે ઉપવાસ પર પણ બેઠાં હતાં. ત્યાર બાદ જિગીષા પટેલ ઓક્ટોબર ૨૦૨૫માં આમ આદમી પાર્ટીમાં જોડાયાં હતાં. પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે જિગીષા પટેલને ખેસ પહેરાવ્યો હતો. જિગીષા પટેલ સૌરાષ્ટ્રના પાટીદાર અગ્રણી છે. ■